CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૦
તા.૨૬-૦૪-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૩ સૂર્યાસ્ત : ૦૭:૦૪

તાપમાન
ડીસા ૪૧.૨ | વડોદરા ૪૦.૨
અમદાવાદ ૪૧.૧ | સુરત ૪૦.૨
ગાંધીનગર ૪૧.૫ | નલિયા ૩૪.૮

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

## સગીરા રેપ કેસ : આસારામને મદદ કરનાર શિલ્પી અને શરદને ૨૦-૨૦ વર્ષની સજા

# આસારામની આખી જીંદગી કારાવાસમાં વીતશે

## અપરાધ ખૂબ ઘૃણાસ્પદ છે જેથી મોત સુધી જેલમાં રહેવા નામદાર કોર્ટનો આદેશ : કોઈપણ રાહત આપવાનો ઈન્કાર

જોધપુર

ઉત્તરપ્રદેશની શાહજ દહાપુરની દલિત કિશોરી પર રેપના મામલે જોધપુરની ખાસ કોર્ટે આજે વિવાદાસ્પદ ગોડમેન આસારામ સહિત ત્રણ આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા અને તેમને કઠોર સજા ફટકારી હતી. એકબાજુ હાલ જેલની હવા ખાઈ રહેલા આસારામને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જ્યારે તેમને મદદ કરનાર બે સાથી શિલ્પી અને શરદચંદ્રને ૨૦-૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સ્પેશિયલ ટ્રાયલ કોર્ટ દ્વારા જાતે બની બેઠેલા ગોડમેન આસારામને આ કઠોર સજા ફટકારી હતી. જોધપુર સેન્ટ્રલ જેલમાંથી જ ચુકાદો અને સજા બંને જાહેર કરવામાં આવી હતી. આસારામના સમર્થકો તરફથી કોઈપણપ્રકારની તોડફોડ કરવામાં ન આવે અને કોઈ હિંસા ન ફેલાય તે હેતુસર જેલમાંથી ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે ઓગષ્ટ મહિનામાં ગુરમિત રામરહિમ કેસમાં ચુકાદો આવ્યા બાદ



વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. આ ઘટનાથી બોધપાઠ લઈને આસારામના મામલામાં જોધપુર સેન્ટ્રલ જેલમાં ખાસ કોર્ટ રાખવામાં આવી હતી. આ ખાસ કોર્ટમાં એસસી-એસટી કોર્ટના જ ખાસ જજ મધુસુદન શર્મા તરફથી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આસારામને કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈનકાર કરતા જજ મધુસુદન શર્માએ કહ્યું હતું કે આસારામનો અપરાધ ખુબજ ઘૃણાસ્પદ છે. તેમને મોત સુધી જેલમાં રહેવું પડશે. કોર્ટે આસારામને પોક્સો અને એસસી-એસટી એક્ટ સહિત ૧૪ કલમોમાં દોષિત જાહેર કર્યા હતા. આસારામના વકીલ તરફથી સજાને ઘટાડવા માટે જુદી જુદી દલીલો કરવામાં આવી હતી. જેમાં વય માટેનું કારણ પણ અપાયું હતું પરંતુ ખાસ જજ મધુસુદન શર્મા પર કોઈ અસર થઈ ન હતી. આસારામની વય હાલમાં ૭૮ વર્ષની આસપાસ છે. જ્યારે અપરાધ વખતે તેમની વય ૭૪ વર્ષની હતી.

### વિચાર વૈભવ...

**'મારી ફરિયાદ છે'**

'બોલો'

'નવ વાગે આવનાર ગાડી અગિયાર વાગ્યા છતાં આવી નથી. તમારી પાસે એનો શો જવાબ છે?'

'તમારે ચિંતા કરવાની જરૂર નથી.'

'એટલે?'

'તમારી પાસે ટિકિટ તો છે જ ને?'

'હા'

'એ ટિકિટ ૨૪ કલાક ચાલે તેવી છે. ગાડી ભલે ને ગમે ત્યારે આવે. તેમાં એમાં બેસી જ શકશો.'

*****

ટ્રેનની ટિકીટ આપણી પાસે હોય કે ન હોય, પ્લેનની ટિકીટ આપણાં ખીસામાં હોય કે ન હોય, બસની કે સિનેમાની ટિકિટ આપણી પાસે હોય કે ન હોય, એક ટિકિટ તો આપણી પાસે છે જ, જેનું નામ છે મોતની ટિકિટ.

ટ્રેનની ટિકીટ પ્લેટફોર્મ પર જ ચાલે છે, પ્લેટનની ટિકીટ એરપોર્ટ પર જ ચાલે છે, બસની ટિકિટ બસમાં જ અને સિનેમાની ટિકિટ થિયેટરમાં જ ચાલે છે પણ આપણી પાસે મોતની જે ટિકિટ છે. એ સંડાસમાં ય ચાલે છે અને બાથરૂમમાં ય ચાલે છે, દિવસે ય ચાલે છે અને રાતના પણ ચાલે છે, યુવાવસ્થામાં પણ ચાલે છે અને બુઢાપામાં પણ ચાલે છે. આ વાસ્તવિકતાનો આપણને ખ્યાલ ખરો?

શ્રીમદ્ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

### સાર સમાચાર...

**ધમકી, હુમલો અને મારામારીના કેસમાં પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરીનો નિર્દોષ છૂટકારો**



ડીસા

રાધનપુર ખાતે સને ૨૦૦૭ માં ફરસુભાઈ ગોકલાણી દ્વારા તત્કાલિન ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી સામે ધમકી, હુમલો અને માર મારવાનો કેસ નોંધાયેલ. જે કેસ રાધનપુર જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટે પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરી સહિત અન્ય પાંચ આરોપીઓ બાબુભાઈ ચૌધરી, નવિન મહેતા, સોમાભાઈ જોષી, જેસંગભાઈ રાજગોર અને વીરજીભાઈ ચૌધરીને નિર્દોષ જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે શંકરભાઈ ચૌધરી સહિત છ એ લોકોને નામદાર કોર્ટે નિર્દોષ છોડતાં રાધનપુર પંથકમાં આનંદની લાગણી છવાઈ છે. જ્યારે અવાર નવાર આવા ખોટા કેસો ઉભા કરીને પરેશાન કરનારા તત્વો સામે ફિટકારની લાગણી ઉભી થઈ છે.

# પાલનપુરમાં ધોળા દિવસે લૂંટના ઈરાદે વૃધ્ધાની હત્યાથી ચકચાર

## કૃષ્ણનગર સોસાયટીના બંગલામાં અજાણ્યા લૂંટારૂ ત્રાટકયા : જિલ્લા પોલીસવડા દ્વારા ચાર ટીમો બનાવી હત્યારાઓને શોધવાના ચક્રો ગતિમાન કરાયા

પાલનપુર

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિનું બયાન કરતી ઘટના ઘટી હતી. જેમાં શહેરના કૃષ્ણનગર સોસાયટીમાં ધોળા દહાડે લૂંટના ઈરાદે એક વૃદ્ધાની હત્યા થતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાને પગલે દોડી આવેલા જિલ્લા પોલીસવડાએ ઝીણવટભરી તપાસ કરી ડોગ સ્કોવોર્ડ તેમજ પોલીસની ચાર ટીમો બનાવી હત્યારાઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પાલનપુર-અમદાવાદ હાઈવે પર આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં નિવૃત બેંક કર્મચારી લક્ષ્મીચંદ ભાઈ પટેલ તેમની પત્ની રમાબેન (ઉ.વ. ૬૭) સાથે રહે છે.



સંજય જોષી

જેઓ બુધવારે બપોરના સુમારે બહાર ગયા હતા. અને રમાબેન ઘરે એકલા હતા. ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ બંગલાના ઉપરના માળે આવેલા રસોડામાં રમાબહેનનું મોઢું દબાવી હત્યા કરી હતી. અને તેમના હાથમાં પહેરેલી સોનાની ચાર બંગડીઓ તેમજ એક કાનની સોનાની બુટ્ટીની લૂંટ કરી બાજુના રૂમમાં પડેલી તિજોરીમાંથી સામાન અસ્તવ્યસ્ત કરી નાસી ગયા હતા.

ઘટનાની જાણ થતાં લોકોનું ટોળુ એકત્ર થઇ ગયું હતુ. દરમિયાન પોલીસને જાણ કરવામાં આવતાં જિલ્લા પોલીસવડા નિરજ બડગુજર, એલસીબી પીઆઇ જે. એચ. સિંઘવ સહિત પોલીસકર્મીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જયાં ડોગ સ્કવોર્ડ તેમજ પોલીસની જુદીજુદી ચાર ટીમો બનાવી હત્યારાઓને શોધી કાઢવા ચક્રોગતિમાન કરવામાં આવ્યા હોવાનું એસ.પી. નીરજ બડગુજરે જણાવ્યું હતું.

### ડોગ કમરામાં જ ફરતો રહ્યો

મર્ડર કેસની તપાસમાં ડોગ સ્કવોર્ડ બોલાવવામાં આવી હતી. જ્યાં ડોગ એક્ષપર્ટે તિજોરી સુંઘાડી ડોગને છોડતાં તે જ્યાં મૃતદેહ પડ્યો હતો. તે રસોડામાં ગયો હતો. જ્યાંથી મુખ્યરૂમમાં ત્રણ ચાર આંટાફેરા માર્યા હતા. જોકે, ડોગ દરવાજા બહાર ગયો ન હતો. આથી હત્યા કર્યા બાદ હત્યારો બહાર કેવી રીતે નિકળ્યો ? શુ ઘરના જ કોઈ ભેદીની સંડોવણી હશે ? તેને લઈને અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. હત્યાની ઘટનામાં સંડોવાયેલા જાણભેદુ કે વૃધ્ધાથી પરિચિત હોય તેણે રૂમમાં પ્રવેશ મેળવ્યો હોવાનું જણાઈ આવે છે. વળી રસોડામાં આ શખ્સોએ સક્કરટેટી પણ આરોગી હોવાનું પોલીસસુત્રો જણાવી રહ્યા છે.

### ઘરકામ કરતી મહિલા આવતા મર્ડર સામે આવ્યું

મૃતકના પતિ લક્ષ્મીચંદભાઈ પટેલે જણાવ્યું હતુ કે, બંગલાની નીચેનો રૂમ ત્રણ છાત્રોને ભાડેથી આપવામાં આવ્યો છે. જેઓ બપોરના સમયે હાજર ન હતા. ૧૨.૩૦ કલાકે ઘરકામ કરતી મહિલા આવી ત્યારે ઉપરના માળે રસોડામાં રમાબેનનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમણે બુમાબુમ કરતાં આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા.

### ભાડેથી રહેતા પરપ્રાંતીય સામે શંકાની સોય

બંગલાના નીચેના ભાગે ઈન્સ્ટીટયુટમાં અભ્યાસ કરતા પરપ્રાંતિય ત્રણ છાત્રો ભાડેથી રહેતા હતા. જેઓ અન્ય બે છાત્રોને અહિ રહેવા માટે લઈ આવવાનું કહેતા હતા. જેઓ બુધવારે બપોરે આવ્યા હોઈ અને રમાબહેન ત્રણ છાત્રોને ઓળખતા હોવાથી ઉપરના માળે ચાવી આપવા માટે ગયા તે દરમિયાન આ ત્રણ છાત્રો તેમજ અન્ય બે છાત્રોએ મળી હત્યા અને લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોય તેવું પ્રાથમિક અનુમાન પોલીસ વ્યકત કરી રહી છે.

# થરાદમાં વિદેશી દારૂના ચેકિંગમાં આવેલા ભીલડીના કર્મીઓ પર બુટલેગરોનો હુમલો

થરાદ

જિલ્લા પોલીસવડાની સુચના મુજબ બુધવારે ભીલડીપોલીસ મથકમાં ફરજ બજાવતા કર્મચારીઓ હરજીભાઈ જવાનભાઈ તથા ઓખજીભાઈ સવજીભાઈ પોતાની ય્ત્ન૮મ્ૐ ૧૬૪૦ નંબરની બલેનો ગાડી લઈને ભોરોલ પોસ્ટે વિદેશી દારૂના ક્રોસ ચેકિંગમાં આવ્યા હતા.દરમ્યાન બપોરના દોઢેક વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી GJ12X 6814 નંબરનું



વિષ્ણુ દવે

એક જીપડાલું આવતાં તેમાં માત્ર પટારો ભરેલ હોવા છતાં પણ પોલીસ કર્મીઓએ તેને રોકવા માટે ઈશારો કરતા ભગાવી દીધું હતું. આથી શંકા જતા તેનો પીછો કર્યો હતો દરમિયાન બે વખત

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ફ્રિજનું કોમ્પ્રેશર ફાટતા આગ લાગી

પાલનપુર

પાલનપુર શહેરના આકેસણ ફાટક પાસે આવેલા રાજશ્રી બંગ્લોઝમાં વહેલી સવારે ફ્રિજ નો કોમ્પ્રેસર ધડાકાભેર અવાજ સાથે ફાટતા ફ્રિંજ તેમજ રસોડામાં આગ લાગી ગઈ હતી. જે આગને લઈ ઘરમાં પડેલી ચીજ વસ્તુઓ આગની જ્વાળાઓમાં આવી



સંજય જોષી

જતા ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. જોકે, આજુબાજુ ના રહીશો દોડી આવી આગને ઓલવી હતી. ત્યારે આ ઘટનામાં ઘર માં સુઈ રહેલા પરિવાર નો આબાદ બચાવ થયો હતો.. પાલનપુર આકેષણ ફાટક નજીક આવેલ રાજશ્રી બંગ્લોઝ માં રહેતા મેહુલભાઈ જાનીના મકાન માં આજ વહેલી સવારે રસોડામાં પડેલ

અનુસંધાન પાના નં.૬

# ભાભર તાલુકાના કપરૂપુર ગામે ગ્રામસભામાં ઠરાવ બાબતે બે જુથો વચ્ચે અથડામણ

## પોલીસે ક્રોસ ફરીયાદ નોંધીને તપાસ હાથ ધરી

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના કપરૂપુર ગામે મંગળવારે ગ્રામસભામાં ઠરાવ લખવા બાબતે મામલો બિચકયો હતો કે જેમાં પૂર્વ તલાટીનું જુથ અને પૂર્વ સરપંચનું જુથ સભા બહાર તીક્ષ્ણ હથિયાર ધારણ કરી સામસામે આવી જતાં પૂર્વ તલાટી કમમંત્રી અને પૂર્વ સરપંચ સહિત ૧૧ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થતાં ગામમાં તંગદિલીભર્યુ વાતાવરણ સર્જાયું હતું. પોલીસે તાત્કાલીક બંદોબસ્ત ગોઠવી દેતાં જેથી મામલો શાંત પડયો હતો. જાણવા મળતી વિગત મુજબ કપરૂપુર ગામના પૂર્વ સરપંચ કાજુભા ગોબરસિંહ રાઠોડની ફરીયાદ મુજબ ગામમાં ગ્રામસભાનું આયોજન હોવાથી તેઓ હાજર હતા. આરોપીઓ કહેતા હતા કે અમે કહીએ તેમ ઠરાવ લખો જેથી પૂર્વ સરપંચ તથા તેમના ટેકેદારોએ કહેલ કે બોડીના સભ્યો હાજર નથી તેથી તમો કહો તેમ ઠરાવ નહીં થાય એમ કહેતાં આરોપી જીવણસિંહ મોતીસિંહ રાઠોડ,રાજુભા તખતસિંહ રાઠોડ, ડુંગરસિંહ જીવણસિંહ રાઠોડ, વિજુભા જીવણસિંહ રાઠોડ, ભુપતસિંહ જીવણસિંહ રાઠોડ, જીતુભા બાબુભા રાઠોડ, નવુભા વિજુભા રાઠોડ, દલપતસીહ બનેસિંહ રાઠોડ, આસુભા સાંમતસિંહ રાઠોડ, જબરસિંહ ભગવાનસિંહ રાઠોડ, સોમસિંહ માનસિંહ રાઠોડ, બનુજી મોતીજી રાઠોડ, બાબુભા દલપતસિંહ રાઠોડ, પ્રવિણસિંહ દલપતસિંહ રાઠોડ, પોપટસિંહ તખાજી રાઠોડ, હાથીજી દુદાજી રાઠોડ તમામ રહે.કપરૂપુર વાળાઓએ ઉશ્કેરાઈ

અનુસંધાન પાના નં.૬

### કયા જુથમાં કોને ઈજા પહોંચી ?

પુર્વ સરપંચના જુથમાં હરીસિંહ ગોબરસીંહ રાઠોડ, મેરુભા કાજુભા રાઠોડ, સિદ્ધરાજસિંહ દાનસિંહ રાઠોડ ઘાયલ થયા હતા. જયારે પૂર્વ તલાટી કમમંત્રીના જુથમાં જીવણસિંહ મોતીસિંહ રાઠોડ, ડુંગળસિંહ જીવણસિંહ રાઠોડ, જીતુભા બાબુભા રાઠોડ, ભુપતસિંહ જીવણસિંહ રાઠોડ, સામતાબા કાળુભા રાઠોડ, નવુભા વિજુભા રાઠોડ, વિજુભા જીવણસિંહ રાઠોડ, સજુભા મગનસિંહ રાઠોડ ઘાયલ થયેલ છે. આ તમામને નાની મોટી ઈજાઓ થતાં ભાભર સી.એચ.સી.ખાતે સારવાર અર્થે ખસેડયા હતા. જે પૈકી વધુ ઈજાગ્રસ્ત થયેલને આગળ રીફર કરાયા છે.

ખેડૂત મિત્રો માટે ખુશ ખબર...
ચંદનની ખેતી માટે સોનેરી તક
ચંદન (સફેદ) રોપા ફક્ત ૧૦૦/- રૂા.
મલબારી નીમ (પ્લાયવુડ નીમ) ફક્ત ૫૦/- રૂા.
ફ્રી હોમ ડીલીવરી
ફ્રી રીપ્લેસમેન્ટ ૧૦% (રોપાની ડીલીવરી વખતે જ)
ફ્રી ફિલ્ડ વિઝીટ (એગ્રીકલ્ચર ઓફીસર દ્વારા જરૂરી માર્ગદર્શન, એક વર્ષ માટે/ત્રણ વાર)
ફ્રી લીકવીડ ફર્ટીલાઇઝર (દર ચાર મહિને, એક વર્ષ માટે / ત્રણ વાર)
ઓફર ફક્ત ૩૦ એપ્રિલ સુધી જ (બુકીંગ ચાલુ છે)
નોંધ : રોપાની ડીલીવરી ૧૫ જુન પછી ગ્રાહકની અનુકુળતાએ મળશે.
સંપર્ક : 98983 61701 www.gkchandannursery.com
શ્રી જી.કે. બાયો-ટેક એગ્રીકલ્ચર્સ
ઓફિસ : એફ. / ૧૦૭, આકાશગંગા કોમ્પલેક્ષ, મેઘાકલર લેબની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, હિંમતનગર - ૩૮૩૦૦૧ સા.કાં.
નર્સરી : જી.કે. ચંદન નર્સરી, હિંમતનગર-ઇડર રોડ, પંચમુખી હનુમાનજી મંદિર પાસે, રાજપુર પાટિયા, હિંમતનગર-૩૮૩૦૦૧.

CMYK

સૂર્યોદય - ૬.૧૩ સૂર્યાસ્ત - ૭.૦૪

## તિથિદર્શન

વૈશાખ સુદ-૧૧ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :અગિયારસ ગુરૂવાર નક્ષત્ર:પૂર્વ ફાલ્ગુની બપોરે ૨.૨૬ પછી ઉત્તરફાલ્ગુની યોગ :ધ્રુવ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.)રાત્રે ૮.૧૮ પછી કન્યા (પ.ઠ.ણ.)જ્ઞ અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### નપ્રાપ્યમભિવાંછન્તિ નષ્ટં નેચ્છન્તિ સોચિતુમ આપત્સુ ચ ન મૃહન્તિ નરાઃ પંડિત બુદ્ધયઃ

'ડાહ્યા માણસો, જે વસ્તુ પ્રાપ્ત થઈ જ ન શકે એવી બાબતનો લોભ રાખી ઈચ્છા કરતા જ નથી, એને જે વસ્તુ નષ્ટ થઈ છે, નાશ પામી ગઈ છે, તૂટી-ફૂટી ગઈ , તેના વિશે શોક- દુઃખ પણ કરતા નથી. સુખમાં તટસ્થ રહે છેઃ દુઃખ માં હારી જઈ મૂંઝાઈ જતા નથી.'

જિંદગીમાં સુખ- દુઃખ , હતાશા- નિરાશા, દબાણ- ડિપ્રેશન, જે કંઈ આવે છે તેના મૂળ કારણમાં આપણું ચંચળ મન છે. મનની એવી કામનાઓ હોય છે જે આત્માથી, શરીરની સંતોષી શકાય એવી હોય જ નહીં, આશા -અપેક્ષા- ઈચ્છાઓ નવરું બેઠું મન વિચારીને કલ્પનાના કિલ્લા ચણે છે. પણ નથી સાધના કે નથી સામગ્રી. ચંદ્ર પર પગ મૂકવો, વિદેશપ્રવાસ વગેરે સામાન્ય, મધ્મ- માર્ગ, માણસની પહોંચ બહારની વાત છે, પોતાનાં રૂપ-કુળ-ધન-સંસ્કારની મર્યાદાથી વધારે ઈચ્છા રાખવી એ અર્થ વગરનું છે. કોલેજિયન, કેટરીનાની કલ્પના કરે કેટલું વાજબી?

બુદ્ધિમાન વ્યવહારની વાસ્તવિક પરિસ્થિતિ પ્રમાણે જ પગલાં ભરે છે. અશક્ય અપ્રાપ્યની અપેક્ષા જ શા માટે રાખવી?

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.**
**મિથુન : (ક.છ.ઘ.) સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.**
**કર્ક : (ડ.હ.) આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.**
**સિંહ : (મ.ટ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.**
**તુલા : (ર.ત.) ગૃહજીવનમાં વિસંવાદીતતા સર્જાય. હાથમાં આવેલી લાભની તક સરી જાય.**
**વૃશ્ચિક : (ન.ય.)અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય**
**ધન : (ભ.ફ.ધ.)અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.**
**મકર : (ખ.જ.)માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિશ્વના નિસર્ગપ્રેમી,અજોડ ચિત્રાકાર જહોન જેમ્સ ઓદુબનની જન્મજયંતી છે. એમલ જન્મ ઈ.સ.૧૭૮૫ની ૨૬ મી એપ્રિલે હાઈટી ટાપુના લેસકપેસ મુકામે થયો હતો. પંખીઓનો અભ્યાસ અને એમના ચિત્રો એ જ એમનું જીવનકાર્ય હતું.

ઈંગ્લેન્ડમાં રોયલ ઈન્સ્ટિટયુટ ઓફ એડિનબરોમાં એમના ચિત્રોની ઘણી પ્રસંશા થઈ. આ કાર્ય ખુબ વખણાયું. ઓદુબને કલમ અને પીંછી લઈને જંગલમાં ઘુમવા માંયું. મેદાનો, ગાઢ જંગલોને કાદવમય ભૂમિમાં ઘોડા પર સેકડો માઈલનો પ્રવાસ ખેડીને એમણે નૈસર્ગીક વાતાવરણમાં ને લાક્ષણીક મુદ્રાઓમાં ઉડતા જીવડા પડતા ને માળાઓ બાંધતા પંખીઓના પૂરા કદના આબેહુબ ચિત્રો કરવા માંડયા. આવા આ મહાન કલાકારનું તા. ૨૭-૧-૧૮૫૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૨૬.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૫.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૬૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૧૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૩૩ પોઈન્ટ થી ૧૦૫૧૭ પોઈન્ટ, ૧૦૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૫.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૭૮૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૮૮૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૯૦૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૭૦૭ પોઈન્ટ થી ૨૪૬૬૦ પોઈન્ટ, ૨૪૬૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**એશિયન પેઈન્ટ (૧૧૬૪) :- પેઈન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૧૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૧૭૩ થી રૂ.૧૧૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૧૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લ્યુપિન લિમિટેડ (૮૧૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૯૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૮૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૨૩ થી રૂ.૮૩૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ગેઇલ ઈન્ડિયા (૩૨૮) :- રૂ.૩૧૩ નો પ્રથમ તેમજ રૂ.૩૦૩ ના બીજા સપોર્ટથી એનર્જી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૩૬ થી રૂ.૩૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**યસ બેન્ક (૩૨૫) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૩૩ થી રૂ.૩૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઈન્ડિયા સિમેન્ટ (૧૪૨) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૩૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સિમેન્ટ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૪૭ થી રૂ.૧૫૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૧૯૧૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૯૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૯૦૩ થી રૂ.૧૮૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ACC લિમિટેડ (૧૫૬૫) :- રૂ.૧૫૮૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૫૪૭ થી રૂ.૧૫૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૦૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૨૯) :- સિમેન્ટ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૨૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૧૭ થી રૂ.૧૨૦૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ડિવિસ લેબ (૧૧૬૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૫૩ થી રૂ.૧૧૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૮૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ફોસિસ (૧૧૫૭) :- રૂ.૧૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૧૪૦ થી રૂ.૧૧૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૧૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# એન્જિ. અને ફાર્મસીમાં પ્રવેશ અંગે ગણપત યુનિવર્સિટી અને એસીપીસી દ્વારા આજે ફ્રી માર્ગદર્શન સેમિનારનું આયોજન

## મહેસાણાથી ગણપત વિદ્યાનગર માટે ખાસ બસની સુવિધા

ગણપત યુનિવર્સિટી

ગણપત યુનિવર્સિટી અને એસીપીસી દ્વારા તા.૨૬ ના રોજ એક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના અભ્યાસક્રમો જેવા કે ડિગ્રી એન્જિનિયરીંગ, ડિપ્લોમાં એન્જિ, ડીગ્રી તેમજ ડિપ્લોમા ફાર્મસી, બેચલર ઓફ આર્કિટેકચર વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓન લાઈન પ્રક્રિયા કેવી રીતે કરાવી, એન્જિ.ના કોર્સમાં કયા કયા વિષયો સુલભ હોય છે. કઈ વિદ્યાશાખામાં ભવિષ્યની સંભાવનાઓ કેવી કેવી હોય છે. વગેરે પ્રકારનું અધિકૃત માર્ગદર્શન ગણપત યુનિવર્સિટીના નિષ્ણાંત પ્રાધ્યાપકો તેમજ ગુજરાત સરકારની એડમિશન કમિટી ફોર પ્રેફેશનલ કોર્સિસના અનુભવી તજજ્ઞો દ્વારા આપવામાં આવશે.

આ માર્ગદર્શન સેમિનાર ગણપત યુનિવર્સિટીના ઓડિટોરિયમ, ન્યૂ એમ બી એ બિલ્ડિંગ, ગણપત વિદ્યાનગર કેમ્પસ, ખેરવા, મહેસાણા ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન ગોઠવવામાં આવ્યો છે વિનામુલ્યે યોજવામાં આવેલા આ માર્ગદર્શન સેમિનારમાં હાજર રહેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મહેસાણાથી બસની નિઃશુલ્ક સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે જેનો રૂટ અને સમયની વિગત આ મુજબ છે.

રૂટ નંબર ૧ માં રાજધાની ટાઉનશીપ - સાંઈકૃષ્ણા હોસ્પિટલ - રાધનપુર ચાર રસ્તા - બસ સ્ટેશન - ઝુલેલાલ ચોક - માનવ આશ્રમ ચાર રસ્તા - સાંઈબાબા મંદિર - રામપુરા ચાર રસ્તા - ખેરવા - ગણપત વિદ્યાનગર

જ્યારે રૂટ નંબર ૨ માં અવરસ પાર્ટી પ્લોટ - રાજકમલ પેટ્રોલ પંપ - મોઢેરા ચાર રસ્તા - ગાયત્રી મંદિર - નાગલપુર - સ્ટાર લાઈન - પાલાવાસણા- રામપુરા ચોકડી - ખેરવા - ગણપત વિદ્યાનગર

ઉપરોક્ત બંને રૂટની બસો મહેસાણાથી બપોરે ૨ - ૧૫ વાગે ઉપડશે.

# બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એસોશીએશનના પ્રમુખ તરીકેની નિમણુક

પાલનપુર

તા ૨૨/૦૪ રવિવારના રોજ બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એસોશીએશનની સાધારણ સભા મીટીંગ ૩:૦૦ વાગે હોટલ એન.એચ-૧૪ પાલનપુર મુકામે મળેલ.જેમાં બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એસોશીએશનના પ્રમુખ તરીકે હરેશભાઈ એચ ચૌધરીની સર્વાનુમતે નિમણુક કરેલ.તથા ઉપપ્રમુખ



તરીકે વિપુલભાઈ બી શાહ, મનોજભાઈ સી સિસોદિયા, સતીષભાઈ કે મોઢ તથા નીતીશભાઈ ડી આચાર્યની નિમણુક કરેલ.મંત્રી તરીકે શેખ અહેમદ આર તથા સહમંત્રી તરીકે ગિરીશભાઇ બી પરમાર તથા ઉપેન્દ્રભાઈ આર સીશોદીયાની અને ખજાનજી તરીકે શ્રી ગુરુમુખભાઈ જી રમવાણીની નિમણુક સર્વાનુમતે નિમણુંક કરેલ.

# રાજયના ૪ બી.એસ.એફ. સેન્ટરો ખાતે નિવાસી તાલીમ યોજાશે

પાલનપુર

રાજયના યુવાનોને બી.એસ.એફ. દ્વારા લશ્કરી, અર્ધલશ્કરી, પોલીસ ફોર્સ તથા સિક્યુરીટી ગાર્ડમાં જોડાઇ શકે અને પોતાના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણના કામમાં થાય તે માટે બી.એસ.એફ.ના ૪ મથકો ભૂજ, ગાંધીધામ, દાંતીવાડા તથા ગાંધીનગર ખાતે ૩૦ દિવસ (૨૪૦ કલાક) ની નિવાસી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમ વર્ગમાં જોડાનાર તાલીમાર્થીને રહેવા-જમવાની સગવડ આપવામાં આવશે. બનાસકાંઠા જિલ્લાના તમામ વર્ગમાં જોડાવવા ઈચ્છતા ઉમેદવારો શૈક્ષણિક અને શારિરીક માપદંડો ધરાવતા હોય તો જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર અને અન્ય જિલ્લાના ઉમેદવારો માટે પણ સંબંધિત જિલ્લાની રોજગાર કચેરી ખાતેથી ઓફલાઇન અરજીનો નમૂનો મેળવી દિન-૧૦માં અરજી કરવાની રહેશે.

આ તાલીમ વર્ગોમાં જોડાવવા જે તે જિલ્લાના ઉમેદવારોએ તેમના સંબંધિત બી.એસ.એફ.ના મથકોમાં અરજી કરવાની રહેશે. તેમ બનાસકાંઠા જિલ્લા રોજગાર અધિકારી (જનરલ) દ્વારા જણાવાયું છે.

# ધાનેરા તાલુકાના સાંકડ ગામે ધનની લાલચમાં ઘરમાં પડયો મોટો ખાડો

### સપનામાં માતાજીએ ઘરમાં ધન હોવાનું જણાવતા ઘર માલીકે ઘરમાં ખોદવાનું કર્યું ચાલુ



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકા ના સાંકડ ગામે એક હચમચાવી દે આવો મામલો સામે આવ્યો છે.હાલ મનુષ્ય અવતાર ધન પૈસા ની મોહમાયા માં ગાંડો તુર બની ગયો છે.જલ્દી થી જલ્દી ધનવાન બનવા માટે અનેક મરનીયા પ્રયાસ કરવાનું પણ ચૂકતો નથી. બસ આવોજ જલ્દી ધનવાન બનવાનો મામલો ધાનેરા તાલુકાના સાંકડ ગામે આવ્યો છે.અહી ના એક ભ્રામણ પરિવાર ના સદસ્યો એ પોતાના ઘર માજ મોટા ખાડા કરવાનું ચાલુ કર્યું છે. મળતી માહિતી મુજબ સાંકડ ગામ ના ભ્રામણ પરિવાર ના એક સભ્ય ને સપના માં માતાજી એ ઘર માં ધન હોવાનું જણાવતા આખો પરિવાર છેલ્લા કેટલાક દિવસ થી ઘર બંધ કરી ને અંદર ખાડાઓ ખોદવાનું ચાલુ કર્યું છે. જયારે આજ રોજ તપાસ કરતા ઘર ની બહાર તો તાળું જોવા મળ્યું હતું.પણ પુરાવા રૂપે એક ફોટો અમારા હાથ લાગ્યો છે. હવે જોવાનું એ છે કે આ ખાડા માંથી ધન નીકળે છે.કે કેમ એના પર સૌની નજર છે.

# કંબોઈમા વિરદાદાની પ્રાણ પ્રતિષ્ઠાની ભવ્ય શોભાયાત્રા નીકળી



સજ્જનસિંહ સોલંકી

પ્રતિ. કંબોઈ

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે વિરદાદા ભગવાન ની પ્રતિષ્ઠા તા ૨૪/૨૫/૨૬ ત્રણ દિવસ હોવાથી પ્રતિષ્ઠા નો ગત રોજ થી પ્રારંભ થયો હતો તેમાં આજ રોજ સવારે વિરદાદા ની ભવ્ય શોભાયાત્રા કાઢવા મા આવી હતી તેમાં કંબોઈ અને આજુબાજુ ગામો માંથી મોટીસંખ્યામા લોકો શોભાયાત્રામા જોડાયા હતા. કંબોઈના કડવાણી પાટી મા બિરાજ માન વિરદાદા નું નવીન મંદિર બનાવી તેમાં નિજ મૂર્તિ સ્થાપન કરવામાં આવશે આ ત્રી દિવસીય ચાર્લીરહેલ પ્રતિષ્ઠા મહોત્સવ મા ભોજન પ્રસાદ ની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# રોટરી કલબ ડીસા દ્વારા થેલેસેમીયા દર્દીઓ માટે ફ્રી બ્લડ ચેકઅપ તથા માર્ગદર્શન કેમ્પ યોજાયો



ડીસા

રોટરી કલબ ડીસા અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તા.૨૫/૪/૧૮ ને બુધવારે થેલેસેમીયા મેજર રોગ ધરાવતા બાળકો માટે ફ્રી બ્લડ તથા યુરીન ચેકઅપ તથા તેમને સચોટ માર્ગદર્શન આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રોટરી કલબ ડીસાના પ્રમુખ રોટે નટુભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ તથા અમદાવાદ રેડક્રોસ સોસાયટીમાંથી આવેલ ટેકનીશીયન દ્વારા દર્દીનું બ્લડ સેમ્પલ લેવામાં આવેલ તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીનાં પ્રમુખ ર્ડા.ભરતભાઈ શાહ દ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવેલ તથા પ્રોજેક્ટ ચેરમેન રોટે રાજુભાઈ શાહ દ્વારા દરેક દર્દીને સુંદર ગીફ્ટ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રોટેરીયન મિત્રો તથા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના મેમ્બર્સો એ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વાવના ગોલગામ ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની રંગેચંગે ઉજવણી

તા.પ્રતિ વાવ

વાવથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલા ગોલગામ નગરે મા ચામુંડાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે કથા - લોકડાયરો અને યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે તા.૧૪/૪/૧૮ થી ૨૨/૪/૧૮ સુધી કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જયારે તા.૨૧/૪/૨૦૧૮ થી ૨૩/૪/૨૦૧૮ દરમ્યાન ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૦/૪/૨૦૧૮ ના રોજ ભવ્ય સંતવાણી લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના નામાંકીત કલાકારો હાજર રહી ભક્તિરસની રમઝટ બોલાવી હતી. આમ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની રંગેચંગે ઉજવણી કરાઈ હતી.

આ પ્રસંગે ડો.વનેસિંહ ગોહિલ, હરીભાઈ ચૌધરી, ગેનીબેન ઠાકોર, કાંનજીભાઈ રાજપુત, ડી.ડી.રાજપુત, ધનજીભાઈ ગોહીલ, મુળજીભાઈ ગોહીલ, રામસંગજી ચારડીયા, હીરાજી ગોહીલ, કીરણસિંહ ગોહીલ, ભુરાજી કાળાજી સોલંકી, ભાણાજી પઢિયાર, કેશરાજી પઢિયાર, ડો.રઘુભાઈ ગોહીલ, નાનજીભાઈ ગોહીલ, ડે.સરપંચ ભુરાજી ગોહીલ, ત.ક.મંત્રી (એમ.બી.સોલંકી) તેમજ ગોહીલ રાજપુત પરિવારના બંધુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

સમસ્ત ગોહીલ ગામ (ગોલગામ) તથા ગોહીલ પરિવાર તરફથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# પાટણ જિલ્લામાં ચાર અકસ્માતમાં ૬ મોત

પાટણ

સાતલપુર હાઈવે પર મંગળવારે વહેલી સવારે એક ટ્રક કચ્છમાંથી રાધનપુર તરફ જઈ રહી હતી તે વખતે દહીગામડા નજીક કોઈ અજાણ્યા વાહન સાથે પાછળથી અથડાતા ટ્રકના આગળના ભાગનોખુરદો બોલાઈ ગયો હતો. જયારે ટ્રકના ચાલક રાજસ્થાનના પાલી જિલ્લાના નજીર પુનાભાઈ કાંટાનું ઘટના સ્થળે મોત થયું હતું. મૃતકની લાશ તેના પરિવારજનોને સોંપી હતી. જયારે ટ્રકના કંડકટર સાદીર લશાજી મેરાતને ઈજાઓ થવા પામી હતી. તેવું સાંતલપુર પીએસઆઇ આર.જી.ચૌધરીએ જણાવ્લ પાટણની રાજનગર સોસાયટીમાં રહેતા હેતલબેન મયુરભાઇ વૈષ્ણવ અને તેમના પતિ મયુરભાઈ બંને જણા અમદાવાદ ગુજકેટની પરીક્ષા આપવા બાઈક લઈને ગયા હતા અને પરત આવી રહ્યા હતા ત્યારે મંગળવારે સાંજે સાતના સુમારે ડમ્પરની ટક્કરથી દંપત્તિ નીચે પટકાયા હતા. બાઈક સવાર મહિલાનું ઈજાઓ થતાં મોત થયું હતું. ઈજાગ્રસ્ત મયુરભાઇને પાટણ દવાખાને ખસેડાયા હતા.

સમી તાલુકાના કઠીવાડા ગામનો યુવાનબાબાજી સોમાજી ઠાકોર વર્ષ ૨૫ ગામના અન્યખેડૂતનું ટ્રેક્ટર લઇ હારિજ તરફ જઈ રહ્યો હતો. સરવાળ નજીક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં ટ્રેક્ટર ચોકડીઓમાં ઉતરી જતાં ટ્રેક્ટરમાંથી ટાયર પાસે પટકાતાં માથાનો ભાગ ટાયર નીચે આવી જતા ઘટના સ્થળે મૃત્યુ પામ્યો હતો. હારિજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી પણ પરિવાર લોકોએ પીએમ કરવાની ના પાડતાં મૃતકને ઘરે લઈ જઇ અંતિમક્રિયા વિધી હાથ ધરેલ છે.

# ગુજરાત ગોપાલક વિકાસ નિગમ દ્વારા મુખ્યમંત્રીના હસ્તે માલધારીઓને ચેક વિતરણ

### બનાસકાંઠા જીલ્લામાંથી પણ મોટી સંખ્યામાં માલધારીઓએ હાજરી આપી



નરસિંહ દેસાઈ

(પ્રતિનિધિ) વડાવળ

રબારી અને ભરવાડ સમાજના લોકોના સર્વાંગી વિકાસ હેતુસર ગોપાલક વિકાસ નિગમની ૨૦૦૦ના વર્ષ કાર્યરત કરતા આજસુધી અનેક સરકારના લાભો ગોપાલક સમાજને મળ્યા છે ત્યારે ગતરોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે માલધારી સમાજને ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગોપાલક પશુપાલક અને માલધારીઓના ૫૧૨૩ યુવાઓને કુલ ૩.૬ કરોડ ૭૭ લાખની સહાય ધિરાણના ચેકનું વિતરણ કરાયું હતું. જેમાં પશુપાલન અને પરીવહન તથા નાના ધંધાર્થીઓ માટેની સહાય - ધિરાણ આપવામાં આવી હતી. ૨૩ જેટલા ચેકોનું મુખ્યમંત્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. નિગમ દ્વારા પશુ ખરીદી સહાય સહિત સ્વતંત્ર ધંધા - વ્યવસાય અને રોજગારી માટેની વિવિધ સહાય યોજનાઓ અન્વયે આ ચેક વિતરણના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ, સામાજીક ન્યાય અધિકારીતા પ્રધાન ઈશ્વરભાઈ પરમાર, ભવાનભાઈ ભરવાડ, અધ્યક્ષ ઘેટા ઉન વિકાસ નિગમ વાસણભાઈ આહીર, સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, પૂર્વ પંચાયત મંત્રી બાબુભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય કાંકરેજ અરજણભાઈ દેસાઈ, ડો. સંજયભાઈ દેસાઈ, પૂર્વ મંત્રી ગોપાલક વિકાસ નિગમ માવજીભાઈ દેસાઈ (ચેરમેન ડીસા માર્કેટયાર્ડ), જીગરભાઈ દેસાઈ (વા.ચેરમેન, બનાસબેંક), મોતીભાઈ દેસાઈ ડીરેકટર ગોપાલક નિગમ, ડો. રાજુલબેન દેસાઈ, ડીસા, અમૃતભાઈ ગઢ તથા ગાંધીનગર કલેકટર અને રાજયના અગ્રસચિવ કમલદયાની સહિત બહોળી સંખ્યામાં રાજયભરમાંથી ગોપાલક સમાજ હાજર રહ્યો હતો.

### અમીરાજ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી દ્વારા આયોજીત

# 'અમદાવાદ જોબ મેળા' માં ૪૦ કંપનીઓ દ્વારા ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શોર્ટલીસ્ટ કરાયા




અમદાવાદ

અમીરાજ કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી અને કીજિરી-જર્દ્વહ્વકકૈ ि.હ દ્વારા 'અમદાવાદ જોબ મેળા' નું આજે આયોજન કરવામાં આવ્યું હતું. 'અમદાવાદ જોબ મેળા' એ ફ્રેશર્સ અને ગ્રેજ્યુએટ્સ માટેનો મેગા જોબ ફેર હતો, જેમાં ગુજરાતભરમાંથી ૧૦૦ થી વધુ ઉમેદવારોને અંદાજે ૪૦ કંપનીઓ દ્વારા તેમના માપદંડ મુજબ જોબ માટે શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા હતા.અમદાવાદ જોબ મેળાનું આયોજન આઈટી, ફાર્માસ્યુટિકલ્સ, મેનેજમેન્ટ અને એન્જીનિયરીંગ સેક્ટર્સની તથા અન્ય ક્ષેત્રોની માનવબળ અને પ્રતિભાશાળી તેમજ ક્વોલિફાઈડ યુવાનોની જરૂરિયાત ધરાવતી અગ્રણી કંપનીઓ સાથે સંપર્ક કરાવવાનો વિચાર હતો."

તેમણે વધુમાં જણાવ્યું કે "અમદાવાદ જોબ મેળા એ પ્રતિભા, સખત પરિશ્રમ અને ફ્લેક્સીબિલીટી ધરાવતા ફ્રેશ ગ્રેજ્યુએટસ અને કંપનીઓ વચ્ચેનો સેતુ છે. પોતાના આકરા માપદંડો અને જરૂરિયાતો હોવા છતાં ઘણી કંપનીઓ ફ્રેશ ગ્રેજ્યેટસની માંગ ધરાવે છે. જોબ ફેરમાં સામેલ થયેલી કંપનીઓએ પ્રતિભાશાળી અને ક્વોલિફાઈડ યુવાનોમાંથી પસંદગી કરી હતી. ફ્રેશ ગ્રેજ્યુએટસને પણ કેટલીક કંપનીઓ દ્વારા તેમની વિવિધ જરૂરિયાતો અનુસાર પસંદ કરવામાં આવ્યા છે."સામાન્ય રીતે ફ્રેશ ગ્રેજ્યેટસની કોર્પોરેટ જગતમાં માંગ રહે છે, કારણ કે તે વિવિધ કાર્યશૈલીઓ અને કલ્ચર્સમાં બંધ બેસી શકે છે. કંપનીઓ સામાન્ય રીતે તાલિમ આપીને તેમના કૌશલ્યને સતેજ કરવાનું કામ કરતી હોય છે તથા તેમના કૌશલ્યમાં કંપનીની જરૂરિયાત મુજબ સુધારા કરતી હોય છે."

તેમણે જણાવ્યું કે "અમીરાજનો તાલિમ અને પ્લેસમેન્ટ ફેર ઉદ્યોગોની જરૂરિયાતો સમજવા તથા તે માટે વિદ્યાર્થીઓને જરૂરી તાલિમ અને અભ્યાસક્રમ પૂરો પાડવા માટે સતત પ્રયાસ કરતી રહેતી હોય છે. આને કારણે વિદ્યાર્થીઓના સ્કીલ સેટને સુધારવામાં સહાય થાય છે અને તેમને કંપનીઓ માટે યોગ્ય ઉમેદવાર બનાવી શકાય છે."

# પાલનપુર લડબી નદીમાં અડચણરૂપ દબાણો દુર કરવા કલેકટરને રજુઆત

પાલનપુર

પાલનપુર શહેરના મધ્યમાં પસાર થતી લોકમાતા લડબી નદીમાં વરસાદી વહેણને અવરોધતા બાંધકામોને લઈ ચોમાસાના સમયે નદીકાંઠાના વિસ્તાર બેટમાં ફેરવાય છે. જેને લઈ લોકોને પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડે છે ત્યારે લડબી નદીના તટમાં કરાયેલ પુરાણ દિવાલો, આડશો અને દબાણો ચોમાસા પુર્વે તાત્કાલિક દુર કરવા માટે ગતરોજ નદીકાંઠાની સોસાયટીઓના રહીશો દ્વારા જીલ્લા કલેકટરાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. પાલનપુરમાં પસાર થતી લડબી નદીમાં આડેધડ દબાણો અને બાંધકામ કરી દેવામાં આવતા વરસાદી વહેણ અવરોધાયું છે. જેને લઈ દર ચોમાસાની ઋતુમાં ચાણક્યપુરી, એકલવ્ય નગર, આનંદનગર, અમનપાર્ક, તિરૂપતિ બંગ્લોઝ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં આ વિસ્તારો બેટમાં ફેરવાઈ જાય છે જેને લઈ લોકોને ભારે નુકશાન ભોગવવું પડે છે જેને લઈ વર્ષ ૨૦૦૮માં તત્કાલીન કલેકટર આર.જે. પટેલે લડબી નદીમાં વરસાદી પાણીનો નિકાલ કરવાનો હુકમ કર્યો હતો. પરંતુ તંત્ર દ્વારા લડબી નદીમાં વરસાદી પાણીના નિકાલની કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા ચોમાસાને લઈ રહીશોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે ત્યારે ચાલુ વર્ષે ચોમાસુ નજીકમાં છે ત્યારે ચોમાસામાં તેમને વરસાદી પુરનો સામનો કરવો ન પડે તે માટે લડબી નદીમાં વરસાદી પાણીને અવરોધતા બાંધકામ અને આડશો દુર કરવામાં આવે તે માટે નદીકાંઠાની સોસાયટીઓના રહીશો દ્વારા ગતરોજ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને ન્યાયની માંગ કરી હતી.

# ૪૦૦ મી દીક્ષા ૪૦૦મું રજોહરણ એટલે ભૌતિકવાદ ઉપર અધ્યાત્મની સર્જીકલ સ્ટ્રાઈક


વસંત બારોટ

સુરત

સુરત રામ પાવન ભુમિમાં એક જ સ્ટેજ ઉપર ૬ મુમુક્ષુઓને રજોહરણ અર્પણ કરીને ૪૦૦ મું રજોહરણ આવતા દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરિએ ૪ થી સદી પૂર્ણ કરી ૨૫ એપ્રિલના સુરતમાં પ્રથમવાર આ મહા ઈતિહાસ રચાયો. આ વિરલ ઘટનાના સાક્ષી અનેક ભાવુકો બન્યા હતા.

૨૫ એપ્રિલના સવારે બ્રહ્મમુહુર્તમાં દીક્ષા દાનેશ્વરી આ .દેવ શ્રી ગુણરત્નસૂરિ આદી ૧૨ આચાર્ય ભગવંતો તેમજ ૫૦૦ થી અધિક સાધુ - સાધ્વીજી ભવગંતોની નિશ્રામાં ૬ - ૬ મુમુક્ષુ ઓ સંગીતના સથવારે શરણાઈઓના સૂરો સાથે સૂરિ ગુણરત્ન ચતુઃ સદી સંયમ વાટિકામાં ઉલ્લાસપૂર્વક પ્રવેશ્યા. એક શૂરવીર યોધ્ધા યુધ્ધ લડવા જાય તે પહેલા વિજયતિલક કરાવે તેમજ કર્મ મહાસંગ્રામમાં યુધ્ધ કરવા પ્રસ્થાન કરતાં આ ૬ એ મુમુક્ષુઓએ વિજયતિલક કરાવ્યું. ત્યારબાદ દેવ.ગુરૂની સાક્ષીએ ચતુર્વિધ સંઘની હાજરીમાં પરમાત્મા સમક્ષ સંયમગ્રહણની ક્રીયા શરૂ કરી. અને પૂજય ગુરૂદેવ પાસે ત્રણ આદેશો માંગી રજોહરણ ગ્રહણ કરવા તત્પર બનેલા મુમુક્ષુઓને

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરના શખ્સે જૂનાગઢમાં ડીસ્ટ્રીકટ જજ બનીને અનેક લોકોને છેતર્યા

**કોર્ટમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી સાત લાખ ખંખેર્યા : કાર ઉપર ડીસ્ટ્રીક જજની પ્લેટ લગાવીને કર્યો ઢોંગ**

પાલનપુર

જૂનાગઢમાં પાછલા કેટલાક દિવસોથી પાલનપુરના એક ઈસમે પોતે ડીસ્ટ્રીકટ જજ હોવાનો દાવો કરીને અનેક લોકોને નોકરી અપાવી દેવાની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લીધાનો મામલો સામે આવ્યો છે. એક યુવક પાસેથી સાત લાખ લીધાની આજે પોલીસ ફરિયાદ દાખલ થતા આ નકલી જજ નો ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ જૂનાગઢમાં ભાટિયા ધર્મશાળા રોડ ઉપર રહેતા સમીરભાઈ ઈબ્રાહીમભાઈ મુલાએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. કે પાલનપુરના અમન ચૌહાણ નામના શખ્સએ પોતે ડીસ્ટ્રીકટ જજ હોવાનું કહીને સમીરભાઈના ભાઈને કોર્ટમાં નોકરી અપાવી દેશે તેમ કહીને સાત લાખ રૂપિયા

પડાવી લીધા હતા. બાદમાં આજ દિન સુધી નોકરી અંગે કોઈ કાગળ કે આધાર નહિ મળતા તપાસ કરતા અમન ચૌહાણ ઢોંગી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસમાં ફરિયાદ કરતા એવી વિગતો ખુલી હતી કે આ ઈસમ અમન ચૌહાણ બેકાર છે,અને બેકારી દૂર કરવા માટે જૂનાગઢમાં કેટલાક સમયથી ડીસ્ટ્રીકટ જજ ના બેનર મારેલી કાર લઈને અવર જવર કરતો હતો. અને લોકોને વિશ્વાસમાં લઈને નોકરી અપાવી દેવાની લાલચો આપી મોટી રકમો પડાવી હોવાનું બહાર આવ્યું હતું પોલીસે હાલ એક ગુન્હો દાખલ કરીને આગળની તપાસ શરૂ કરી છે.

# વડગામના લક્ષ્મણપુરામાં ત્રણ કપિરાજના મોત નિપજતાં અરેરાટી

**એક કપિરાજને વિજકરંટ લાગ્યો જ્યારે બે કપિરાજોને શ્વાનોએ ઘાયલ કરતાં મોત થયા**

તા.પ્રતિ. વડગામ

વડગામના લક્ષ્મણપુરાની પ્રા.શાળા પાસે બુધવાર સવારે લિંબડો ક્રોસ કરતાં વિજ લાઈનના જીવતા વાયરને અડકતાં એક રામભક્ત કપિરાજને વિજકરંટ લાગતા મોત નિપજ્યું હતું વિજલાઈનના વાયરમાં લટકેલ મૃત કપિરાજને છોડાવવા બીજા એક કપિરાજે પ્રયત્ન કરતાં તે જમીન ઉપર પટકાતાં ઈજાઓ થતાં આઠ - દસ શ્વાનોએ વધુ ઈજાઓ પહોચાડી હતી વળી કૂતરાંમાં ફસાયેલ કપિરાજને છોડાવવા બીજો કપિરાજ કુદી પડતાં શ્વાનો અને કપિરાજની લડાઈ લાંબી ચાલતાં બંન્ને કપિરાજનું મોત નિપજ્યું હતું આમ કુલ ત્રણ રામભક્ત કપિરાજોનું લક્ષ્મણપુરા પ્રા.શાળા પાસે કરૂણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

બનાવની જાણ થતા પ્રા.શાળા નં.૩ ના શિક્ષકો અને લક્ષ્મણપુરાના રહીશો દોડી આવ્યા હતા. બાદમાં જેસીબી મશીન લાવી ત્રણે રામભક્ત કપિરાજોની અંતિમ વિધી કરાઈ હતી. આકસ્મિક વિચિત્ર ઘટના ઘટતાં જીવદયા પ્રેમીઓમાં દુઃખનું મોજુ ફરી વળ્યું હતું.

# પાંથાવાડા હાઈ-વે પરથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે ઝડપાયા


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર પાંથાવાડા પી.એસ.આઈ. લલીતસિંહ રાણા પોતાના સ્ટાફ સાથે બુધવારે સાંજે ટાઉનમાં પેટ્રોલિંગમાં હતા.ત્યારે બાતમીના આધારે રાજસ્થાનના ધાનોલ તરફથી આવતી સફેદ કલરની કાર નં.જીજે.૦૧. ઈએક્સઈ. ૦૪૭૪નીને પીછો કરી ઝડપી પાડી તેની તલાસી લેતા અંદરથી રૂ.૩૧,૮૦૦ના કિંમતની વિદેશી દારૂની કુલ બોટલ નંગ-૧૫૬, રૂ.૨૫૦૦ના મોબાઈલ તથા રૂ.૩,૦૦,૦૦૦ લાખની કાર મળી કુલ રૂ.૩,૩૪,૩૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસ મથકે લાવી ગાડીના ચાલક મૂળ રાજસ્થાનના ઝાલોર જીલ્લાના ભીનમાળ તાલુકાના સાવીદર ગામના અને ધંધાર્થે અમદાવાદના જુના વાડજ ખાતે આવેલા રામાપીરના ટેકરે રહેતા કિશનભાઈ પોપટલાલ પારંગી (મેઘવાળ) તથા રાજેશભાઈ કમલેશભાઈ ડાભી(મેઘવાળ) વિરુદ્ધ પ્રોહીબીસન મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મીઠાવી રાણા ગામે પાણીનો કાળો કકળાટ : જનજીવનને અસર

તા.પ્રતિ વાવ

આંતરરાજ્ય સરહદી સીમાડે આવેલા વાવ તાલુકા મી.રાણા અને દૈયપ ધાણી ગામ છેલ્લા ૧૦ દિવસથી પાણી ના આવતા જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. આ બાબતે મી.રાણાના અગ્રણીઓ દૈયપ સરપંચ પી.ડી.ગઢવીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે પાણીના અભાવે રખડતું પશુધન ગરમીમાં તરફડી મોતને ભેટી રહ્યું છે. ગામલોકો વીરડાનું દૂષિત પાણી પી રહ્યા છે તે આરોગ્યને હનિકર્તાવાળું છે.

જેથી રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. તો સત્વરે મી.રાણા અને દૈયપ ગામે પીવાના પીણીના ટેન્કરો ફાળવાય તેમજ ઘાસડેપો શરૂ કરવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# ઢીમા ગામમાં વિદેશી દારૂ સાથે એકની અટકાયત


વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

જિલ્લામાં પોલીસ વડા નિરજકુમાર બડગુજર તથા ના.પો.અધિ.થરાદની સુચના મુજબ તથા સર્કલ પો.ઈન્સ થરાદના માર્ગદર્શન હેઠળ તથા એચ.આઈ.ભાટી પો.સબ.ઈન્સ વાવને મળેલ બાતમી આધારે અ.હેડકોન્સ પંકજકુમાર જીવાભાઈ તથા અ.પો.કોન્સ લક્ષ્મણસિંહ મંગળસિહ વાવ પો.સ્ટે વિસ્તારમાં ઢીમાં ગામની સીમમાં અમરતભાઈ નાગજીભાઈ રબારી, રામજીભાઈ હેમાભાઈ રાજપુત તથા ભુપતભાઈ જીવાભાઈ રાજપુત તમામ રહે-ઢીમા તા-વાવ વાળાઓ પૈકી અમરતભાઈના જાત-કબ્જામાંથી બોટલ નંગ-૧૧ કિ.રૂા.૧૧૦૦ નો વિદેશી દારૂ તથા મોબાઈલ નંગ-૦૧ કિ.રૂા-૫૦૦/- તથા રોકડ રકમ રૂપિયા-૪૮૦૦/- સાથે મળી કુલ કિ.રૂા.-૬૪૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

<u>કેન્દ્ર સરકારના મંત્રીના હસ્તે</u>

# વાવના મીઠાવીચારણ ગામે લાભાર્થીઓને કીટ્સ વિતરણ કરાયું


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના મી.ચારણ ગામે ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકારના મંત્રી હરિભાઈ પી. ચૌધરીના વરદ હસ્તે લાભાર્થીઓને કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ૩૦ મહિલા લાભાર્થી બહેનોને ગેસ કનેકશનના કીટ્સો, ૫૮ વીજ મીટરો તેમજ ૪૦ જેટલા સમાજ કલ્યાણ જાતિના પ્રમાણપત્રો અપાયા હતા.

આ પ્રસંગે કેન્દ્ર સરકારના મંત્રી હરિભાઈ પી. ચૌધરી, વાવરાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણ, વાવ તા.પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુત, ઉમેદદાનજી ગઢવી (મહામંત્રી શ્રી બ.કાં. જિ.ભાજપ) રામસેંગભાઈ પી.રાજપુત, (કેશરકૃપા) ટી.ડી.ઓ વાવ, મામલતદાર વાવ સરપંચ પી.ડી ગઢવી, ત.ક.મંત્રી સથવારા તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન દૈયપ સરપંચ પી.ડી. ગઢવીએ કર્યું હતું.

# દીઓદરમાં ગ્રામ સભા યોજાઈ


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ગ્રામ પંચાયતની ગ્રામ સભા તા.૨૪-૪-૨૦૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી ખાતે દીઓદર સરપંચ ગીરીરાજસિંહજી વાઘેલાના અધ્યક્ષસ્થાને મળેલ.આ પ્રસંગે તલાટી કમ મંત્રી શ્રી પી.એન. ચૌધરીએ સૌને આવકારી સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપેલ.સભાને સંબોધતાં સરપંચશ્રી ગીરીરાજસિંહજી વાઘેલાએ જણાવેલ કે સરકારની વિવિધ યોજનાઓનો ગ્રામજનોને પુરે પુરો લાભ મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.તેમજ ગામમાં વિકાસના કામોને વેગ આપવામાં આવી રહ્યો છે.તેમણે જણાવેલ કે સરકાર દ્વારા પ્રધાન મંત્રી આવાસ યોજનાઓ વધુમાં વધુ લાભાર્થીઓને લાભ મળે તે માટે સૌ સક્રિય છે.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્યશ્રી માનસિંહજી વાઘેલા,તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ માલજીભાઈ દેસાઈ, દીઓદર નાયબ મામલતદારશ્રી ભરતભાઈ કાનાબાર, ગૌશાળા આયોગના ઉપપ્રમુખ જે.બી. દોશી, જયંતિભાઈ ઠક્કર, દીઓદર ગ્રામ પંચાયતના સદસ્યો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

<u>વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત</u>

# મીઠીપાલડી ચૌધરી સમાજ દ્વારા વ્યસન પ્રથા સંપુર્ણ બંધ


નવિન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

અત્યારે રાજ્યમાં ઠેર ઠેર દરેક સમાજો દ્વારા કુરીવાજો તેમજ વ્યસન પ્રથા વીગેરેની ચાલતી બદીઓને સંપુર્ણ પણે ડામવાના પ્રયાસો થઈ રહ્યા છે.

જેના ભાગ રૂપે ગઈ કાલ તા-૨૪/૪/૨૦૧૮ ના રોજ મીઠી પાલડી(જોષિડાવાસ)મુકામે પટેલ (ચૌધરી) સમાજ દ્વારા સમાજના આગેવાનો ની હાજરીમાં મીટિંગ રાખી જેમાં મરણ પ્રસંગે સમ્પૂર્ણ વ્યસન પ્રથા તેમજ અમુક પ્રકારના કુરિવાજો પણ બંધ કરેલ છે, સાથે સાથે સમાજના અગ્રણીઓ દ્વારા સમાજના હિત ખાતર બિજા પણ ઘણા મુદ્દાઓ વિષે ચર્ચા કરી યોગ્ય નીયમો નક્કી કરેલ છે. જેમાં વડીલો તથા યુવાનો સૌ સાથે મળી ને નિર્ણય લીધો હતો.

# મીઠી પાલડી ગામે ગ્રામ સભા યોજાઈ


નવિન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

ગઈ કાલ તારીખ ૨૪/૦૪/૨૦૧૮ ના રોજ દિયોદર તાલુકાના પાલડી મીઠી ગામે સવારે ૧૧ કલાકે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી ઉત્તમસિંહ બી. વાઘેલા, મીઠી પાલડી ગ્રામ પંચાયત સરપંચ વતી રમેશભાઈ મોદી, તલાટી કમ મંત્રી ટીનાબેન રાવલ, ગ્રામસેવક દિપકભાઈ પરમાર તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં ગત ગ્રામસભાની કાર્યવાહી વંચાણે લેવામાં આવી, પંચાયત અને ગ્રામ વિકાસ યોજનાની સમીક્ષા કરવામાં આવી, સરકારશ્રી ની તાજેતરની યોજનાઓની ચર્ચા તથા ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બાકી રહેલ લાભાર્થીઓના નામનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

આમ આ ગ્રામસભા ગ્રામજનો અને અધિકારીઓની હાજરીમાં સુખાંતે ૨ બે કલાક ના સુમારે પૂર્ણ કરવામાં આવી હતી.

# બાપલામાં ગ્રામસભા યોજાઈ


રમેશ તીડગર

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાના બાપલા ગામે ગતરોજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચ વૈજ્યંતિબેન હરેશભાઈ શાહ તેમજ ઉપસરપંચ ખેમાભાઈ ઉગ્રભાઈની આકસ્મિક ગેરહાજરીથી બાપલા પંચાયયતના સભ્ય શ્રીમતી કંકુબેન પાતાભાઈ પટેલને અધ્યક્ષસ્થાન સંભાળી સભાની કાર્યવહીની શરૂઆત કરવામાં આવી હતી. જે પ્રસંગે મોટી સંખ્યામાં બાપલા વક્તાપુરના ગ્રામજનો આરોગ્ય અધીકારીયો શાળાના શિક્ષકો આશાવર્કરો આંગણવાડી કાર્યકર બહેનો સસ્તા અનાજની દુકાનદાર શાંતિભાઈ માજી સરપંચ અજયભાઈ સોલંકી બાપલા સેવા મંડળીના મંત્રી મોનાભાઈ પટેલ બાપલા દૂધ મંડળીના મંત્રી મફાભાઈ પટેલ તલાટી ભુરાભાઈ તેમજ ગ્રામજનો ઉપસ્થતિ રહી વિવિધ વિકાસના કામોને બહાલી આપવા ગ્રામજનોના સહકાર તેમજ સરકાર વિવિધ યોજનાઓની માહિતી તલાટી દ્વારા આપવામાં આવી હતી. જેનો લાભલેવા જરૂરિયાત મંદ બી.પી.એલ. લાભર્થીઓ પ્રધાન મંત્રી આવાસ યોજના, જ્યોતિગ્રામ યોજના, ઉજવલા યોજના પેન્સન યોજના, કુંવરબાઈનું મામેરું યોજના તેમજ જળ સંશય યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લે તેવું માજી સરપંચ ધ્વારા જણાવાયું હતું. પંચાયતના સભ્ય અને વકીલ કીર્તિભાઈ દ્વારા બેટી ભણાવો બેટી બચાવો, સફાઈ અભિયાનમાં સહકાર આપવો, સરકાર ની સંપતિ ની નુકસાન થતું અટકાવવું

અનુસંધાન પાના નં.૬

# કૃષિ યુનિવર્સિટી દ્વારા એક દિવસીય વર્કશોપ યોજાયો

(પ્રતિનિધિ) વડાવળ

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર ખાતે તા.૨૩/૦૪/૧૮ ના રોજ કુલપતિ પ્રો(ડો.) અશોક એ. પટેલના અધ્યક્ષસ્થાને ડો.એન. એસ.રાઠોર, મા.ડીડીજી (એજ્યુકેશન), આઈ.સી.એ. આર., નવી દીલ્હી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, એકેડેમીક કાઉન્સીલના સભ્યો ૧૫૦ જેટલા વૈજ્ઞાનિકો, સીનીયર પ્રોફેસરો તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં "Workshop on Administrative, Academic, Financial and Rescarch Mnnagement System" વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડો.એન.એસ. રાઠોડે, મા.ડીડીજી (એજ્યુકેશન), આઈ.સી.એ. આર., નવી દીલ્હીએ જણાવેલ કે, સમગ્ર દેશમાં ફક્ત આ યુનિવર્સિટીમાં જ રીન્યુએબલ એનર્જી અને એન્વયારમેન્ટલ એન્જીનીયરીંગ અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. આ એક જ એવી યુનિવર્સિટી છે કે જેમાં આ પ્રકારનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જે ગૌરવ લેવા જેવી બાબત છે. તેમણે જણાવેલ કે દેશમાં ૩.૬% જેટલા વિદ્યાર્થીઓ કૃષિ સ્નાતકની પદવી મેળવે છે. કૃષિ સ્નાતક થયેલ વિદ્યાર્થીઓ પૈકી ૫૦% વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે છે. જ્યારે કૃષિ અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓ પૈકી ૯૦% અને પી.એચ.ડી. થયેલ વિદ્યાર્થીઓ પૈકી ૯૫% વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે છે. આમ કૃષિ મહાવિદ્યાલયો અને કૃષિ યુનિવર્સિટીઓનું મહત્વ ઘણું જ છે.

અનુસંધાન પાના નં.૬

# થરા નગર પાલિકા પ્રમુખે ચાર્જ સંભાળ્યો

**કાયમી ચીફ ઓફીસરની જગ્યા ભરાશે**

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગર પાલીકના પ્રમુખવિનોદજી આર ઠાકોર સામાજીક કારણોસર બેમાસની રજા પર તારીખ.૨૦/૨/૧૮થી જતાં પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખ ધીરજભાઈ કે.શાહે સંભાળ્યો હતો.ગઈ કાલે તાલુકા પંચાયતના પ્રમુખ વરધીજી ઠાકોરની હાજરીમાં થરા નગર પાલીકના પ્રમુખપદ નો ચાર્જ વિનોદજી આર ઠાકોરે ઉપ.પ્રમુખ ધીરજ કે.શાહ પાસેથી સંભાળ્યો હતો.

છેલ્લા ઘણા વર્ષથી થરા નગર પાલીકના ચીફ ઓફીસરની જગ્યા ખાલી હોવાથી આ જગ્યા સત્વરે ભરાય તેવી લાગણી છે,આ પ્રસંગે થરા શહેર કૉંગ્રેસ પ્રમુખ અલ્પેશ શેઠ, રાકેશ શાહ, અમરતજી ઠાકોર, જોગાજીઠાકોર, વિપુલ પ્રજાપતિ, અશ્વીનજી ઠાકોર, સોવનજી ઠાકોર, કમાલખાન, ઈકબાલ તેમજ થરા નગર પાલિકા ના કોર્પોરેટર તથા કૉંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# વડગામ તા.પં.કારોબારી સમિતિમાં નવ સભ્યોનો સમાવેશ

**પાંચ મહિલા, ચાર પુરૂષ ડેલિગેટોને જવાબદારી સોંપાઈ**

તા.પ્રતિ. વડગામ

કોંગ્રેસ શાસિત વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ રાબિયાબેનની અધ્યક્ષતામાં ગત મંગળવારે યોજાઈ હતી. તા. વિકાસ અધિકારી એ.એમ.પરમારે સ્વાગત પ્રવચન કરી ડેલિગેટોને આવકાર્યા હતા. વિસ્તરણ અધિકારી ભરતભાઈ પટેલે ગત સભાનું પ્રોસિડીંગ વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ કારોબારી સમિતિની અને સામાજીક ન્યાય સમિતિની રચના કરવામાં આવી હતી.

કારોબારી સમિતિમાં (૧) મેમુનાબેન યુ.મુખી (૨) નીતાબેન એમ.ચૌધરી (૩) શાન્તાબેન એન.રાજપુત (૪) જયાબા ડાભી (૫) હારૂનભાઈ જગરાળા (૬) જહીરૂદીનભાઈ બિહારી (૭) સમસુદીન ઢૂક્કા (૮) લક્ષ્મણભાઈ એમ.ભટોળ (૯) શાયરાબેન એમ.નાગોરી જ્યારે સામાજિક ન્યાય સમિતિના સભ્યમાં (૧) દાંનીબેન વિ. વણઝરા

અનુસંધાન પાના નં.૬

# બાંકલી (રાજસ્થાન) નગરે સદગુરૂધામમાં પૂ.ગુરૂવરનો ભવ્ય મહા પ્રવેશ

બાંકલી

રાજસ્થાન બાંકલી નગરમાં નવનિર્મિત 'સદગુરૂધામ' ખાતે પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજીના શિષ્ય, અનેક તિર્થોના સ્થાપક હીંકારના આરાધક જ્યોતિષાચાર્ય સદ્ગુરૂધામના માર્ગદર્શક પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રીમદ્ ભદ્રાનન્દ વિજયજી ગણિવર્યનો ભવ્ય મહાપ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવનાર છે, જેમાં તમામ સમાજ બંન્ધુ ગુરૂવરની પાવન નિશ્રામાં અલૌકિક દિવ્ય ભવ્યતપ કાર્યક્રમના પ્રસંગે ધર્મનો લાભ લેવા શ્રી ક્ષત્રીય ઘાંચી સમાજ સદગુરૂધામ ટ્રસ્ટ-બાંકલી દ્વારા જણાવાયુ છે.

મંગલમય કાર્યક્રમ-વૈશાખ સુદ પૂર્ણિમા સોમવાર તા.૩૦/૪/૨૦૧૮ ના શુભદિને સવારે ૭-૦૦ કલાકે ભવ્ય મહાપ્રવેશ, ૯-૩૦ કલાકે વિશાળ ધર્મસભા યોજાશે. સાંજે ૬-૦૦ કલાકે ભજન સંધ્યા

અનુસંધાન પાના નં.૬

**ડીસા નગર સેવા સદન**
**ટેન્ડર નોટીસ**

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને ૧૫ એમએમના વોટર મીટર ખરીદવાના હોઇ તો સ્ટાન્ડર્ડ કંપનીના વોટર મીટર ધરાવતી એજન્સી પાસેથી આ અંગે ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.com ઉપર મેળવી લેવા જણાવવામાં આવે છે.

નં.પા.પા.પુ./વશી સને ૨૦૧૮/૧૯
નગરપાલિકા કચેરી
ડીસા તા.૨૫/૪/૨૦૧૮ — ડીસા નગરપાલિકા

**જાહેર નોટીસ**

**ડીસાના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ.ડીસા**

દિવાની પરચુરણ અરજી નં. ૨૩/૨૦૧૮
અરજદારના વ.શ્રી બી.જે.જોષી

<u>અરજદાર :</u> વાઘેલા લીલાબેન તે રામજીભાઈ રણછોડભાઈની વિધવા ઔરત,ઉ.વ.આ.૫૮, ધંધો-ઘરકામ, રહે. ઢેઢાલ, તા. ડીસા જિ.બનાસકાંઠા

<u>વિરૂધ્ધ</u>

<u>સામાવાળા :</u> (૧) દિપકભાઈ રામજીભાઈ વાઘેલા ઉ.વ.આ.- ૩૦, ધંધો - ખેતી
(૨) સંગીતાબેન રામજીભાઈ વાઘેલા ઉ.વ.આ.-૨૭, ધંધો - ઘરકામ
(૩) અનીલભાઈ રામજીભાઈ વાઘેલા ઉ.વ.આ.-૨૫ ધંધો - ખેતી
તમામ રહે. ઢેઢાલ, તા. ડીસા, જિ.બનાસકાંઠા

આથી તમોને જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ડીસા ના મે. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી કે.પી.પાચોડે સાહેબની કોર્ટ, ડીસા માં દિ.પર. અરજ નં. ૨૩/૨૦૧૮ થી ઉપરોક્ત અરજદારે તેઓના પિતાશ્રી મર્હુમ વાઘેલા રામજીભાઈ રણછોડભાઈનું તા.૨૭/૭/૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે.

આમ અરજદારના મર્હુમ પિતાશ્રી માધુપુરા - ઢેઢાલ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે નોકરી કરતા હતા અને તેઓનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થયેલ હોઈ જેથી મર્હુમની મળવા પાત્ર રકમ એટલે કે મામલતદારશ્રી ડીસા ના તા.૧૧/૧/૨૦૧૮ ના પત્ર મુજબની રકમ રૂા. ૭,૦૦,૦૦૦/- કે તે ઉપર જે કોઈ પણ રકમ મળવાની થતી હોય તેવી મળવા પાત્ર તમામ રકમ/સહાય/લાભ મેળવવા અરજદારે વારસાઈ સર્ટીફીકેટની અત્રેની કોર્ટમાં માંગણી કરેલ છે.

આ કામના અરજદારે કરેલ દાવા અંગે જો કોઈ હીત, હક્ક કે અધિકાર ઉપરોક્ત રકમ પર ધરાવતા હોય તે વ્યક્તિએ અત્રેની કોર્ટમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં જાતે યા વકીલ મારફતે પોતાના વાંધા રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશે તો વારસાઈ સર્ટીફીકેટ અરજદાર મેળવવા હક્કદાર રહેશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫ મી એપ્રીલ ૨૦૧૮ ના રોજ અમારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | રજીસ્ટ્રાર |
|---|---|---|
| (જી.સી.મકવાણા) | (એસ.એ.નાયર) | (એચ.એચ.રાવલ) |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ | પ્રિન્સી,સીની.સિવીલ કોર્ટ, ડીસા |

# તંત્રી સ્થાનેથી ...

**જેના પાસે આશા છે તેની પાસે બધું જ છે.**

## પંચાયતી રાજની સંસ્થાઓનું માળખું મજબૂત બનાવવું જરૂરી

રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારના લોકોને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે સંદર્ભે પંચાયત રાજની રચના કરવામાં આવી હતી. અને દર વર્ષે ૨૪ એપ્રિલે પંચાયતી-રાજ દિનની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે ગત મંગળવારે પંચાયતી રાજ દિને ગાંધીનગરમાં કોંગ્રેસ શાસિત ૨૪ જિલ્લા અને ૧૪ તાલુકા પંચાયતોના પ્રમુખ સહિતના હોદેદારો ભાજપ સરકારની પંચાયતી રાજ સંસ્થાઓના અધિકાર પર તરાપ મારવાની જાતિના વિરોધમાં પંચાયતી રાજ બચાવ આંદોલન છોડવાનું એલાન કર્યું છે તે કંઈ ખોટું નથી. કેમ કે ગ્રામ્ય વિસ્તારમાં લોકોની સુખાકારીમાં વધારો થાય તે જરૂરી છે પરંતુ હાલમાં જે તે ગ્રામ્ય યોજનાઓ આવે છે તેનો કેટલો લાભ ગ્રામ્ય જનતાને મળે છે તે બાબતની સમીક્ષા થવી જોઈએ.

ગ્રામ્ય યોજનાઓને વધુમાં વધુ સાકાર કરવા માટે સરકારે ખરેખર નવી જાતિ અખત્યાર કરવી જોઈએ અને પ્રત્યેકને લાભ થાય તે બાબતે દર વર્ષે યોજનાની સમીક્ષા થવી જોઈએ, દૂર દરાજના ગામડાઓમાં જે પ્રજા રહે છે તેઓને સરકારી લાભોની યોજનાઓનો ખ્યાલ હોતો નથી. એટલે તેઓ યોજનાના લાભથી વંચિત રહી જાય છે.રાજ્યના છેવાડાના લોકોને સરકાર યોજનાઓનો લાભ પહોંચાડવા માટે ગ્રામ્ય તાલુકા અને જિલ્લા એમ ત્રિસ્તરિય માળખું રચવામાં આવેલ. જો કે તત્કાલિન કોંગ્રેસની કેન્દ્ર સરકારે બંધારણમાં સુધારો કરીને ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા પંચાયતોના ચૂંટાયેલા પ્રમુખ સહિતના હોદેદારોને અધિકારો આપ્યા હતા.

ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપ સત્તાધિન છે અને એક સમયે પંચાયતી રાજના વહીવટમાં નમુનેદાર કામગીરી કરનારી આ સસ્થાને પર યેનકેન પ્રકારે કબજો જમાવવા માટે સરકાર પ્રયાસો રહી છે. તે યોગ્ય તો ન જ કહેવાય, જે સંસ્થાના સત્તાધિશોને આપેલા અધિકારો ઉપર તરાપ મારવાની વિચાર સરણી યોગ્ય ન કહેવાય. પંચાયતી રાજના વહીવટમાં નમૂનેદાર કામગીરી કરનારી સંસ્થાઓને વધુ અધિકારો પ્રાપ્ત થાય અને ગ્રામ્ય જનતાના કામો ઝડપથી થાય તે બાબતે સરકારે ધ્યાન આપવાની તાતી જરૂર છે.

ગુજરાતમાં ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા પંચાયતોની બે ચૂંટણીમાં ભાજપનો પરાજય થયો છે અને મોટા ભાગની તાલુકા-જિલ્લા પંચાયતો કોંગ્રેસ કબજે કરી હોવાથી ભાજપ સરકારે આ સંસ્થાઓના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓના અધિકારો પર તરાપ મારવાની નીતિ અપનાવી હોવાનું બહાર આવ્યું છે.

વળી સરકારે જુદા જુદા ઠરાવો કરીને પરોક્ષ રીતે તાલુકા જિલ્લાનો વહીવટ સરકાર હસ્તક અથવા વિકાસ કમિશનર હસ્તક રહે તેવા નિર્ણયો કર્યા છે, સરકારની આ રીતની નીતિના કારણે સ્થાનિક સ્તરે ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ વહીવટ કરી શકતા નથી અને પંચાયતી રાજમાં ગુજરાત સમગ્ર દેશમાં ૧૮ મા ક્રમે ધકેલાઈ ગયું છે.

ગુજરાતમાં જેમ સરકારી મામલાની જેમ જ પંચાયતી રાજની સંસ્થાઓનું માળખું મજબૂત હતું. પરંતુ ભાજપ સરકારની નીતિના કારણે આ માળખું વેર વિખરે થઈ ગયું હોવાનો આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવેલ. આ બાબતે હવે વિપક્ષ આંદોલન છેડે તેવી શક્યતા જણાય છે.

## નવા પીસી પ્લયરે ભારતમાં પ્રવેશ માટે ફ્લિપકાર્ટની સાથે કરી ભાગીદારી



યૂએસ આધારિત આઈ-લાઈફ ડિજીટલ ટેકનોલોજીએ ભારતીય ઈલેક્ટ્રૉનિક્સ બજારમાં પ્રવેશ કરવા માટે ભારતના સૌથી મોટા ઈ-કોમર્સ પ્લેટફોર્મ ફ્લિપકાર્ટની સાથે ભાગીદારીનું એલાન કર્યુ છે. આઈ-લાઈફે પોતાના પહેલા સેલમાં ભારતીય ગ્રાહકો માટે બજેટ-સ્માર્ટ પ્રોડક્ટ્સની ટૉપ-સેલિંગ 'જેડઈડી' રેન્જ માટે ઓર્ડર લેવાનું શરૂ કરી દીધું છે અને ૩ મેથી ડિલીવરી શરૂ થઈ જશે. કંપની પહેલી વાર ખરીદનારા ગ્રાહકો તથા પહેલા અને બીજા સ્તરના શહેરોના ગ્રાહકો પર વિશેષ રીતે ધ્યાન આપી રહ્યા છે. ફ્લિપકાર્ટની બેજોડ પહોંચ અને સર્વિસ ડિલીવરીના ચાલતા આ ભારતીય બજારમાં પ્રવેશ માટે અમારી સ્વાભાવિક પસંદગી હતી. લોકોના જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે ઈનોવેટિવ ઉત્પાદનો વિકસિત કરવું અમારું મુખ્ય મિશન રહ્યું છે. 'જૈડઈડી' સીરીઝમાં સામેલ છે, જૈડઈડી બુક ૨ ઈન ૧ ડિટૈચેબલ લેપટોપ (ગોલ્ડ અને ગ્રે માં), જૈડઈડી એર લેપટોપ (સિલ્વર અને ગ્રે માં) ઐર જૈડઈડી એર પ્રો (સિલ્વર) અલ્ટ્રા સ્લિમ નોટબુક (આ કેટેગરીમાં સૌથી સ્લિમ નોટબુક) આઈડીસી અનુસાર આ પ્રોડક્ટ ગયા વર્ષે સ્ઈ્છ ક્ષેત્રમાં એન્ટ્રી લેવલ નોટબુક અને ટેબલેટ કેટેગરીમાં મુખ્ય પગલા પર છે. દરેક ઉત્પાદન ૧૦,૦૦૦ રૂ. થી ૧૫૦૦૦ રૂ.ની આકર્ષક કિંમત પર ઉપલબ્ધ છે.

## ગોટલીમાં વિટામિન બી ૧૨ ભરપૂર : ડો.ગોરધન પટેલ

હિન્દીમાં કહેવાત છે કે, 'આમ તો આમ ગુટલાઓ કે ભી દામ' ને સાર્થક કરતા અમેરિકા સ્થિત જે.પી લેબોરેટરીસના માલિક, સંશોધક અને સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. ગોરધન પટેલે ગોટલી પર સંશોધન કરીને એક ગોટલી બે કિલો રસ કરતા વધારે પોષક મૂલ્ય પુરું પાડે છે. ગોટલીમાં રહેલા મેગ્નેફરી નામના તત્વથી ડાયાબિટીસ પર નિયંત્રણ મેળવી શકાય છે. શહેરમાં મોટી સંખ્યામાં ભારતમાં ૨૦ મિલિયન ટન કેરી અને બટાકાનું ઉત્પાદન કરવામાં આવે છે. બટેકા કરતા ગોટલીમાં પોષકમૂલ્ય વધારે ધરાવે છે. ગોટલીમાં સંતુલિત જથ્થામાં પોર્ટીન, કાર્બોહાઈટ્રેડ, ઓઈલ, વિટામિન્સ અને ફાઈટો કેમિકલ પૂરતી માત્રમાં ઉપલબ્ધ છે તે જણાવતા ડો. ગોરધન પટેલે જણાવ્યું કે, અત્યારે આપણે ઉત્તમ ખોરાકને ફેંકી દઈએ છીએ. જેની કિંમત લગભગ આઠ હજાર કરોડ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, કેરીના ગોટલામાંથી મળતા મેગ્નેફરી નામના તત્વથી ડાયાબિટીસની બીમારીમાં લાભ થાય છે. મેગ્નેફેરી નામના કેમિકલની ઈન્ટરનેશનલ માર્કેટમાં ૧ ગ્રામના ૧૮૦ ડોલર એટલે કે ૧૦ થી ૧૨ હજાર રૂપિયા કિંમત થાય છે. આ મેગ્નેફરી તત્વ એન્ટિ ડાયાબિટીસ, એન્ટિ ઓકિસડેન્ટ તેમજ એન્ટી એજીગનું કામ કરે છે. ગોટલીમાં ૨૦ ગણું વધુ પ્રટીન અને ૫૦ ઘણું વધારે તેલ છે. ગોટલીમાં કાર્બોહાઈટ્રેટની યોગ્ય ટકાવારી સ્ટાર્ચના સ્વરૂપમાં છે. ગોટલીના પાઉડર બનાવીને લોટમાં ઉમેરી રોટલી, પૂરી, ગોટા, ગાઠીયા, ભજીયા, મીઠાઈઓ અને અન્ય વિશેષતાવાલી વાનગીઓ બનાવી શકાય છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## fbb એ ઈન્ડિયાના શ્રેષ્ઠ કૉટનમાં પોલો ટી-શર્ટની નવી રેન્જ લૉન્ચ કરી



ફ્યૂચર ગ્રુપના ફેશન ડેસ્ટિનેશન, કહ્હ એ ઈન્ડિયાના શ્રેષ્ઠ કૉટનમાં પુરુષો માટે ટી-શર્ટ્સની એક વિસ્તૃત શ્રેણી લૉન્ચ કરી છે. સૌથી શ્રેષ્ઠ કૉટન ફાઈબરથી બનેલા આ ટી-શર્ટ્સનું એક વિશેષ મુલાયક કપડું જે આ તપતી ગરમી માટે સૌથી અનુકૂળ છે. સર્વશ્રેષ્ઠ ઈન્ડિયન કૉટનથી બનેલા આ ટી-શર્ટ, ગરમીઓમાં સૌથી વધુ આરામ આપશે. હવે ફૈશનિસ્ટ આ કલેક્શનમાં સ્ટાઈલ અને આરામ બંનેનો આનંદ લઈ શકશે. fbb નું નવીનતમ પોલો કલેક્શન ચાર બ્રાન્ડોમાં ઉપલબ્ધ છે – ડીજે એન્ડ સી, બફૈલો, ઉમ્બ્રો સ્પંક, લી કૂપર્સ એન્ડ ચૈમ્પિયન. પુરુષોના પોલો ટી-શર્ટના આ નવા સંગ્રહમાં સૉલિડ, પ્રિન્ટેડ, સ્ટ્રિપર, બ્લૉક અને ફૈશન પોલોઝ સહિત એક વિસ્તૃત શ્રેણી ઉપલબ્ધ છે. ૩૯૯ રૂપિયાથી શરૂ થતા આ નવા કલેક્શન ફેશન પ્રેમીઓ માટે એક વિશેષ આકર્ષણ હશે. નવું પોલો ટી-શર્ટ કલેક્શન સ્ટાઈલિશ અને આધુનિક છે અને કૉટન કપડાની સાથે ગરમીઓ માટે એકદમ યોગ્ય છે. fbb આ નવું કલેક્શન વિભિન્ન રંગો જેમકે નેવી બ્લૂ, મસ્ટર્ડ, રેડ અને બ્લેકમાં ઉપલબ્ધ છે. રંગો અને ડિઝાઈનોની આ વિશાળ શ્રેણી એક કલેક્શનમાં ઉપલબ્ધ હોવાની સાથે, જો તમે આ ગરમીઓમાં સર્વશ્રેષ્ઠ દેખાવા ચાહો છો તો નિશ્ચિત રૂપે એ જગ્યા છે જ્યાંથી તમે શૉપિંગ કરવા ચાહશો.

## જેડબ્લ્યુ ફેશન હાઉસ અને રીટેલના અગ્રણીએ એક મોટું ગૌરવ પ્રાપ્ત કર્યું



જેડબ્લ્યુ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિ.કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર જિતેન્દ્ર ચૌહાણે તાજેતરમાં ૧૦મી એપ્રિલના રોજ મુંબઈ ખાતે રેમન્ડ દ્વારા આયોજીત એક સમારંભમાંરિટેઈલ સેકટરમાં સૌથી પ્રગતિશીલ રીટેઈલ સંસ્થા બનવા બદલ રેમન્ડના સીઈઓ સંજય ભેલતરફથી એવોર્ડ મેળવ્યો હતો. જેડબ્લ્યુ એ તાજેતરમાં તેના ઈન-હાઉસ લેબલ JB Sports,WYRE, Jade Blue, London Edition, Metal, JB Studio, GreenFibre, Modi Kurta,Modi Jacket launch તેમજ લગ્નની આવનારી સીઝન માટે ના કલેકશન કર્યા છે. SS18 આ ઉપરાંત, સ્ટોરમાં ઘણી જાણીતી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસ તેમજ કાપડ અને ટેલરીંગની સેવાઓ ઉપલબ્ધ છે.

## 'અઝાફ્રાન ઓર્ગેનિક્સ બેબી'ના લોન્ચ સાથે અઝાફ્રાનનો બેબી કેર સેગમેન્ટમાં પ્રવેશ



ફોટો : શાંતી શાહ

પર્યાવરણને અનુકૂળ રહેવાનાં અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો બનાવવાનાં પોતાનાં સિદ્ધાંતોને વળગી રહનાર અઝાફ્રાન ઈનોવેશિયોં લિમિટેડે બેબી કેર સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. ઓર્ગેનિક પર્સનલ કેર માર્કેટમાં સફળતાપૂર્વક પોતાનું સ્થાન જમાવ્યા બાદ કંપની હવે બેબી કેર પ્રોડક્ટ્સ લઈને આવી છે. બ્રાન્ડનો ઉદ્દેશ આધુનિક રિટેલ સ્ટોર્સ, મલ્ટિ બ્રાન્ડ આઉટલેટ અને જનરલ ટ્રેડનાં સમન્વય થકી વિસ્તરણ કરવાનો છે તથા મોટી વિવિધ રિટેલ ચેઈન સાથે જોડાણ કરવા માટે કાર્યરત છે. અત્યારે કંપની આ પ્રોડક્ટ્સ માટે ૨૦ લાખ અને તેનાથી વધારે વસતિ ધરાવતાં તમામ મેટ્રો, શહેરો અને નગરોને ધ્યાનમાં રાખી રહી છે. બાળકોની નાજુક ત્વચાની સુરક્ષા માટે કુદરતી અને ઓર્ગેનિક તત્વ ખૂબ જરૂરી છે તે બાબતને ધ્યાનમાં લેતાં અમે સર્ટિફાઈડ ઓર્ગેનિક તત્વો સાથે અમારી બેબી કેર રેન્જ શરૂ કરી છે. પેઢી દર પેઢી મહિલાઓના જ્ઞાન, પરંપરાગત પદ્ધતિઓ અને આધુનિક સંશોધનની સલામતીની ખાતરીઓનો સુભગ સમન્વય કરીને અમે નારિયેળ, સોયા તથા ઓલિવ જેવા પ્લાન્ટ આધારિત તત્વોનો જ ઉપયોગ કરીએ છીએ જે ત્વચાને કોમળ બનાવે છે તથા આનંદદાયક સુગંધ આપે છે.એઝાફ્રાન ડી'ફેન્ડ એસપીએફ ૫૦ અને એસપીએફ ૩૦ સનસ્ક્રીન ક્રીમ્સ બે વર્ષથી વધુ ઉંમર ધરાવતા બાળકો માટે આદર્શ છે. દૂધ, બેબી ઓઈલ, ફોર્મ્યુલા રેસિડ્યુ વગેરે જેવા જિદ્દી ડાઘ દૂર કરવા માટે અઝાફ્રાને ખાસ ૬ ઈન ૧ ઈકો-ફ્રેન્ડલી લિક્વિડ લોન્ડ્રી ડિટર્જન્ટ ટ્રોપિકલ બ્રીઝ બનાવ્યો છે.

## કનકેશ્વરી દેવીની ભાગવત સપ્તાહમાં માનવમહેરામણ ઉમટ્યો

અમદાવાદ

હાલ જ્યારે વિવિધ પ્રકારના ધાર્મિક તથા અન્ય સેવાના કામ માટે લોકો ડાયરો તથા સપ્તાહ સહિત અનેકવિધ કાર્યક્રમો યોજતા હોય છે તેવી રીતે ગૌશાળાના લાભાર્થે હાલ સાયન્સ સીટી ખાતે ચાલી રહેલી પૂ. કનકેશ્વરી દેવીની ભાગવત સપ્તાહમાં ભકતો તરબોળ થઈ રહ્યા છે. વારાહી ખાતે આવેલી શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળાના લાભાર્થે આ સપ્તાહ ચાલી રહી છે.વારાહી ગામ પાકીસ્તાનની સરહદે આવેલુ ગામ છે. રણમાં આવેલા આ ગામમાં વારંવાર દષ્કાળ પડે છે અને પીવાના પાણીની અછત રહ્યા કરે છે. આ વિસ્તારમાં કોઈ મોટા ઉધોગો નથી તેથી તેમાં કોઈનો ટેકો મળી રહે. તેમ છતા કેટલા યુવાનોનું હ્દય દ્રવી ઉઠયુ અને હનુમાનજીના આર્શીવાદ સાથે ગૌશાળાનો પ્રારંભ કર્યો. હાલ આ ગૌશાળામાં ૩૫૦૦ ગાયોની સેવા થઈ રહી છે તેથી આ ગાયોને વધુ સારી રીતે અને વધુ ગાયો આવે તો પણ તેમની સેવા થઈ શકે તે ઉદેશથી આ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ છે. સોલા સાઅસ સીટી ખાતે શુકન બંગલો પાસેનું મેદાન ગોકુલધામ ખાતે કથા મંડપમાં ગરમીથી શ્રધ્ધાળુઓને ગરમી ન લાગે તે માટે એસી મંડપ બાંધવામાં આવ્યો છે. આ ઉપરાંત આ સપ્તાહ પુર્ણ થયા બાદ કોઈ શ્રાવક ભુખ્યો ન રહે તે માટે પરસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સપ્તાહમાં મુખ્ય યજમાન શ્રીમતિ લલીતાબેન વલ્લભરામ અખાણી તથા પીયુષભાઈ ઠક્કર તથા વિપુલભાઈ ઠક્કર તથા પ્રેરક યજમાન સ્વ મુળજીભાઈ નરભેરામ ગોકલાણી પરિવાર વારાહી તથા પરષોતમભાઈ ગોકલાણી , ફરસુભાઈ ગોકલાણી તથા રમેશભાઈ ગોકલાણી છે.

## હુવાવે એ બહુપ્રતિક્ષિત P20 સિરીઝ રજુ કરી – હુવાવે P20 Pro અને હુવાવે P20 lite ને ભારતમાં રજુ કર્યા



હુવાવે કન્ઝયુમર બિઝનેસ ગ્રુપ (સીબીસી) એ આજે ભારતમાં બહુપ્રતિક્ષિત હુવાવે P20 Pro અને હુવાવે P20 lite ને બજારમાં રજુ કરવાની ઘોષણા કરી. હુવાવે P20 Pro માં ફિચર્સ પ્રીમિયમ સ્માર્ટફોન સેગેમેંટમાં ઉચ્ચ સ્કોર ધરાવતો વિશ્વનો સૌપ્રથમ લાઈકા ત્રિપલ કેમેરા છે, જેને ડિસ્કોમાર્કની સ્વીકૃતી મળેલ છે.અમારી ભારત માટેની વ્યુહરચના અંતર્ગત અમે છેલ્લા ૧૮ વર્ષોથી ભારતમાં હાજરી ધરાવીએ છીએ અને ભારતમાં સતત રોકાણ કરી બજારમાં અમારી હાજરીનું વિસ્તરણ કરી રહયા છીએ. અમારી નવીનતાઓ ધરાવતી શ્રેષ્ઠ ટેકનોલોજી દ્વારા સંવર્ધતિ ગ્રાહક અનુભવ પ્રદાન કરતી આ રજુઆત અમારા માટે સિમાચિહ્ન છે. અમને વિશ્વાસ છે કે આ નવીન પ્રોડકટસ ઉધોગમાં પુનઃવ્યાખ્યા કરશે અને નવીનતા પર કેન્દ્રિત ભારતીય ગ્રાહકોને આકર્ષિત કરશે તથા આ બજારમાં અદ્વિતીય વૃદ્ધિ સુનિશ્ચિત કરશે. અમારી કવોલીટી, નવીનતા, ગ્રાહકોના અનુભવ પર કેન્દ્રિત ધ્યાન અને પ્રતિબદ્ધતાને પરિણામે હુવાવે ડિવાઈસીસ ગ્રાહકોને આકર્ષિત કરે છે. 'ડિઝાઈન, નવીનતા અને સર્વશ્રેષ્ઠ અનુભવ પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરતા હુવાવે સમગ્ર વિશ્વ સાથે ભારતમાં વૃદ્ધિ કરી રહયું છે.

## ઈપાવરઓફગોલ્ડ અનુભવો: સ્માર્ટ્રોન દ્વારા ટીફોન પી ગોલ્ડ એડિશન લોન્ચ કરવા માટે બપ્પી લાહિરીને રોકવામાં આવ્યા




ભારતની પ્રથમ વૈશ્વિક ટેકનોલોજી ઓઈએમ કંપની અને અવ્વલ આઈઓટી સોલ્યુશન્સ બ્રાન્ડ સ્માર્ટ્રોન દ્વારા આજે કાંઈક બોલ્ડ અને ઝુંડમાંથી અનોખું તરી આવે તેવું જોતા લોકો માટે ટીફોન પીની સંપૂર્ણ નવી ગોલ્ડ એડિશન જાહેર કરી છે. ફોનનો આ ગોલ્ડ પ્રકાર ૨૪ એપ્રિલ, ૨૦૧૮થી ખાસ રૂ. ૭૯૯૯માં ફ્લિપકાર્ટ પરથી મળશે. આ વર્ષે અગાઉ રજૂ કરવામાં આવેલા ટીફોન પી સફળ થયા પછી સ્માર્ટ્રોન દ્વારા ગ્રાહકોની એકધારી માગણીને પહોંચી વળવા માટે સંપૂર્ણ નવો ગોલ્ડ પ્રકાર રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં પસંદગી માટે વધુ એક રંગનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે.બ્રાન્ડે ભારતના ગોલ્ડ મેન તરીકે જાણીતા ડિસ્કો કિંગ બપ્પી દા સાથે સોશિયવ મિડિયા પર નવી ટીફોન પી ગોલ્ડ સોના કહાં હૈ કેમ્પેઈન માટે ઈપાવરઓફગોલ્ડ રજૂ કરવા માટે ભાગીદારી કરી છે. ઝેનો ગ્રુપ ઈન્ડિયા દ્વારા સંકલ્પના અને અમલ કરાયેલી આ કેમ્પેઈન બપ્પી દા તેમની ગોલ્ડ જ્વેલરી ગુમાવે છે અને આખરે શક્તિશાળી ટીફોન પી ગોલ્ડના સ્વરૂપમાં મેળવે છે તેની વારતા દર્શાવવામાં આવી છે. કેમ્પેઈનના ભાગરૂપ સ્માર્ટ્રોને બપ્પી દા પર વિડિયોની સિરીઝ નિર્માણ કરી છે, જેમાં ગોલ્ડની તેમની જરૂરતને આલેખિત કરવામાં આવી છે. આ કેમ્પેઈન ૧.૫ મિલિયનથી વધુ લોકો સુધી પહોંચી હતી અને ઓનલાઈન અમુક રસપ્રદ વાટાઘાટ છેડી હતી.

## NCB ના હરિઓમ ગાંધીએ યુરો સ્કૂલના વિદ્યાર્થીઓને ડ્રગ અબ્યુઝવિષે સાવચેત કર્યા



અમદાવાદ

યુવાનો માટે યોગ્ય માર્ગ બતાવવો માતાપિતા અને શાળાની સમાન જવાબદારી છે. યુરોસ્કૂલ અમદાવાદે તેમના વિદ્યાર્થીઓને ડ્રગ એબ્યુઝના ખરાબ પ્રભાવ સામે શિક્ષિત કરવા માટે શ્રી હરિઓમ ગાંધી (ઝોનલ ડિરેક્ટર, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો, ભારત સરકાર) ને આમંત્રિત કર્યા હતા. જેમાં ગ્રેડ ૭ થી ગ્રેડ ૧૦ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તેમણે માહિતી આપવામાં આવી હતી કેડ્રગ ઉદ્યોગ આજના યુવાનોને કેવી રીતે આ અંધકાર તરફ લઈ રહ્યું છે તેના વિષે સાવચેતકર્યા હતા તેમજ આ ગંભીર મુદ્દાને હલ કરવા માટેના સરળ ઉપાય બતાવમાં આવ્યા હતા.બાળકોએ આ જાગૃતિ કાર્યક્રમમાં ગેરફાયદા અંગે સક્રિય રીતે ચર્ચા કરીઅનેવર્તમાન પરિસ્થિતિ વિશે વધુ માહિત શેર કરીનેઆ બદી સામે ઝુંબેશ ચલાવવા માટેતેઓને પ્રેરિત કર્યા હતા. આ સાથે, શ્રી ગાંધીએ વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં કસરત કરવા, તંદુરસ્ત રહેવા, વધુ ઝાડ છોડવા માટે પ્રોત્સાહન આપ્યું હતું

કારણ કે તેઓ આવતીકાલના સહભાગીઓ છે અને તેમના સ્વાસ્થ્ય અને પર્યાવરણ આરોગ્ય અમારા રાષ્ટ્રની પ્રગતિ માટે અત્યંત મહત્વ છે.

## સોનાલી બેન્દ્રે ઝી ટીવીના ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સીઝન ૩માં જજ તરીકે પાછી ફરી રહી છે



દેશની કેટલીક શ્રેષ્ઠ અભિનય પ્રતિભાના પ્રેરણાદાયી એક્ટ અને પર્ફોર્મન્સની સાથે દર્શકોનું મનોરંજન કર્યા પછી, ઝી ટીવીના આ માર્કી પ્રતિભા રિયાલિટી શો ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન થ્રી સાથે પાછો ફરી રહ્યો છે. શોએ તેની અગાઉની સિઝનમાં ઘણા બાળ કલાકારો જેવા કે, નિહાર ગીટે, કાર્તિકેય રાજ, તમન્રા દિપક, કાર્તિકેય માલવિયા, સ્વાતિ નિત્યા, પ્રણિત શર્મા અને ઘણા અન્યને મનોરંજન ઉદ્યોગમાં પોતાની છાપ ઉભી કરવા માટે મદદ કરી છે અને નામાંકિત કર્યા છે. તેની ત્રીજી આવૃતિ સાથે પાછા ફરતા ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝનો હેતુ, ભવિષ્યમાં સુપરસ્ટાર્સ બનવા માટે અભિનય ઉત્સાહિત લોકોની ક્ષમતાને મદદ પૂરી પાડીને એક બિનઅનુભવી મનોરંજન પૂરું પાડવાનું છે.આ શોમાં જ તરીકે સોનાલી બેન્દ્રે પરત ફરી છે, જે આ નાનકડા સ્પર્ધકોને ગ્રૂમ કરવામાં અને તેમને અભિનયના અલગ- અલગ હિસ્સામાં તાલિમ આપી તેમને તૈયાર કરતી જોવા મળશે. "ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝની કલ્પનાથી જ હું તેની સાથે જોડાયેલી છું અને મને દરેક નવી સિઝનની જાહેરાત સાથે હું મારી ઘરે આવી હોય એવું લાગે છે. મને આ શો હંમેશા ગમ્યો છે, કારણકે, તેનાથી આપણા દેશના બાળકોની અંદર રહેલી શ્રેષ્ઠ છૂપી પ્રતિભાને બહાર આવવાનો મોકો મળે છે. આ પ્લેટફોર્મ તેમના ભવિષ્યને આકાર આપવા માટે ઉત્પ્રેરક તરીકેની કામગીરી કરે છે, અને તેમને વિશ્વનો સામનો કરવાનો વિશ્વાસ આપે છે." તેઓની અલગ જ ઉર્જા અને તેમની પ્રમાણિક્તા અને તેમની કળા તરફની સમર્પિતતા જ છે, જે મને પ્રેરિત કરે છે."શોની ત્રીજી સિઝનના ઓડિશન હાલમાં તૈયારી ચાલી રહી છે તે દેશના અલગ- અલગ શહેરોમાં યોજાશે. ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન ૩ ઝી ટીવી પર પ્રસારિત થશે જલ્દી!

## ગોધા કેબકોન એન્ડ ઈન્સ્યુલેશન લિમિટેડનો આઈપીઓ ૨૭મી એપ્રિલનાં રોજ ખુલશે




મુંબઈ

ઈન્દોરની ગોધા કેબકોન એન્ડ ઈન્સ્યુલેશન લિમિટેડે શેરદીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૩૦,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનાં આઈપીઓ સાથે બજારમાં પ્રવેશ કર્યો છે. તેમાં શેરદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૩૦થી રૂ. ૩૩ છે. આ રીતે આઈપીઓનું કુલ મૂલ્ય રૂ. ૦૯ કરોડથી ૦૯.૯૦ કરોડ થાય છે. ઈશ્યૂમાં ૧,૬૦,૦૦૦ ઈક્વિટી શેર માર્કેટ મેકરનાં સબસ્ક્રિપ્શન રિઝર્વ રાખવામાં આવ્યાં છે અને જાહેર જનતાનાં સબસ્ક્રિપ્શન માટે ૨૮,૪૦,૦૦૦ ઈક્વિટી શેર ઉપલબ્ધ થશે, જેનું કુલ મૂલ્ય રૂ. ૦૮,૫૨,૦૦,૦૦૦થી રૂ. ૯,૩૭,૨૦,૦૦૦ છે. પબ્લિક ઈશ્યૂ ૨૭ એપ્રિલને શુક્રવારે સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૦૩ મે, ૨૦૧૮ને ગુરુવારે બંધ થશે. શેરનું લિસ્ટિંગ એનએસઈ ઈમર્જ પર થશે. આઈપીઓનાં બુક રનિંગ લીડ મેનેજર માર્ક કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે. ગોધાકેબકોન એન્ડ ઈન્સ્યુલેશન લિમિટેડ ઈન્દોરની કંપની છે અને ACSR/AAAC/AAC કન્ડક્ટર્સમાં અગ્રણી ઉત્પાદકોમાંની એક છે. કંપની મધ્યપ્રદેશમાં અગ્રણી ઉત્પાદકોમાંની એક છે અને શ્રેષ્ઠ ટેકનોલોજી સાથે સજ્જ લેટેસ્ટ મશીનો ધરાવે છે.

## નિરમા યુનિવર્સિટીનો ૨૫મો વાર્ષિક પદ્વીદાન સમારંભ યોજાયો



અમદાવાદ

નિરમા યુનિવર્સિટીનો ૨૫મો વાર્ષિક પદવીદાન સમારંભ તેના સંકુલમાં યોજાયો હતો. પદવીદાનના ભાગરૂપે ૬૦૪ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં મુખ્ય મહેમાન ભારત અર્થ મૂવર્સ લિમિટેડ, બેંગ્લોરના ચેરમેન અને એમડી શ્રી દિપક કુમાર હોટાએ જણાવ્યું હતું કે તમે જે નિપુણતા હાંસલ કરી હશે તે તમને ઝડપભેર કોર્પોરેટ સીડી ઉપર આગળ ધપવામાં સહાયક બનશે. તમારી સંસ્થા તમને શિખવાની જે તકો ઓફર કરતી હોય તે તમારે ઝડપી લેવી જોઈએઅથવા ઓનલાઈન કોર્સ લેવો જોઈએ, નિષ્ણાતોના વિડીયો સર્ચ કરવા જોઈએ અથવા તમારી વ્યક્તિગત જરૂરિયાતો અને કાર્યક્રમ સાથે બંધ બેસે તેવા જે કૌશલ્ય ઝડપથી શિખવા માટેના પોડકાસ્ટની જરૂર છે.આ સમારંભમાં અંદાજે ૨૨ પીએચ.ડીના વિદ્યાર્થીઓ, ૨૫૨ એમ.બીએના વિદ્યાર્થીઓ (ફૂલ ટાઈમ), ૪૯ એમબીએના વિદ્યાર્થીઓ (ફેમિલી બિઝનેસ અને આંત્રપ્રિનિયોર્શીપ), ૪૮ પાંચ વર્ષના બીબીએ-એમબીએ સંકલિત અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ,૧ બીબીએનો વિદ્યાર્થી, ૧૦૫ બીએ-એલએલબી (ઓનર્સ)ના વિદ્યાર્થી, ૫૭ બી.કોમ એલએલબી (ઓનર્સ)ના વિદ્યાર્થીઓ, ૫૫ બીબીએ-એલએલબી (ઓનર્સ)ના વિદ્યાર્થીઓ, ૩ માસ્ટર ઓફ લૉ (એલએલએમ)ના વિદ્યાર્થીઓ, ૪ બી.ટેકના વિદ્યાર્થીઓ, ૧ ડિપ્લોમાં સ્ટુડન્ટ, ૩ એમ.ટેક વિદ્યાર્થી અને ૪ એમએસસીના વિદ્યાર્થીઓને નિરમા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડો. કરસનભાઈ કે. પટેલના હસ્તે પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

## ગણપત યુનિવર્સીટી સાથે સંકળાયેલ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટમાં બીએમએફ કોર્સમાં વિદ્યાર્થીઓની પ્રથમ બેચ સ્નાતક થઈ



રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ - રેમીએ રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ અને હાઉસિંગ ફાઈનાન્સ (બીએમએફ ૨૦૧) - ડિસેમ્બર ૨૦૧૮ની બેચના સ્નાતકો માટે ૨૩ માર્ચ, ૨૦૧૮ના રોજ સૌ પ્રથમ કોન્વેન્શન હાથ ધર્યું હતું.રેમી નું ફ્લેગશિપ (મ્સ્હ્ર ૨૦૧) અમદાવાદમાં જીએનયુ સીસીઈ સાથે મળીને લોન્ચ કરવામાં આવ્યું હતું, ગુજરાત રિયલ એસ્ટેટમાં કારકિર્દી બનાવવાની આવશ્યક તકનિકી, વ્યવસાય અને ઉદ્યોગસાહસિક કુશળતા પર સહભાગીઓને તાલીમ આપે છે.રેમીના ડિરેક્ટર શુબિકા બિલ્ખાના દ્વારા આ સેરેમની શરુ કરવામાં આવી જ્યાં તેમણે વિદ્યાર્થીઓને રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં યોગદાન આપવા અને જ્ઞાન વધારવા માટેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, અને આ સેરેમનીના અંતમાં શ્રી રાજન પુરોહિત, ચેરપર્સન અને ડો. આર કે પટેલ, નાયબ નિયામક-જીએનયુ દ્વારા માહિતી આપવામાં આવી.પ્રત્યેક રેમી ગ્રેજ્યુએટ્સને રેમી, આઈઆઈએમ(યુએસએ) અને ગણપત યુનિવર્સીટી(જીએનયુ સીસીએ) દ્વારા રિયલ એસ્ટેટ ઉદ્યોગ પ્રત્યેના તેમના સમર્પણ અને પ્રતિબદ્ધતા માટે સર્ટિફિકેટ્સ અને લેટર ઓફ એપ્રિસિએશન આપવામાં આવ્યા.રેમી ગ્રેજ્યુએટ્સ દ્વારા કેટલાક ઈમોશનલ ટેસ્ટીમોનીઅલ શેર કરવામાં આવ્યાઆ ગ્રેજ્યુએશન સેરેમનીમાં હાજરી અને પરફોર્મન્સના આધારે પસંદ કરાયેલ વિદ્યાર્થીને રેમી ટ્રોફી આપવામાં આવી. આ સેરેમનીનો અંત રેમી પ્લેજ દ્વારા કરવામાં આવ્યો જેમાં પ્રેક્ષકો દ્વારા રિયલ એસ્ટેટમાં સુધારિત નૈતિકતા અને અખંડિતતાના શપથ લેવામાં આવ્યા અમારા બધા વિદ્યાર્થીઓ અને સહભાગીઓ રીઅલ એસ્ટેટમાં નૈતિક ધોરણો જાળવવા માટે તેમની વ્યક્તિગત પ્રતિબદ્ધતા દર્શાવવા ઈઈૈં પ્રતિજ્ઞા લે છે.

રેમી ખાતે અમે આવતીકાલના લીડર્સનું નિર્માણ કરવા માટે ગૌરવ અનુભવીએ છીએ. 'સ્કિલ ઈન્ડિયા ટુ બિલ્ડ ઈન્ડિયા' ના મિશન સાથે, ઝડપથી વિકસતા રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં અસર ઊભી કરવા માંગીયે છીએ.

# ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## ૨૦૨૦ ઑલિમ્પિક્સમાં ભાલો ૯૦ મીટર દૂર ફેંકવાનો લક્ષ્યાંક રાખ્યો છે : નીરજ ચોપરા



૨૧મી કૉમનવેલ્થ ગેમ્સમાં ભારત વતી ઍથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર ઍથ્લેટ નીરજ ચોપરાએ ૨૦૨૦ની ઑલિમ્પિક્સના મેડલ માટેની પોતાની શક્યતા વધારવા ભાલાને ૯૦ મીટર દૂર ફેંકવાનો લક્ષ્યાંક રાખ્યો છે.નીરજ ચોપડા કૉમનવેલ્થમાં ગોલ્ડ મેડલ જીતનારો મિલ્ખા સિંહ પછીનો બીજો ભારતીય છે. ૨૦ વર્ષીય નીરજ હરિયાણાનો છે અને તેણે કૉમનવેલ્થ ગેમ્સમાં ભાલો ૮૬.૪૭ મીટર દૂર ફેંકીને સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. તે ૨૦૧૬ની વર્લ્ડ જુનિયર ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે હવે આ વર્ષની એશિયન ગેમ્સ માટેની તૈયારી કરશે.વિશ્ર્વસ્તરે ભાલા ફેંકમાં સર્વશ્રેષ્ઠ ગણાતા ઝેક રિપબ્લિકના યૅન ઝેલેઝ્નીએ થોડા વર્ષો પહેલાંની સ્પર્ધામાં ભાલો ૯૮.૪૮ મીટર દૂર ફેંકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેનો આ વિશ્ર્વવિક્રમ કોઈ તોડી નથી શક્યું.

જર્મનીનો યોહાનાસ વેટર (૯૪.૪૪ મીટર) વિશ્ર્વમાં બીજા નંબરે અને જર્મનીનો જ થૉમસ રોહર (૯૩.૯૦ મીટર) ત્રીજા નંબરે છે.

## ભારતમાંથી પ્રતિભાશાળી ક્રિકેટરોને શોધશે ગૈરી કર્સ્ટન

**૯ શહેરોની મુલાકાત લેશે**

**દરેક શહેરમાંથી ૯-૯ ખેલાડીઓને પસંદ કરી પૂણે ખાતેના નેશનલ કેમ્પમાં ભાગ લેવાની તક આપશે**



ટીમ ઈન્ડિયાને ૨૮ વર્ષ બાદ વિશ્વકપ વિજેતા બનાવનાર કોચ ગૈરી કર્સ્ટન અત્યારે ભારતમાં એક ખાસ અભિયાનને પાર પાડી રહ્યા છે. આ માટે તેઓ નિષ્ણાંતોની મદદ પણ લઈ રહ્યા છે. ગૈરી કર્સ્ટન ભારતમાં અત્યારે યુવા પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ કરી રહ્યા છે. જે અંતર્ગત કર્સ્ટન ૧૮ મે સુધી દેશના ૯ શહેરો જેવા કે પૂણે, દિલ્હી, મુંબઈ, બેંગ્લુરુ, ચેન્નાઈ, જયપુરમાં ખાસ ટ્રાયલ કેમ્પનુ આયોજન કરશે. દરેક શહેરમાંથી તેઓ ૯ ખેલાડીઓની પસંદગી કરશે. પસંદ થયેલ ખેલાડીઓને પૂણે ખાતે નેશનલ કેમ્પમાં બોલાવવામાં આવશે. જેમાંથી ટોચના ૩ ખેલાડીઓને બે મહિનાની સ્કોલરશીપ આપવામાં આવશે.

ટ્રાયલમાં ભાગ લેવા માટે ખેલાડીએ પોતાનુ નામ અને શહેરનુ નામ લખીને આયોજકો દ્વારા જાહેર કરાયેલ નંબર પર મેસેજ કરવાનો રહેશે. મેસેજ મળ્યા બાદ આયોજકો એક લિંક મોકલશે. જેના પર ઉપલબ્ધ ફોર્મ ખેલાડીઓએ ભરવાનુ રહેશે. દિલ્હીમાં ૧૦ અને ૧૧ મેના રોજ પસંદગી માટેનો કેમ્પ યોજાશે. આજ રીતે દરેક શહેરમાં બે-બે દિવસ માટે કેમ્પનુ આયોજન કરવામાં આવનાર છે. પસંદ કરાયેલ ખેલાડીઓને ગૈરી કર્સ્ટન દક્ષિણ આફ્રિકા સ્થિત પોતાની ક્રિકેટ એકેડમી ખાતે લઈ જશે, જ્યાં તેમને ૩ મહિનાની ખાસ ક્રિકેટ તાલીમ આપવામાં આવશે.

## ખેલદિલીથી જીતવા કોઈ એક રમત જરૂર રમવી જોઈએ

દરેક વ્યક્તિને કોઈને કોઈ રમત ગમતી હોય છે. પણ તમે તમારી ગમતી રમતને રમો છો ખરા? જીવનની ભાગદોડમાં રમત માટે સમય ક્યાં, એવા બહાના ઘણા બનાવ્યા. પણ સાચે જીવવા માંગો છો તો જરૂર રમો કોઈ રમત. આમ તો પરિવાર સાથે વિકેન્ડ પર રમત રમો એટલે આપોઆપ જ રિફ્રેશ થઈ જવાય પણ રમત માત્ર એટલા માટે નથી રમવાની કારણ કે તેનાથી રિફ્રેશ થઈ જવાય છે. જીવનમાં દરેક સંબંધોને સાચવવા માટે જરૂરી ખેલદિલી અને જીંદાદિલી પણ રમત રમવાથી જ શીખવા મળે છે.

**ટીમ સ્પીરીટ**

કેવી રીતે એ સમજવું હોય તો એક ઉદાહરણ છે.

થોડા સમય પહેલાની વાત છે, મૈનચેસ્ટર યુનાઈટેડના ફુટબોલ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેમના સાથી પરસ્પર પોતાના પગથી બોલ વડે કરતબ બતાવી રહ્યા હતા. બોલ સાથે તેઓ જે કરતબ કરી રહ્યા હતા તે જોઈને બધા દંગ થઈ ગયા હતા. બોલ પર તેમનો કંટ્રોલ જોવાલાયક અને સરાહના લાયક હતો. એ સમયે કોઈ રમત નહોતી રમાઈ રહી પણ તો પણ તેઓ સાથે મળીને તાલમેલથી જે કરી રહ્યા હતા તેને જોવા માટે લોકોમાં એટલી જ કુતુહલતા જણાઈ હતી જેટલી ગેમ માટે હોય છે. વાત એટલી જ છે કે રમતનો મુખ્ય ઉદ્દેશ પોતાના શારિરીક અને માનસિક સંકલન અને સંતુલનને જાળવી રાખવાનો હોય છે.

કોઈપણ રમત હોય ક્રિકેટ, ફુટબોલ , કબડ્ડી, ખો-ખો, કે પછી વૉલિબોલ કે ચેસ જ કેમ ન હોય. આ બધી રમતમાં ચેંપિયન્સને પૂછશો તો તેઓ કહેશે કે દરેક રમતમાં એક સાયન્સ જોડાયેલુ છે. લૉજીકલ, મેન્ટલ ડેવલપમેન્ટનું સાયન્સ. ઉદાહરણ તરીકે ક્રિકેટ, ફુટબોલ કે ટેનિસમાં બોલ પર ધ્યાન હોય છે આ બોલ કયા કયા ખૂણામાંથી આવી શકે, કયા ઍંગલ પર કઈ દિશામાં તેને ફટકારીને વધુ લાભ મેળવી શકાય આ બધી વાતોનું તમારે ધ્યાન રાખવાનુ હોય છે. કોઈ ગોલ્ફ જેવી રમત હોય કે કેરમ જેવી તો કુકરી કે બોલ તો શાંતિથી સ્થિર જ હોય છે છતાં જો તમે દિશા અને ખૂણાઓનું ધ્યાન ન રાખો તો, તમે તેને બરાબર દિશામાં ન પણ મારી શકો એવુ બને. પણ આ ધ્યાન ત્યારે જ રાખી શકાય

જ્યારે શરીર અને દિમાગનું સંકલન એટલે કે સિક્રોનાઈઝેશન બરાબર હોય. દિમાગ અને શરીરની ગતિ પર તેમાં કામ થાય છે. અને એ જ સિક્રોનાઈઝેશન લોકોને આકર્ષે છે. એટલે જ તો ફુટબોલ, ક્રિકેટ, હોકિ જેવી ગેમ જોવા લાખો લોકો આતુર બનતા હોય છે. ટેનિસ જેવી રમત જોવા પણ સ્ટેડિયમમાં લોકોની ભીડ લાગે છે. વિચારવા જેવી વાત એ છે કે આ રમત જોવા જે સંખ્યામાં લોકો ભેગા થાય છે. એવુ કોઈ અન્ય મનોરંજનનું માધ્યમ જોયુ છે. ક્રિકેટ, કે ફુટબોલના સ્ટેડિયમમાં લોકો કિડિયારાની જેમ ઉભરાઈ છે. એવી ભીડ અન્ય ક્યા જોઈ છે. લગભગ નોટબંધીના સમયે બેંક સિવાય ક્યાંય નહી. અને એનુ કારણ એટલુ જ કે લોકો શારિરીક ચપળતા જે દિમાગના કમાન્ડ પર કામ કરે છે એને જોવામાં રોમાંચ અનુભવે છે.

ફિલ્મોમાં રોમાંચ હોય છે પણ એવો રોમાંચ નહીં જે રમતમાં હોય છે કારણ કે દિમાગ અને શરીરનું સંકલન નથી હોતું. કોઈ ડાયલોગ પર તાળી પાડવી અને રમત દરમિયાન કોઈએ મારેલા શોર્ટ પર ચિચિયારી પાડવામાં દેખીતો ફરક જણાઈ જ આવશે. કારણ એટલુ જ કે રમત તમે અધૂરા મનથી નહીં રમી શકો. તેમાં એક ધ્યાન હોવુ ખુબ જ જરૂરી હોય છે. રમત એવી વસ્તુ છે જેમાં તમે ડૂબ્યા વિના તમે તરી ન શકો. રમત કોઈ પણ હોય તેની આ જરૂરીયાત છે કે રમતવીર તેમાં પુરી રીતે કોન્સન્ટ્રેટ કરે, અને આ જરૂરિયાત જ તેની સૌથી શ્રેષ્ઠ વાત છે.

તમે પુરી રીતે રમતમાં નહીં ડૂબો તો તમે વ્યવસ્થિત રીતે રમી ન શકો. આ જ ગુણ છે રમતનો જે જીવનમાં કેળવવા જેવો છે. સંબંધ હોય કે કોઈ પણ કાર્ય, પોતે તેમાં સંપુર્ણપણે રત રહેશો તો જીત મેળવશો. ઘણીવાર સાંભળ્યુ હશે સ્પોટ્ર્સમેન સ્પિરિટ. આ શબ્દનો અર્થ હવે સમજી જ ગયા હશો. ખેલાડીની જેમ જીવન જીવશો તો તમને પણ મજા આવશે. કારણ કે ખેલાડી જ્યારે રમતના મેદાન પર જાય ત્યારે હંમેશા નવા જુસ્સા સાથે જાય છે. અને એ જોશ જ એને જીત સુધી દોરી જાય છે. કદાચ જીત ન પણ મળે તો હાર્યા બાદ પણ તેની ખેલદિલીતો જીતી જ જાય છે.**(જી.એન.એસ)**

## સ્પોર્ટસ ક્વીઝ

**ડો.પી.ડી.શર્મા**

**સવાલ :**

૧.૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ ખેલાડીઓ કયા દેશના હતા ?

૨. આઈપીએલનો પ્રતિબંધ સ્મિથ વોર્નરને ભારતીય ચાહકોના રોષથી બચાવશે ? હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૩. હાલમાં જ કયા ખેલાડીએ માયામી ટેનીસ ચેમ્પિયનશીપ જીતી હતી કયા ખેલાડીને હરાવીને ?

૪. ભારતીય ક્રિકેટ ટીમ માર્ચ ૨૦૧૯ સુધીમાં કુલ કેટલી આંતરરાષ્ટ્રીય મેચો રમશે ?

૫. અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ ચંદ્રકો જીતનાર દેશ કયો છે ?

૬. એશિયા ખંડમાં સૌ પ્રથમ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કયારે અને કયાં કરવામાં આવ્યુ હતું ?

૭. ૨૦૨૨ માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કયાં કરવામાં આવશે ?

૮. ૨૦૧૮ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરનાર ગોલ્ડકોસ્ટ ઓસ્ટ્રેલિયાનું કેટલામું શહેર છે?

૯.૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું મુદ્રાલેખ એમઓ શું છે ?

૧૦. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું શુભાંકર શું હતું ?

૧૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સના મુખ્ય સ્ટેડીયમનું નામ શું હતું ?

૧૨. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?

૧૩.હાલમાં જ ચીનમાં ટીએનજીન મુકામે રમાયેલ ભારત ચીને ડેવીસ કપ વર્લ્ડ ગ્રુપ પ્લે ઓફ ટાઈ સ્પર્ધા દરમ્યાન ભારતના લીએન્ડર પેસ ‘મેન્સ ડબલ્સ’ માં કયા ખેલાડી સાથે જોડી બનાવી હતી ?

જવાબ :

૧.૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ ખેલાડીઓ યજમાન દેશ ઓસ્ટ્રેલિયાદેશના ૪૭૪ ખેલાડીઓ હતા.

૨. આઈપીએલનો પ્રતિબંધ સ્મિથ વોર્નરને ભારતીય ચાહકોના રોષથી બચાવશે . હાલમાં જ આ વિધાન ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન ઈયાન ચેપલે કર્યું હતું.

૩. હાલમાં જ અમેરીકાના જોન આઈસનેટ, જર્મનીના ઝવેટેવને હરાવીને ખેલાડીએ માયામી ટેનીસ ચેમ્પિયનશીપ જીતી હતી.

૪. ભારતીય ક્રિકેટ ટીમ માર્ચ ૨૦૧૯ સુધીમાં કુલ ૬૩ આંતરરાષ્ટ્રીય મેચો ૧૨ ટેસ્ટ, ૩૦ વન-ડે અને ૨૧ ટવેન્ટી- ૨૦ મેચો રમશે.

૫. અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ ચંદ્રકો જીતનાર દેશ ઓસ્ટ્રેલિયા છે.

૬. એશિયા ખંડમાં સૌ પ્રથમ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ૧૯૯૮ માં મલેશિયામાં કુઆલાલુમ્પુર મુકામે કરવામાં આવ્યુ હતું.

૭. ૨૦૨૨ માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન યુ.કે.માં બર્મીંગહામ મુકામે કરવામાં આવશે.

૮. ૨૦૧૮ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરનાર ગોલ્ડકોસ્ટ ઓસ્ટ્રેલિયાનું પાંચમું શહેર છે. અગાઉ ૧૯૩૮ માં સીડની મુકામે, ૧૯૬૨ માં પર્થ મુકામે, ૧૯૮૨ માં બ્રિસ્બેન મુકામે, ૨૦૦૬ માં મેલબોર્ન કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી ચુકયા છે.

૯.૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું મુદ્રાલેખ એમઓ શેર ધ ડ્રીમ છે.

૧૦. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું શુભાંકર ‘બોરોબી’ ની પસંદગી શુભાંકર તરીકે કરવામાં આવી હતી.

૧૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સના મુખ્ય સ્ટેડીયમનું નામ કેરારા સ્ટેડીયમ છે.

૧૨. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સનું ઉદ્ઘાટન ઈંગ્લેન્ડના પ્રિન્સ ચાર્લ્સે કર્યું હતું.

૧૩.હાલમાં જ ચીનમાં ટીએનજીન મુકામે રમાયેલ ભારત ચીને ડેવીસ કપ વર્લ્ડ ગ્રુપ પ્લે ઓફ ટાઈ સ્પર્ધા દરમ્યાન ભારતના લીએન્ડર પેસ ‘મેન્સ ડબલ્સ’ માં રોહન બોપન્ના નામના ખેલાડી સાથે જોડી બનાવી હતી.

**-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)**

## વન-ડે ક્રિકેટમાં હેટ્રીકની ઘટનાઓ

**ખેલના મેદાનમાંથી** — **કમલેશ કંસારા**

ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ કોલકાત્તા ખાતેની ૨૧ મી સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ રમાયેલ બીજી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ભારતના સ્પીનર કુલદીપ યાદવે મૈથ્યુવેડ એસ્ટન એગર અને પૈંટ કમિન્સને લગાતાર ત્રણ બોલમાં આઉટ કરીને હેટ્રીક મેળવી હતી. વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં કુલદીપ યાદવ હેટ્રીક લેનાર વિશ્વનો ૩૮ મો અને ભારતનો ત્રીજો ખેલાડી બનેલ છે.

વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌ પ્રથમ હેટ્રીક લેનાર બોલર પાકિસ્તાનનો જલાલુદીન હતો. જેણે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ હૈદ્રાબાદ ખાતે ૨૦ સપ્ટેમ્બર ૧૯૮૨ ના રોજ હેટ્રીક મેળવી હતી. આ હેટ્રીકમાં એણે રોડની માર્શ,બ્રુસ યાડલી અને જયોય લોસનને પોતાના શિકાર બનાવ્યા હતા.

ભારતને માટે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં પ્રથમ હેટ્રીક લેનાર પ્રથમ બોલર ચેતન શર્મા હતો. જેણે ૩૧ ઓકટો. ૧૯૮૭ ના રોજ ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ નાગપુર ખાતે રમાયેલ વિશ્વકપની મેચમાં હેટ્રીક મેળવી હતી. આ વન-ડે ક્રિકેટમાં ત્રીજી હેટ્રીક હતી ચેતન શર્માએ કેન રૂથરફોર્ડ ઈઆન સ્મીથ અને ઈયાન ચેટફીલ્ડને આઉટ કર્યા હતા. આ ત્રણેય બેટસમેનો કલીન બોલ્ડ આઉટ થયા હતા.

કોલકત્તામાં ૪ જાન્યુ.૧૯૯૧ ના રોજ રમાયેલ એશિયા કપની ફાઈનલ મેચમાં ભારતના કપિલદેવે શ્રીલંકા વિરૂદ્ધ વન-ડે મેચમાં લગાતાર ત્રણ બોલમાં રોશન મહાનામા, રમેશ રત્નાયકે અને સનથ જયસૂર્યાને આઉટ કરીને હેટ્રીક મેળવી હતી.

અત્યાર સુધી કુલ ૩૮ બોલરોએ વન-ડે ક્રિકેટમાં હેટ્રીક મેળવી છે. શ્રીલંકાના લસીથ મલીંગાએ ત્રણ વાર હેટ્રીક લીધી છે. જ્યારે પાકિસ્તાનના વસીમ અકરમે અને સકલેન મુશ્તાક તથા શ્રીલંકાના ચામીંડાવાસે ૨-૨ વાર હેટ્રીક લેવામાં સફળતા મેળવી છે.

લસીથ મલીંગાએ પોતાની પ્રથમ હેટ્રીક દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ૨૮ માર્ચ ૨૦૦૭ ના રોજ પ્રોવીડેંસ ખાતે મેળવી હતી. તે સમયે મલીંગાએ ચાર બોલમાં ચાર વિકેટો લીધી હતી. કેન્યા વિરૂદ્ધ કોલંબોમાં ૧ માર્ચ ૨૦૧૧ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં મલીંગાએ પોતાની બીજી હેટ્રીક મેળવી હતી. જમોડી ઝડપી બોલર મલીંગાએ આ મેદાન પર ૨૨ ઓગષ્ટ ૨૦૧૧ ના રોજ રમાયેલ મેચમાં પોતાની ત્રીજી હેટ્રીક મેળવી હતી.

વસીમ અકરમે આ પ્રકારના ક્રિકેટમાં પોતાની પ્રથમ હેટ્રીક વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ શારજાહમાં ૧૪ ઓકટો. ૧૯૮૯ ના રોજ લીધી હતી. આ હેટ્રીકમાં અકરમે ત્રણેય ખેલાડીઓને કલીન બોલ્ડ કર્યા હતા. ૧૪ મે, ૧૯૯૦ ના રોજ અકરમે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ શારજાહમાં ફરીથી હેટ્રીક લીધી અને આ વખતે અકરમે ત્રણે ખેલાડીઓને ફરીથી કલીન બોલ્ડ કર્યા હતા.

પાકિસ્તાનના ઓફ સ્પીનર સકલેન મુશ્તાકે પોતાની પ્રથમ હેટ્રીક ઝીમ્બાબ્વે વિરૂદ્ધ ૩ નવે.૧૯૯૬ ના રોજ પેશાવર ખાતે લીધી હતી. ત્યારબાદ ઝીમ્બાબ્વે વિરૂદ્ધ ઓવલ ખાતે ૧૧ જુન, ૧૯૮૯ ના રોજ રમાયેલ વન-ડે મેચમાં બીજી વાર હેટ્રીક લીધી હતી. આ વિશ્વકપમાં બીજી હેટ્રીક હતી ચામીન્ડાવાસે વન-ડે ક્રિકેટમાં પોતાની પ્રથમ હેટ્રીક ઝિમ્બાબ્વે વિરૂદ્ધ કોલંબો ખાતે ૮ ડીસે.૨૦૦૧ ના રોજ લીધી હતી. ત્યારબાદ બીજી હેટ્રીક બાંગ્લાદેશ વિરૂદ્ધ પીટરમૈરીટઝબર્ગ ખાતે ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ લીધી હતી.

સૌથી વધુ હેટ્રીક શ્રીલંકામાં થઈ હતી. શ્રીલંકામાં આઠ વાર હેટ્રીકની ઘટના નોંધાઈ છે. ભારતમાં પાંચ વાર, બાંગ્લાદેશમાં અને શારજાહ ખાતે ૪-૪ વાર હેટ્રીકની ઘટના નોંધાઈ છે. દક્ષિણ આફ્રીકા, ઝીમ્બાબ્વે, વેસ્ટ ઈન્ડિઝમાં ૩-૩ વાર હેટ્રીક નોંધાઈ છે. જયારે પાકિસ્તાનમાં બે વાર અને ન્યુઝીલેન્ડમાં એક વાર હેટ્રીકની ઘટના નોંધાઈ છે.

અત્યાર સુધી સાત વાર એવું બન્યું છે જેમાં કોઈ બોલરે હેટ્રીક લીધી હોય અને તેની ટીમની હાર થઈ હોય.અત્યાર સુધી વન-ડે ના ઈતિહાસમાં ૪૩ વાર હેટ્રીકની ઘટના નોંધાઈ છે. જેમાં પાકિસ્તાન અને શ્રીલંકા તરફથી ૮-૮ વાર, ઓસ્ટ્રેલિયા ૬ વાર, બાંગ્લાદેશ ૫ વાર, દક્ષિણ આફ્રીકા ૩ વાર, ઈંગ્લેન્ડ ૪ વાર, ભારત ૩ વાર તેમજ ન્યુઝીલેન્ડ-ઝીમ્બાબ્વે, વેસ્ટ ઈન્ડીઝ તરફથી ૨-૨ વાર હેટ્રીકની ઘટના નોંધાઈ છે. **-કમલેશ કંસારા**

## વિશ્વનો સૌથી ખતરનાક બેટ્સમેન છે ક્રિસ ગેલ : યુવરાજ સિંહ

**ટર્નીંગ પોઈન્ટ**



આઈપીએલ ૧૧ની હરાજી દરમિયાન ક્રિસ ગેસ પર કોઈએ દાવ નહોતો લગાવ્યો. જે બાદ પંજાબે ૨ કરોડ રૂપિયામાં તેને ખરીદ્યો હતો. જે પછી ગેલે ન માત્ર આઈપીએલમાં શાનદાર બેટિંગ કરી પરંતુ બધાને એમ પણ બતાવી દીધું કે તે આજે પણ વિશ્વનો સૌથી ખતરનાક બેટ્સમેન છે. આઈપીએલમાં ગેલના દેખાવ બાદ ભારતનો સ્ટાર બેટ્સમેન અને પંજાબની ટીમનો જ સાથી યુવરાજ સિંહ પણ પ્રશંસક બની ગયો છે. યુવરાજ સિંહે ગેલને લઈ એક મોટી વાત કરી. યુવરાજે કહ્યું કે, 'હું તેની બેટિંગનો પૂરો પૂરો આનંદ લઈ રહ્યો છું. ક્રિસ મેદાનની અંદર અને બહાર પણ મારો સારો મિત્ર છે અને વિશ્વનો ખતરનાક બેટ્સમેન પણ. હું તેના પ્રદર્શનની ઘણો ખુશ છું.'

આઈપીએલની સૌથી શ્રેષ્ઠ ટીમ અંગે તેણે કહ્યું કે, ચેન્નાઈ સુપર કિંગ્સ સતત સારું પ્રદર્શન કરી રહી છે અને કોલકાતા નાઈટ રાઈડર્સ પણ સારું રમી રહી છે. મને લાગે છે કે આઈપીએલમાં આ બંને ટીમો સારી છે. યુવરાજ સિંહ આઈપીએલમાં અત્યાર સુધી ખાસ કમાલ દેખાડી શક્યો નથી. સોમવારે પણ તે માત્ર ૧૪ રન બનાવીને આઉટ થયો હતો. આઈપીએલ ૨૦૧૮માં યુવરાજ સિંહ કુલ મળીને ૫૬ બોલ રમ્યો છે. જેમાં તે માત્ર ૫૦ રન જ બનાવી શક્યો છે. હવે આગામી મેચમાં તેની ટીમમાંથી હકાલપટ્ટી પણ કરવામાં આવી શકે છે.

## બોલને સારી રીતે જોઈ શકાતા હીટ મારવાનો સારો સમય હતો : ડિ વિલિયર્સ



શનિવારનો દિવસ એબી ડિ વિલિયર્સના નામે રહ્યો હતો. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના બેટસમેને દિલ્હી ડેયરડેવિલ્સની વિરૂધ્ધ એવી ઈનિંગ્સ રમ્યા જે લાંબા સમય સુધી યાદ રખાશે. બેંગલુરૂનું એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમ ડિ વિલિયર્સે અંદાજે ૩૯ બોલ પર ૫ છગ્ગા અને ૧૦ ચોગ્ગાની મદદથી ૯૦ રનોની તાબડતોડ ઈનિંગ્સ રમ્યા. આ ઈનિંગ્સના દમ પર બેંગ્લોરે દિલ્હીને ૨ ઓવર બાકી રાખતા હરાવી દીધું. દિલ્હીએ પહેલાં બેટિંગનું આમંત્રણ આપતા ઋષભ પંત અને શ્રેયસ ઐય્યરની ઈનિંગ્સના દમ પર ૨૦ ઓવરમાં ૧૭૪ રનનો સ્કોર કર્યો હતો પરંતુ ડિ વિલિયર્સે આ સ્કોરનો જડબાતોડ જવાબ આપ્યો.

મેચ બાદ ડિ વિલિયર્સે કહ્યું કે ‘આ એ દિવસોમાંથી હતો જ્યારે તમને બોલ સારી રીતે દેખાઈ રહ્યા હોય’. તેમણે કહ્યું કે છેલ્લી બે મેચોમાં બોલને સારી રીતે હિટ કરી શકતો નહોતો પરંતુ આજે બોલ બેટ પર ઠીક રીતે આવી રહ્યો હતો. સાઉથ આફ્રિકાના આ ધાકડ બેટ્સમેને કહ્યું કે તેઓ બોલને સારી રીતે જોઈ શકતા હતા આથી તેમની પાસે શૉટ રમવાનો સારો સમય હતો.એબીડીના નામથી પ્રખ્યાત આ બેટ્સમેને કહ્યું કે જ્યારે તમે બોલ પર હાવી થાઓ તો તમે સંપૂર્ણપણે પોતાનો શૉટ રમવો જોઈએ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના દર્શક પણ ડિ વિલિયર્સનો ઉત્સાહ વધારી રહ્યાં હતા. તેના પર ડિ વિલિયર્સે બેંગલુરૂના દર્શકોનો પણ ધન્યવાદ માન્યો. તેમને દુનિયાના સર્વશ્રેષ્ઠ દર્શક ગણાવ્યા. તેમણે કહ્યું કે તેઓ આ મેદાન પર રમવાનું ઘણું પસંદ કરે છે.

ડિ વિલિયર્સના બેટ પર ‘જીનીયસ’નું સ્ટીકર લગાડેલું છે. આ અંગે પૂછવા પર તેમણે કહ્યું કે તેમણે નહીં પરંતુ તેમના સ્પોન્સરે કર્યું છે.

## ઑલિમ્પિક ગોલ્ડ મેડલ હજી મારું અધૂરું સપનું છે : મેરી કોમ

ચેમ્પિયન બૉક્સર એમ. સી. મેરી કૉમ તેની ૩૫ વર્ષની ઉંમરે પણ રમતમાંથી નિવૃત્તિ લેવાનો વિચાર બિલકુલ કરતી નથી અને તેણે કહ્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષમાં તેણે પોતાનું કેળવેલું વર્ચસ્વ ગુમાવી દેવા તૈયાર નથી.

ઑલિમ્પિક રમતોત્સવની કાંસ્યચંદ્રક વિજેતા અને પાંચ વાર વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલ તથા તાજેતરમાં કોમનવેલ્થ રમતોત્સવમાં મહિલા બૉક્સિગંનો તાજ જીતેલ મેરી કોમે તેની શક્યપણે નિવૃત્તિ બદલ થઈ રહેલા બધા અનુમાનને બાજુએ મૂકી દીધા હતા, કે જે કોમનવેલ્થ રમતોત્સવમાં તેણે ગોલ્ડ મેડલ જીતી પોતાની સિદ્ધિમાં વધારો કરવા પછી થઈ રહ્યા હતા.

"મેં મારી નિવૃત્તિની વાત ક્યારેય કરી નથી અને તે ફક્ત અફવા છે તથા તે સાંભળી મને આશ્ર્ચર્યનો આંચકો લાગ્યો હતો, એમ ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ રમતોત્સવમાંથી સ્વદેશ પાછી ફરેલ ભારતની બૉક્સિગં ટીમની મેરી કોમે અહીં પત્રકારો જોડેની વાતચીતમાં કહ્યું હતું.

મેરી કોમે બૉક્સિગંમાં ઘણી સિદ્ધિ મેળવી છે, પણ તેણે ઑલિમ્પિકનો ગોલ્ડ મેડલ હજી મેળવ્યો નથી. "ઑલિમ્પિક ગોલ્ડ મેડલ હજી મારું એક અધૂરું સ્વપ્ન રહે છે, એમ તેણે કહ્યું હતું.

બૉક્સિગંમાંથી નિવૃત્તિ અને વયનો સવાલ તેને કરવામાં આવતા મેરી કોમ છેડાઈ હતી અને તે પત્રકારને તેની જોડે બૉક્સિગં મુકાબલો લડવાની અરજ કરતી રમૂજ પણ કરી હતી.

**ભાભર તાલુકાના...**

**પાના નં.૧ ચાલુ**

જઈ શાળાની બહાર નીકળી જઈ એકસંપ થઈને ગેરકાયદેસર મંડળી રચીને આ કામના આરોપીઓએ મારી નાખવાના ઈરાદે તીક્ષ્ણ હથિયારો ધારણ કરી મેરૂભા તથા સિદ્ધરાજસિંહને લાકડી અને ધારીયા વડે ઈજાઓ પહોંચાડી અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ચકચાર મચી છે.પોલીસે ૧૬ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે સામે પક્ષે ફરીયાદી જીવણસિંહ મોતીસિંહ રાઠોડ (પૂર્વ તલાટી) ની હકીકત મુજબ કપરૂપુર ગ્રામ પંચાયતની ગ્રામસભામાં હાજર હતા તે દરમ્યાન ફરીયાદીએ કહેલ કે એજન્ડા વાંચી સંભળાવો અથવા ઠરાવ બુકમાં ઠરાવ કરો તેવી વાત કરતા આરોપીઓએ કાજુભા ગોબરસિંહ રાઠોડ, મેરૂભા કાજુભા રાઠોડ, હીરૂભા ગોબરસિંહ રાઠોડ, હાથીસીંહ કાકુસિંહ રાઠોડ, કુમારસિંહ કહળસિંહ રાઠોડ, મેતુભા ભાવસિંહ રાઠોડ, સંકુભા મફુભા રાઠોડ, મફુભા વદનસિંહ રાઠોડ, સિદ્ધરાજસિંહ દાનસિંહ રાઠોડ, મહેન્દ્રસિંહ રાઠોડ વગેરે ગેરકાયદેસર મંડળી રચી એક સંપ થઈ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે તીક્ષ્ણ હથિયાર ધારણ કરીને ધારીયા અને લાકડી વડે માર મારી અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ભાભર પોલીસે આઈ.પી.સી.કલમ ૩૦૭, ૩૧૭, ૩૨૩, ૩૨૪, ૨૯૪, ૫૦૬ (૨) ૧૪૭, ૧૪૮, ૧૪૯ અને ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**થરાદમાં...**

**પાના નં.૧ ચાલુ**

બંને બુટલેગરોએ જીપડાલા ને રિવર્સમાં લઈ પોલીસની ગાડીને નુકસાન પહોંચાડ્યું હતું છેવટે થરાદ તાલુકાના ભોરોલ રામપુરા ચાર રસ્તા પાસે પાતિયાસરા તરફ જતા રોડ પર ફરી એક વખત રિવર્સમાં ૫૦ મીટર પોલીસકર્મીની ગાડી ઘસેડી ભાગવા જતાં જીપડાલુ પણ ખાડામાં ઉતરતાં ફસાવાના કારણે બંને એ પોલીસ પર છૂટા પથ્થરો તથા લોખંડથી હુમલો કરી પોલીસકર્મી હરજીભાઈ જાંમાભાઇને ડાબા હાથ સહિત શરીરના વિવિધ ભાગો ઈજાઓ પહોંચાડી હતી. જોકે તેમ છતાં પણ પોલીસકર્મીઓએ મચક નહીં આપતા તેઓનીદૃપકડમાંથી છૂટી ને ભાગવા જતાં આગળ રહેલા એક ખેતરના દરવાજાને અથડાતા બંને બુટલેગરોને પણ ઈજાઓ થવા પામી હતી.તમામને સારવાર માટે લઇ જવાયા હતા.

જ્યારે પોલીસે તેમને પકડી લઈ તપાસ કરતાં જીપડાલામાં રહેલા પટારામાંથી ૭૩૨ બોટલ રૂપિયા ૧૯૬૮૦૦નો વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે દારૂ જીપડાલુ તથા લોખંડનો પટારો અને બે મોબાઈલ મળી રૂપિયા ૩૦૯૩૦૦ મુદ્દામાલ કબજે લઇ પુનમારામ ધુલારામ વિશ્નોઇ તથા બુધારામ ગંગારામ વિશ્નોઇ બંન્ને રહે.પુર તા.સાંચોરની સામે પ્રોહીબીશન એક્ટ તથા સરકારી ફરજમાં રૂકાવટ અને ગાડી બેદરકારીથી ચલાવી પોલીસની ગાડીને નુકસાન તથા હુમલા સહિતનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી પોલીસ બેડામાં ચકચાર ચકચાર મચી હતી.

**પાલનપુરમાં...**

**પાના નં.૧ ચાલુ**

ફ્રીઝનું કોમ્પ્રેસર ધડાકાભેર ફાટતા રસોડામાં આગ લાગી ગઈ હતી. આ ઘટના દરમિયાન જાની પરિવાર બેડ રૂમમાં સુતેલા હોવાથી મોટી જાન હાનિ થતા ટળી ગઈ હતી. જોકે સવારના સમયમાં આચાનક ભેદી અવાજ સાથે મકાનમાં આગ લાગતા સોસાયટીના સ્થાનિક રહીશોમાં ભય નું વાતવરણ છવાઈ ગયું હતું.

આ ઘટના ની જાણ થતા સ્થાનિક લોકોએ આગને ઓલવવાનો પ્રયાસ કરી અસરગ્રસ્ત પરિવારને સહી સલામત લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યો હતો. રસોડામા આગ લાગી જવાના લીધે ઘરવખરી નો સામાન બળી ને ખાખ થઇ જતા મોટું નુકશાન થવા પામ્યું હતું.પરંતુ પરિવાર નો આબાદ બચાવ થતા આસપાસ લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

**બાપલામાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમજ રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજના ના લાભો લેવા અનુરોધ કરેલ. ગ્રામસભાનું સફળ સંચાલન કીર્તિભાઇ સોલંકી દ્વારા કરવમાં આવ્યું હતું. આભરવિધિ બાપલા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી ભુરાભાઇ દ્વારા કરવામાં આવી હતી.

**કૃષિ યુનિવર્સિટી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમણે જણાવેલ કે, આપણા દેશમાં એગ્રીકલ્ચરના વિદ્યાર્થીઓ માટે પુરતા પ્રમાણમાં ગુણવત્તા સભર પ્રયોગશાળાઓ અને કાર્યશાળાનો અભાવ જોવા મળે છે. તેઓએ વ્યક્તિ વિકાસ, એન્ટ્રેપ્રીનીયોરશીપ અને તે માટેની તાલીમોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવા પર ભાર મુકયો હતો.

ડો.એન.એસ.રાઠોડે, મા.ડીડીજી (એજ્યુકેશન), આઈ.સી.એ.આર., નવી દીલ્હીએ આ યુનિવર્સિટીમાં નવી આકાર લેનાર વિદ્યાર્થીઓની કેન્ટીન ભવનનું ભૂમીપુજન કરેલ તેમજ નવી બનેલ "એકેડેમીક હોસ્ટેલ" બિલ્ડીંગનું ઉદઘાટન કરી ખુલ્લી મુકેલ. તેની સાથે સાથે યુનિવર્સિટીમાં ચાલતી જુદી જુદી મહાવિદ્યાલય, ગર્લ્સ હોસ્ટેલ, વિદ્યાર્થી હોસ્ટેલ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા કેન્દ્ર ખાતે આવેલ જુદા જુદા સંશોધન કેન્દ્રોની મુલાકાત લઈ આ યુનિવર્સિટીમાં ચાલતી જુદી જુદી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવી અને તે અંગે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.

**વડગામ તા.પં....**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

(૨) રમેશભાઈ વિ.પરમાર (૩) રતિલાલ જે.ચૌહાણ (૪) સવિતાબેન આર. બેગડીયા (૫) ભગવાનભાઈ રાઠોડનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું નાયબ ટીડીઓ ઉષાબેન જોષીએ જણાવ્યું હતું. સામાન્ય સભામાં તાલુકા પંચાયત વડગામ કચેરીના તમામ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**બાંકલી (રાજસ્થાન)...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તથા સવારે-બપોરે અને સાંજે નવકારશી (મહા પ્રસાદી) થશે.

મહોત્સવ નિમિત્તે પૂ.ગુરૂવરની પાવન નિશ્રામાં સવારે ૧૦ વાગે ચઢાવો બોલાશે જેમાં ગુરૂપૂજનનો ચઢાવો, યંત્ર વેદિકાનો ચઢાવો, સમસ્ત ગૌત્ર કુળદેવીઓની મૂર્તિ ભરવાનો ચઢાવો, મહાલક્ષ્મીજી એવં સરસ્વતી જીકી મૂર્તિ ભરવાનો ચઢાવો, ભૂમિ પૂજનનો ચઢાવો, ૯ શિલાપૂજનનો ચઢાવો તથા ક્ષેત્રપાલજી મૂર્તિ ભરવાનો ચઢાવો બોલાશે. મંગલમય કાર્યક્રમનું શુભસ્થળ-શ્રી ક્ષત્રિય ઘાંચી સમાજ સદગુરૂધામ ટ્રસ્ટ તખતગઢ રોડ, બાંકલી, તા.સુમેરપુર, જિલ્લો-પાલી રાજસ્થાન.

**૪૦૦ મી દીક્ષા...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રજોહરણ અર્પણ કરવા પૂ. દીક્ષા દાનેશ્વરી ગુરૂદેવશ્રી પધાર્યા. ક્રીકેટમાં સીકસ મારી સેન્ચ્યુરી પૂર્ણ કરાય તેમ પૂ. દીક્ષા દાનેશ્વરીએ ૬ રજોહરણ અર્પણ કરી ચોથી સેન્ચ્યુરી પૂર્ણ કરી નૂતન ઈતિહાસનું સર્જન કરતો વિશ્વ રેકોર્ડ કર્યો ૬ એ મુમુક્ષુઓ રજોહરણ પ્રાપ્ત થતા જ ઉછળતા ઉમંગ સાથે નૃત્ય કરવા લાગ્યા. આખી સંયમ વાટિકામાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

ત્યારે આ રશ્મિરત્નસૂરિ મ.સા એ જણાવ્યું કે દુનિયામાં ગિનિસ બુકમાં અનેકો રેકોર્ડસ બને છે. એ બધા ભૌતિક છે. પરંતુ દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરી મ.સા.એ ૪૦૦ મું રજોહરણ આપીને ત્યાગમાર્ગનો આધ્યાત્મિક રેકોર્ડસ કર્યો છે. જે પૂ. ગુરૂદેવને પ્રાપ્ત થયેલ ગુરૂકૃપાની પ્રસાદી રૂપ છે. દાદા ગુરૂદેવ પૂજય પ્રેમસૂરિજીની ૧૪ વર્ષ અખંડ સેવા કરી તેમનું અંતિમ રજોહરણ પ્રાપ્ત કર્યું. એ રજોહરણની ફળશ્રુતી રૂપે ૪૦૦ દીક્ષાઓ આપી રજોહરણ દાનની અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરી અને જિનશાસનમાં વિરતિ ધર્મની વિજય પતાકા લહેરાવી.....!

૪૩ વર્ષ પહેલા પ્રથમ રજોહરણ રાજસ્થાન પિંડવાડામાં અર્પણ કર્યું જેમાં ૧૦૦ મું રજોહરણ રાજસ્થાન રાણકપુરમાં અર્પણ કર્યું...૨૦૦ મું રજોહરણ પાલીતાણામાં અર્પણ કર્યું...૩૦૦ મું રજોહરણ સુરતમાં અર્પણ કર્યું અને હવે...૪૦૦ મું રજોહરણ પણ સુરતની ધન્યધરા ઉપર જ અર્પણ કર્યું.

પૂજય દીક્ષા દાનેશ્વરી '' સૂરિ પ્રેમ લબ્ધ પ્રસાદ'' પદથી વિભૂષિત બન્યા, ૪૦૦ મા રજોહરણ પ્રદાનથી દીક્ષા દાનેશ્વરીશ્રીએ પ્રેમ.ભુવનભાનુ સમુદાયનું ગૌરવ વધાર્યું. તે નિમિત્તે પૂ. ગચ્છાધિપતિ જયઘોષસૂરિજી તરફથી દીક્ષા દાનેશ્વરીને 'સૂરી પ્રેમ લબ્ધ પ્રસાદ' એવા વિશિષ્ટ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. અને ત્યારબાદ દીક્ષા દાનેશ્વરીને પ્રાપ્ત થયેલ 'સૂરી પ્રેમનું અંતિમ રજોહરણ' તેના સકલસંઘને દર્શન કરાવ્યા. સૂરીપ્રેમ અર્ધ શતાબ્દિ વર્ષ નિમિત્તે 'પ્રેમ પર્વ સેતુબન્ધ' તેમજ 'દીક્ષા દાનેશ્વરી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. દીક્ષા દાનેશ્વરીથી લિખીત ૬૦,૦૦૦ શ્લોક પ્રમાણ અવગસેટી ગ્રંથના સકલસંઘને દર્શન કરાવ્યા. ૪૦૦ મી દીક્ષાની ઐતિહાસિક ક્ષણે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના રાજયપાલ ઓ.પી કોહલી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજ્યભાઈ રૂપાણી ઉપમુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, રાજસ્થાનના ગૃહમંત્રીશ્રી ગુલાબજી કટારીયા આદી વિશિષ્ટ મહાનુભાવો તરફથી શુભકામનાઓ પ્રાપ્ત થયેલ છે.

**મહિલા ર૭૦૦૦...**

**પાના નં.૮ ચાલુ**

તેણીએ ચોરી કરી નથી પણ થેલી ઓટલે પડી હોઇ લઇ લીધી હતી અને પોતે પણ મુળ માલિકને જ શોધતી હોવાનું જણાવી સગે હાથે પરત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે થરાદની બજાર અને બેંક આજુબાજુમાંથી અનેક ખેડુત અને પ્રજાજનોનાં ખિસ્સા આવી રીતે હળવાં થવા પામ્યાં છે. પરંતુ એક વખત ગયા પછી પોલીસની ઉદાસીનતા ગણો કે જે, પણ જો તફડંચી કરતો રંગે હાથે પકડાય તો ઠીક બાકી આજ સુધી પરત આવ્યા નથી. ત્યારે થરાદના આધેડની કમાણી ખરા પરસેવાની ગણો કે કે પોલીસને કરવાની કામગીરી ખુદ ભોગ બનનાર પરિવારે કરી એમ કહો પણ મોટી સફળતા મળી હતી.જેમાં ખિસ્સુ કાપનાર યુવકના ફોટા મોબાઈલમાં લઇને પ્રેમાભાઇ હડીયલે સાત યુવકોની એક ટીમ વૉચ રાખી બેસાડી હતી. બુધવારે એક ટાબરીયો આવતાં તેને ઝડપી લઇ પોલીસને સોંપવામાં આવ્યો હતો. હોબાળો થતાં બે ભાગી ગયા હતા. તેમણે ૩૪ હજારની તફડંચીની કબુલાત કરી હતી.

**અમીરગઢ આર.ટી.ઓ....**

**પાના નં.૮ ચાલુ**

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક આર.ટી.ઓ. ઓફિસર તેમજ તેમનો સ્ટાફે ગણતરીની મિનિટોમાં જ ઘટના સ્થળે પહોંચી બસમાં ફસાયેલા પેસેન્જરોને બહાર કાઢયા હતા. અને તમામ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળે પહોંચાડવા બીજા વાહન વ્યવસ્થા કરાવી હતી. જયારે ઈજાગ્રસ્ત મુસાફરોને એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી.

**થરાદમાં ચોરી...**

**પાના નં.૮ ચાલુ**

સગાળચંદ પુરોહિત (મુળ.રહે માવસરી) બે સગા ભાઈઓના બંધ મકાનને ટાર્ગેટ બનાવી રોકડ તેમજ ચીજવસ્તુઓ મળીને અંદાજે એકાદ લાખની ઘરફોડ ચોરી કરી હતી.

જેના અઠવાડિયા બાદ થરાદના હાઈવે પરની શિવશક્તિ સોસાયટીના તારકભાઇ ભુરાભાઈ પટેલના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો તેમાંથી રોકડ તથા સોના-ચાંદીના દાગીના તેમજ ટીવી અને હોમથીયેટર મળીને અંદાજે સવા બે લાખની મત્તાની ચોરી કરી ગયા હતા.થરાદ પોલીસે અમદાવાદથી લાવેલા માલાભાઈ નાથાભાઇ દેવીપૂજક રહે. નારોલ શાહવાડી તથા કિશોરભાઈ માવજીભાઈ દેવીપૂજક રહે.રાજકોટ પરાને સાથે રાખીને પ્રાથમિક તપાસ હાથ ધરતાં તેમણે ત્રણેય મકાનોની ચોરીની કબુલાત કરી હતી તેમજ ચોરી કરવામાં તેમની સાથે સોનુભાઈ ગોવિદભાઇ દેવીપુજક રહે.ગાંધીધામ હોવાનું પણ જણાવતાં પોલીસે વધુ ચોરીઓનો ભેદ ખુલવાની આશાએ તેમને રિમાન્ડ મેળવવાની વધુ તજવીજ હાથ ધરી હતી.આ ત્રણેય શખસો ચોરી પહેલાં વિવિધ સોસાયટીઓમાં રેકી કરીને બંધ મકાનને જોઇ લેતા હતા અને રાત્રે તેમાં ત્રાટકતા હતા.શિવશક્તિ સોસાયટીમાં ચોરી કરવા તેઓ વેગનઆર કાર લઇને આવ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

**પ્રદૂષણ નિયંત્રણ ...**

**પાના નં.૮ ચાલુ**

નિયંત્રણ બોર્ડના પાલનપુર ખાતેના રિઝનલ ઓફિસર આઈ.બી.ચૌધરીને ૧૫ હજાર રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસીબીના આ વધુ એક સફળ ઓપરેશનથી લાંચિયા સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓની ઊંઘ હરામ થઇ ગઈ છે. અગાઉ ડીસાના ઇન્ચાર્જ નાયબ કલેકટર વી.કે. ઉપાધ્યાયને લાંચ લેતા ઝડપી લેવાયા બાદ એસીબીની ટીમે વધુ એક મોટા ઓપરેશનને સફળ રીતે પાર પાડી સપાટો બોલાવી દીધો છે.

**શાળાઓમાં ફી...**

**પાના નં.૮ ચાલુ**

સ્કૂલો દ્વારા ફી ના નામે ચલાવાતી ઉઘાડી લૂંટ સામે એન.એસ.યુ.આઈ. અને વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવ્યો હતો. સરકારે ફી નિયમનનો કાયદો ઘડયા બાદ ૩૦મી માર્ચ,૨૦૧૭ના રોજ ગુજરાત વિધાનસભામાં ફી નિયમન કાયદો પસાર કરાયો હતો. ફી નિયમન કાયદાના નિયમો પણ ગત વર્ષે ૭મી એપ્રિલે જાહેર કરાયા હતા. અને ૨૫ એપ્રિલ, ૨૦૧૭ થી આ નવા કાયદાનો અમલ શરૂ કરાયો હતો. પરંતુ હજુ સુધી બનાસકાંઠામાં આ કાયદાનો અમલ થતો નથી અને આજે પણ બનાસકાંઠાની ખાનગી શાળાઓના સંચાલકો વિદ્યાર્થીઓ પાસેથી ફીના નામે બેફામ નાણાં પડાવી રહ્યા છે ત્યારે આજે એન. એસ.યુ.આઈ અને વિદ્યાર્થીઓએ પાલનપુર ખાતે કલેકટર કચેરી આગળ ધરણા યોજી સરકાર સામે બળાપો ઠાલવ્યો હતો અને સરકાર બેવડુ વલણ અપનાવતી હોવાના ગંભીર આક્ષેપો પણ કર્યા હતા.

**અંબાજી નજીક...**

**પાના નં.૮ ચાલુ**

ગુંદા, કરમદા જેવી જંગલી વનસ્પતિ પણ નાશ પામી રહી હોઇ આ વિસ્તારના રહીશો ચિંતિત બની રહ્યા છે.આ ઘટનાના પગલે ફોરેસ્ટ વિભાગની ટિમ તેમજ ગ્રામજનોએ સાથે મળી આ દાવાનળને ઓલવવાના પ્રયત્નો હાથ ધર્યા છે.જોકે આ વિકરાળ આગ હજુ સુધી કાબુમાં આવેલ નથી.ત્યારે આ દાવાનળના પગલે જીવજંતુ અને વનસ્પતિને થતું નુકશાન અટકાવવા સરકાર દ્વારા આ આગને ઓલવવા માટે વિના વિલંબે યોગ્ય પગલાં લેવાય તેવી માંગણી રહીશો કરી રહયા છે.

**પાલનપુરના...**

**પાના નં.૮ ચાલુ**

જો કે, આ વિસ્તારમાં લોકોને નગરપાલિકાના ટેન્ડર મારફતે પાણી પુરૂ પાડવા માટે નગરપાલિકાની પાણી પુરવઠા શાખાને રજુઆત કરવા છતાં પાણી પુરવઠો આપવામાં ન આવતા લોકોને પીવાના પાણી માટે રઝળપાટ કરવાની ફરજ પડી હતી. આમ છેલ્લા એક અઠવાડીયાથી લોકો પાણી માટે પોકારો પાડી રહ્યા છે તો બીજી બાજુ ગણેશપુરામાં આવેલ પાણીના ટાંકાના વાલ્વમાં ખરાબી સર્જાતા પાણી પુરવઠા શાખા દ્વારા ટાંકામાં રહેલ પાંચ લાખ લીટર જેટલું પીવાનું પાણી રોડ ઉપર છોડી મુકતા લાખો લીટર પાણીનો વેડફાટ થયો હતો. અને ભર ઉનાળે જાહેર રસ્તા ઉપર નદીઓના ઘોડાપુર ઉમટ્યા હતા. આમ એકબાજુ પીવાના પાણી માટે લોકો ફાંફા મારી રહ્યા છે. તો બીજી બાજુ પાલિકાના અણઘડ વહીવટથી લાખો લીટર પાણી નકામું વહી જતાં લોકોમાં પાલિકાના રેઢિયાળ વહીવટ સામે રોષની લાગણી છવાઈ હતી.

# ૨૦૧૯નો વર્લ્ડ કપ જીતવા માટે કોહલીના સુકાન હેઠળ ભારત ફેવરિટ : સેહવાગ

ભારતના ભૂતપૂર્વ ઓપનર વીરેન્દર સેહવાગનું માનવું છે કે ૨૦૧૯માં ઇંગ્લૅન્ડમાં યોજાનારો વન-ડેનો વર્લ્ડ કપ જીતવા માટે વિરાટ કોહલીના સુકાન હેઠળની ભારતીય ટીમ ફેવરિટ કહેવાશે.

ભારતના બે વિશ્ર્વકપના ખેલાડી રહી ચૂકેલા વીરુનું એવું પણ કહેવું છે કે વિરાટની કેપ્ટન્સીમાં ભારતીય ટીમ બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં મજબૂત હોવાથી આ વર્ષના પાછળના ભાગમાં ઑસ્ટ્રેલિયા જશે ત્યારે ત્યાં પહેલી વાર વિદેશી સિરીઝ પણ જીતી શકે એમ છે.

સેહવાગે અહીં એક પ્રમોશનલ ઈવેન્ટમાં કહ્યું હતું કે 'વિરાટના નેતૃત્વવાળી ભારતીય ટીમમાં બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં બહુ સારા કૉમ્બિનેશન્સ છે અને એવું સૌરવ ગાંગુલીના યુગમાં ક્યારેય નહોતું બન્યું. વર્તમાન ટીમ ૨૦૧૯ના વિશ્ર્વકપ ઉપરાંત વિદેશી ધરતી પર ટેસ્ટ-શ્રેણી જીતવા પણ સક્ષમ છે. મારા સમયમાં ભારત પાસે ઝહીર ખાન, શ્રીનાથ, અજિત આગરકર અને આશિષ નેહરા હતા, પરંતુ તેઓ ૨૦૦૩ની સાલને બાદ કરતા ક્યારેય ભેગા નહોતા રમ્યા. જોકે, અત્યારની ટીમ પાસે ફુલ્લી ફિટ થઈને રમે એવા ઘણા સારા બોલરો એકસાથે રમી શકે એમ છે.'

# સનરાઈઝર્સ હૈદરાબાદનું બોલિંગ આક્રમણ સર્વશ્રેષ્ઠ : ફોકનર

ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર જેમ્સ ફોકનરનું માનવું છે કે આઈપીએલની વર્તમાન ૧૧મી સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદનું બોલિંગ-આક્રમણ સર્વશ્રેષ્ઠ છે.

હૈદરાબાદના બોલરોમાં ભુવનેશ્ર્વર કુમાર, રશીદ ખાન, ક્રિસ જોર્ડન, સિદ્ધાર્થ કૌલ, શાકીબ અલ હસન, સંદીપ શર્મા, બિલી સ્ટેનલેકનો સમાવેશ છે. દીપક હૂડા અને મોહંમદ નબી ટીમના પાર્ટ-ટાઈમ બોલરો છે.ફોકનરના મતે ભુવનેશ્ર્વર અત્યારે સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે અને ટીમનો રિસ્ટ સ્પિનર રશીદ ખાન અત્યારે ટી-ટ્વેન્ટી જગતમાં સર્વશ્રેષ્ઠ મનાય છે

# ભારત હવે ફક્ત એક-બે ખેલાડી પર આધાર રાખતું નથી : કોચ ગોપીચંદ

મુખ્ય રાષ્ટ્રીય કોચ પી. ગોપીચંદે ભારતીય બેડ્મિન્ટને છેલ્લાં કેટલાંક વર્ષમાં કરેલી પ્રગતિ બદલ આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે રાષ્ટ્રની ટીમનો હવે ફક્ત એક કે બે ખેલાડી પર આધાર રહેતો નથી.

ભારતની ટીમે તાજતેરમાં ઑસ્ટ્રેલિયામાં ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ રમતોત્સવમાં ઐતિહાસિક ટીમ ગોલ્ડ મૅડલ જીત્યા હતો અને તે ઉપરાંત, અન્ય પાંચ ચંદ્રક પણ પ્રાપ્ત કર્યા હતા.

"ટીમ ગોલ્ડ મૅડલની આપણે ક્યારેય કલ્પના કરી ન હતી અને તે આપણી ટીમના સારા દેખાવના કારણે શક્ય બન્યો હતો કે જે માટે હું બહુ ગર્વ કરું છું, એમ ૪૪ વર્ષના ગોપીચંદે કહ્યું હતું. ગોપીચંદે કહ્યું હતું કે અગાઉના સમયમાં ટીમમાં એક કે બે ખેલાડી સારા હતા, પણ હવે ટીમના દરેક સભ્યનો ફાળો રહે છે.

કોમનવેલ્થ રમતોત્સવમાં સાઈનાએ હરીફાઈ જીતી ગોલ્ડ મૅડલ મેળવ્યો હતો અને સિંધુના ફાળે રજતચંદ્રક આવ્યો હતો.

# શિખર ધવન ઈજાગ્રસ્ત : હવે પછીની મેચો રમવા પર સસ્પેન્સ

આઈપીએલની અત્યાર સુધીની સીઝન ખેલાડીઓની ઈજાના કારણે ચર્ચામાં રહી છે ત્યારે હવે આ યાદીમાં નવુ નામ સનરાઈઝ હૈદરાબાદના ઓપનર શિખર ધવનનુ જોડાઈ ચુક્યુ છે. મોહાલીમાં ગુરુવારે કિંગ્સ ઈલેવન પંજાબ સામે રમાયેલી મેચ દરમિયાન બેટિંગ કરવા સમયે ધવનને ઈજા થઈ હતી, જેના કારણે તેણે મેદાન છોડવુ પડયુ હતું. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે શિખર ધવન આગામી કેટલીક મેચ ગુમાવી શકે છે. શિખર ધવનને ઈનિંગની પ્રથમ મેચમાં જ બરિંદર શરનના બોલ પર ઈજા થઈ હતી. ધવને શોટ રમવા પ્રયત્ન કર્યો હતો પરંતુ બોલ સીધો તેના હાથ પર વાગ્યો હતો. પરિણામે તાત્કાલિક ફિઝિયોને બોલાવવા પડયા હતા. તેમજ શિખરે રીટાયર્ડ હર્ટ થવુ પડયુ હતું. ડેવીડ વોર્નર ટીમમાંથી બહાર થયા બાદ હૈદરાબાદની ટીમ અત્યારે ઘણા ખરા અંશે શિખર ધવન પર નિર્ભર છે તેમજ અત્યારે તે શાનદાર ફોર્મમાં પણ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં શિખર ધવનની ઈજા તેના સમર્થકો માટે ચિંતાનુ કારણ બની શકે છે. આ પહેલા ચેન્નાઈ સુપરકિંગ્સનો કેદાર જાધવ ઈજાના કારણે આઈપીએલની સમગ્ર સીઝનમાંથી બહાર થઈ ગયો છે. જ્યારે સુરૈશ રૈના, મુરલી વિજય જેવા ખેલાડીઓ પણ ઈજાનો સામનો કરી રહ્યા છે.

# રશીદ ખાન વિશ્ર્વનો શ્રેષ્ઠ લેગ-સ્પિન બોલર છે : ડીન જોન્સ

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બેટ્સમેન ડીન જોન્સે અફઘાનિસ્તાનની ટીમના રશીદ ખાનની પ્રશંસા કરતા કહ્યું હતું કે તે વિશ્ર્વમાં શ્રેષ્ઠ લેગ-સ્પિનર છે તથા તે બંને દિશામાં બોલને સ્પિન કરી શકે છે. ૧૯ વર્ષીય રશીદ આઈ. પી. એલ. (ઈન્ડિયન પ્રીમિયર લીગ)માં સવરાઈઝર્સ હૈદરાબાદ (એસ. એચ.)ની ટીમ વતી રમે છે અને તેણે આ ધનિક સ્પર્ધામાં અત્યાર સુધીમાં ત્રણ મેચમાં ભાગ લઈ બે વિકેટ ઝડપી છે.

"યુઝવેન્દ્ર ચહલની અવગણના ન કરતા હું રશીદ ખાનનો ખાસ ચાહક છું. હું અફઘાનિસ્તાનની ટીમનો કોચ રહી ચૂક્યો છું અને જાણું છું કે તેમાં ક્રિકેટનો કેટલો કસબ છે, એમ રશીદ અને ચહલ વચ્ચે કોણ વધુ શ્રેષ્ઠ છે એમ પૂછવામાં આવતા બ્રોડકાસ્ટર તરીકે અહીં આવેલ જોન્સે અહીં કહ્યું હતું. જોન્સે કહ્યું હતું કે રશીદ પાસે બોલને બંને બાજુએ ટર્ન કરવાની આવડત છે તથા તે પોતાનો 'ગૂગલી' બોલ ફેંકવા બોલને જુદી જુદી ચાર રીતે પકડે છે. જોન્સ અફઘાનિસ્તાનની રાષ્ટ્રીય ટીમનો કોચ રહી ચૂક્યો છે.

જોન્સે કહ્યું હતું કે દિવસે દિવસે પ્રગતિ કરી રહેલો ચહલ ઘણો સારો બોલર છે, પણ રશીદ તેની સરખામણીમાં વધુ ઉત્તમ છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ..................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

### યુવીએ આપ્યા નિવૃત્તિના સંકેત

# વર્લ્ડ કપ બાદ નિવૃત્તિ અંગે વિચાર કરીશ : યુવરાજ સિંહ



દરેક ખેલાડીએ ક્યારેકને ક્યારેક નિવૃત્તિનો નિર્ણય લેવો પડતો હોય છે, મારે પણ વિચારવું પડશે : યુવરાજ

દિગ્ગજ ભારતીય બૅટ્સમૅન યુવરાજસિંહે સ્પષ્ટતા કરી છે કે આગમી વર્ષે ઈંગ્લેન્ડમાં યોજાનાર આઈસીસી વર્લ્ડકપ બાદ તે નિવૃત્તિ અંગે જાહેરાત કરી શકે છે. યુવરાજસિંહે પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ જુન ૨૦૧૭માં રમી હતી. યુવરાજસિંહે જણાવ્યુ હતું કે હું ૨૦૧૯ના વર્લ્ડકપ સુધી રમવા અંગે વિચારી રહ્યો છું.

આ માટે હું કોઈપણ સ્તરનુ ક્રિકેટ રમવા તૈયાર છું. વર્લ્ડકપ બાદ હું નિવૃત્તિ અંગે ગંભીરતાથી વિચાર કરીશ. ૩૬ વર્ષીય લેફ્ટી બેટ્સમેને જણાવ્યુ હતું કે લગભગ હું બે દાયકાથી ભારત માટે રમી રહ્યો છું અને કોઈને કોઈ દિવસ નિવૃત્તિ તો લેવી પડશે જ. દરેકે ક્યારેયને ક્યારેક તો આ નિર્ણય લેવો પડતો હોય છે. મેં ૨૦૦૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનુ શરુ કર્યુ હતું.

ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની હતી. હવે ૨૦૧૯માં હું ૩૭ વર્ષનો થઈ રહ્યો છું, જેથી નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. યુવરાજસિંહે આઈપીએલ અંગે વાત કરતા જણાવ્યુ હતું કે અમારી ટીમ કિંગ્સ ઈલેવન પંજાબનુ પ્રથમ લક્ષ્ય સેમીફાઈનલ માટે ક્વોલીફાય કરવાનુ છે.

યુવરાજસિંહે જણાવ્યુ હતું કે સૌથી પહેલા અમે અંતિમ-૪માં સ્થાન મેળવવા પ્રયત્ન કરીશું. મારા મતે આ વખતે અમારી પાસે ખૂબ જ શાનદાર ટીમ છે. અમારી પાસે મજબુત બેટિંગ ક્રમ છે અને બોલિંગ પણ ખૂબ સારી છે. અમે પહેલા સેમીફાઈનલમાં પહોંચવા માટે પ્રયત્ન કરીશું. ત્યારબાદ જોઈશુ કે આગળ શુ થઈ શકે છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૯૦
**સીગતેલ ૫ લી. ૪૭૦**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૯૦૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૧૦૦-૩૩૦૦**
**ખાંડ એમ. ૩૪૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૨૫૦-૩૩૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૬૦૦-૧૦૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૧૦૦૦-૧૦૫૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૨૦
**ભીંડા ૫૦૦-૬૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૧૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૭૦૦
બાદશાહ બટાકા ૩૦૦-૩૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

રખેવાળ

# પાટણમાં જીપને ટક્કર મારી અજાણ્યો વાહન ચાલક ફરાર

પાટણ

પાટણના હાઈ- વે ચાર રસ્તા પાટણ- સિધ્ધપુર રોડ પર આવેલ નવજીવન હોટલની સામે હારિજના કોઈ ઈસમે પોતાની જીપ પાર્ક કરી હતી. ત્યારે ગત શનિવારે રાત્રે કોઈ અજાણ્યા વાહન ચાલકે જીપના પાછળના ભાગે ટક્કર મારતા મોટુ નુકસાન થયું હતું. જો કે ટક્કર કયા વાહન ચાલકે મારી તે નક્કી થઈ શક્યું ન હતું. હારિજ નજીકના ગંગાપુરા ગામે રહેતા રાવતાજી ઠાકોર પોતાની જીપ લઈને પાટણ કોઈ કામકાજ અંગે આવેલ અને રાત્રે જીપ નવજીવન હોટલ સામે મુકી કોઈ મિત્રને ત્યાં ગયા હતા. જોકે આ અંગે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાવામાં આવી ન હતી.

## પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

મહેસાણા

મહેસાણા જિલ્લા કલેકટર કચેરીમાં પ્રભારી સચિવ ધનંજય દ્વિવેદીના અધ્યક્ષ સ્થાને સુજલામ સુફલામ જળ અભિયાન અને આરોગ્ય સેવા અંગેની સમીક્ષા બેઠક યોજાઇ હતી.જેમાં પ્રભારી સચિવશ્રીએ જળ અભિયાન બાબતે વિવિધ સુચનો કર્યા હતા. આરોગ્યની સેવાઓ સરળથાથી મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા કરવા પણ સુચનો થયા હતા. બેઠકમાં જિલ્લા કલેકટર એચ.કે.પટેલ,નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિત જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

## મેવડમાં દારૂ ઢીંચીને આવેલા શખ્સ દ્વારા દંપતિ પર હુમલો

મહેસાણા

મહેસાણાના મેવડ ગામ ખાતે દારૂ પીને આવી દંપતિને અપશબ્દ બોલી માર મારવા બાબતે ત્રણ ઈસમો વિરૂધ્ધ મહેસાણા તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાઈ છે. જાણવા મળતી વિગતો અનુસાર મેવડના નરેશ રમણભાઈ સેનમાએ ગામના લક્ષ્મણભાઈ મફાભાઈ, દલીબેન મફાભાઈ અને મફાભાઈ સામે ગત રવિવારે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યાા અનુસાર આરોપી લક્ષ્મણભાઈ સેનમા ગત રવિવારે દારૂ પીને નરેશભાઈ સેનમાના ઘરે આવી અપશબ્દો બોલતો હતો, તેને અપશબ્દો બોલવાની ના પાડતાં તેને નરેશભાઈ અને તેની પત્નિ પર હુમલો કરી ઈજા કરતા મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## સિધ્ધપુર તાલુકાના વાઘણા ગામે ઘન કચરાના વ્યવસ્થાપન માટેના સાધનોનું વિતરણ કરાયું

પાટણ



તા.૧૪-૦૪-૨૦૧૮ થી તા.૫-૫-૨૦૧૮ સુધી ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત દિવસની ઉજવણી નિમિતે સિઘ્?ધપુર તાલુકાના વાઘણા ગામે ઘન કચરાના વ્યવસ્થાપન માટે રૂા.૧.૪૦ લાખના ટ્રાઈસીકલ, પુશ કાર્ટ, કન્ટેનર વગેરે સફાઈના સાધનોનું વિતરણ તેમજ રૂ. ૪.૦૦ લાખના સેગ્રીગેશન શેડ અને કમ્પોસ્ટ પીટના કામોનો લોકાપર્ણ જિલ્લા વિકાસ અધિકારીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વચ્છ ભારત દિવસ ઉજવણીના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વાઘણા ગામજનોને સંબોધન કરતા જણાવ્યું કે, ઘન કચરા વ્યવસ્થાપન પ્રોજેકટ વાઘણા ગામે અમલી બન્યો છે ત્યારે વાઘણા ગામની તમામ શેરીઓ અને ગલીઓમાંથી સફાઈ કામદારો દ્વારા ઘરે ઘરે ફરીને સુકો અને લીલો એમ બે પ્રકારનો કચરો એકઠો કરવામાં આવશે. આ તમામ સફાઈ કામદારોની આગવી છબી ઉભી થાય તે માટે તેઓને ટોપી અને એપ્રોન આપવામાં આવેલ છે. સફાઈ કામદારો દ્વારા આ બંને પ્રકારના કચરાને સેગ્રીગેશન શેડમાં લઈ જઈ સખીમંડળની બહેનોની મદદથી લીલા અને સુકા કચરાનું વગીકરણ કરવામાં આવશે. ત્યાર બાદ લીલા કચરાને કમ્પોસ્ટ પીટમાં એકઠો કરી તેનું વર્મી કમ્પોસ્ટ ખાતરમાં રૂપાંતર કરવામાં આવશે. આમ કચરામાંથી ખાતરમાં રૂપાંતર સ્વરૂપ વાઘણા ગ્રામ પંચાયત આવતા દિવસોમાં એક નવીન આવક સ્ત્રોત ઉભો કરવા જઈ રહયો છે. વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આરોગ્યને પણ મહત્વ આપતાં જણાવ્યું કે, સારૂ આરોગ્ય હોવું એ ખુબજ જરૂરી છે. અને સારૂ આરોગ્ય એ સુખી જીવનનું પ્રથમ પગથીયું છે. આ પ્રોજેકટથી ગામને ગંદકી અને કચરાથી મુકત કરી સમગ્ર ગ્રામજનો સારૂ આરોગ્ય મેળવે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ધાનેરા** | | ઘઉં | ૨૯૧-૪૮૫ |
| એરંડા | ૭૬૫-૭૭૮ | એરંડા | ૭૬૪-૭૯૦ |
| રાયડો | ૬૫૦-૭૨૭ | રાયડો | ૬૨૫-૭૭૦ |
| ઘઉં | ૨૯૬-૩૮૦ | રાજગરો | ૭૫૦ |
| બાજરી | ૨૫૧-૨૯૦ | મેથી | ૪૮૦-૫૪૧ |
| ગવાર | ૭૫૬ | ગવાર | ૬૮૦-૭૬૦ |
| સુવા | ૭૫૧-૮૫૬ | બાજરી | ૨૦૦-૨૭૨ |
| રાજગરો | ૮૦૦-૯૧૮ | જુવાર | ૮૫૦ |
| જીરૂ | ૨૬૫૨-૨૯૧૧ | જવ | ૨૪૬-૨૮૮ |
| વરી. | ૧૦૦૦-૧૨૧૫ | સવા | ૭૫૨-૭૭૦ |
| અજમો | ૧૬૦૧ | કપાસ | ૮૩૮-૮૬૮ |
| ઈસ. | ૧૧૦૫-૧૪૩૦ | **પાટણ** | |
| અન્ય | ૭૪૧ | જીરૂ | ૨૪૫૦-૨૯૪૯ |
| **થરા** | | વરી. | ૧૦૦૦-૧૬૭૧ |
| જીરૂ | ૨૪૫૦-૩૧૪૧ | મેથી | ૪૦૦-૬૫૦ |
| એરંડા | ૭૬૪-૭૮૮ | સુવા | ૭૫૦-૯૧૦ |
| રાયડો | ૬૫૦-૭૧૦ | રાયડો | ૬૫૦-૭૬૨ |
| ઘઉં | ૩૦૪-૪૩૦ | એરંડા | ૭૫૦-૭૮૧ |
| ગવાર | ૬૬૫-૬૬૬ | અજમો | ૫૦૦-૧૧૧૧ |
| બાજરી | ૨૪૫-૨૭૩ | ઘઉં | ૩૦૩-૪૪૨ |
| સુવા | ૭૬૫-૮૪૩ | બાજરી | ૨૩૬-૨૫૭ |
| **સિદ્ધપુર** | | ંબંટી | ૩૪૨ |
| જીરૂ | ૨૨૫૩-૨૩૩૧ | ગવાર | ૭૩૩-૭૩૮ |
| વરી. | ૧૦૬૩-૧૪૨૫ | કપાસ | ૬૫૦-૧૬૫૦ |
| ઈસ. | ૧૧૫૧-૧૧૯૪ | | |

# પાટણ સીટી સર્વેનું ઈ-ધરા કેન્દ્રમાં સ્ટાફના અભાવે અરજદારોને ધરમ ધક્કા

પાટણ

પાટણ સીટી સર્વે કચેરી ભદ્ર વિસ્તારમાંથી ખસેડી કોલેજ રોડ પર નવીન બનાવેલ બિલ્ડીંગમાં શીફ્ટ થતાં ભદ્ર વિસ્તારના લોકોને પ્રોપર્ટી કાર્ડ સહિતની સીટી સર્વેની કામગીરી અર્થે છેક કોલેજ રોડ પર જવું ન પડે તે માટે પાટણ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે શરૂ કરાયા બાદ મોટા ભાગે બંધ હોવાથી અરજદારને ધરમ ધક્કા ખાવા પડતા હોવાની બૂમરાડ ઉઠવા પામી છે.

મામલતદાર કચેરીમાં કાર્યરત કરવામાં આવેલા અર્બન ઈ-ધરા કેન્દ્રની માહિતીથી બિલકુલ અજાણ એવા પાટણ મામલતદાર ભગોરા સમક્ષ ઓન લાઈન પ્રોપર્ટી કાર્ડની નકલ મેળવવા આવેલ અરજદાર કે.એસ. સુપડીયા દ્વારા ગત શુક્રવારે રજુઆત કરાતા તેઓએ આ મામલે પાટણ સીટી સર્વે શાળાના સુપ્રિન્ટેન્ડેન્ટ ડી.બી. પટેલનો ટેલિફોન ઉપર સંપર્ક કરી હકીકત મેળવતા તેવો પણ ઉપરોક્ત કેન્દ્રની કામગીરી બાબતે કઈ જાણતા ન હોવાથી તેઓ દ્વારા સિટી સર્વેના અન્ય અધિકારી ડાભીનો સંપર્ક કરવા જણાવતા મામલતદાર દ્વારા તેમનો સંપર્ક કરવા તેઓએ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે સિટી સર્વે દ્વારા શરૂ કરવામાં આવેલ અર્બન ઈ-ધરા કેન્દ્રમાં ઓનલાઈન કનેકિટવિટી મળતી ન હોવાનું જણાવ્યું હતું. આમ ઈ-ધરા ઓન લાઈન પ્રોપર્ટી કાર્ડની નકલ સહિત સીટી સર્વેની કામગીરી અર્થે આવતા અરજદારોને ખોટા ધક્કા ખાવા ન પડે તે માટે યોગ્ય કરવાની મામલતદાર દ્વારા ખાત્રી આપવામાં આવી છે.

# એસ.ટી. ડેપો મેનેજરને નવા સમયપત્રક, રૂટના ફેરફારની સત્તા આપવા માંગ

ચાણસ્મા

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા જે તે વિભાગીય કચેરી નીચે આવેલ તમામ એસ.ટી.ડેપોનું બસ સંચાલન જે તે વિભાગીય કચેરીની સીધી દેખરેખ નીચે કરવામાં આવે છે અને જે તે ડેપોના મેનેજર પાસે નવો એસટી રૂટ શરૂ કરવા બસના સમય પત્રકમાં ફેરફાર કરવા અને ચાલુ રૂટમાં જરૂર જણાય ફેરફાર કરવાની તમામ સત્તા આપવામાં આવતી નથી.

પરિણામે સ્થાનિક લોકોની જરૂરિયાત મુજબ તેમજ ભૌગોલિક પરિસ્થિતિની અવગણના કરી આડેધડ સમયપત્રાકમાં ફેરફાર કરી દેવાની લાંબા સમયથી ચાલતી પ્રક્રિયાને કારણે એસ.ટી.તંત્ર નફો કરવાને બદલે નૂકસાન વેઠી રહ્યું છે. પરિણામે રાજ્ય સરકાર હવે આગામી દિવસોમાં એસ.ટી.નું ખાનગીકરણ કરવા જઈ રહ્યું હોય તેવું જણાય છે.

રાજ્યના જે તે એસ.ટી. ડિવીઝન નીચે આવેલા તમામ એસટી ડેપોનું સંચાલન વિભાગીય કચેરીના આદેશથી જ કરવામાં આવે છે. પરિણામે વર્ષોથી ચાલી આવતા એસટી સમયપત્રાકમાં કેટલાક ડેપોમાંથી એક જ રૂટ પર એક જ સમયાંતરે બસ ઉપડે છે. તેના કારણે પુરતુ ટ્રાફિક મળતું નથી, પ્રવાસન સ્થળો પર એસ.ટી. સમયપત્રાક, બસસ્ટેન્ડ, પાણી- લાઈટની સગવડોનો અભાવ તેમજ કેન્ટીનની સગવડ ન હોવાના કારણે ટ્રાફિકમાં ઘટાડો જોવા મળે છે, જેથી એસટી ડેપો મેનેજરને રૂટના ફેરફારની સત્તા આપવી જોઈએ.

# રાધનપુર તાલુકાના ચલવાડામાં મહિલાઓને પશુપાલન અંગે માર્ગદર્શન અપાયું

રાધનપુર




રાધનપુર તાલુકાના ચલવાડા ગામે ધ ચલવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે મંગળવારે બનાસ ડેરી દ્વારા ચાલતા વી.એમ.એસ.વાર્ષિક સમીક્ષા પ્રોગ્રામ અંતર્ગત ડો.સની એસ.પટેલ,જયાબેન એન.દેસાઈ, તથા જશીબેન જે.ચૌધરી દ્વારા ૬૦ જેટલી મહિલા પશુપાલકોને વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન કેવી રીતે કરવું તથા બીજદાન, રસીકરણ, ચરમનાબૂદી, ઉથલા મારવાના પ્રશ્નો તથા તેનું નિવારણ અને સ્વચ્છ દૂધ ઉત્પાદન કેવી રીતે કરવું જેવા મુદ્દાઓ ઉપર વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. પ્રોગ્રામના અંતે મફતમાં મિનરલ મિક્ચર પાવડરનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી પશુપાલકોને મિનરલ મિક્ચર પાવડરના ફાયદાની જાણકારી મળે.

# પાટણમાં લાલ દરવાજાથી રાજકાવાડાના રસ્તા પર ટ્રાફિકથી અકસ્માતનો ભય

પાટણ

પાટણમાં લાલ દરવાજાથી રાજકાવાડા-ધનસીપીર તરફ જવાના માર્ગ પર રોજીંદી ટ્રાફિક સમસ્યાથી સ્થાનિક લોકો પરેશાન થઈ ઉઠ્યા છે. લાલ દરવાજા પાસે રોજ સાંજે ભરાતા મીની શાકભાજી બજારમાં બે રીતનો ટ્રાફિક રહે છે કે ત્યાંથી દિવચક્રી વાહન લઈને પસાર થવું હોય તો નિકળી શકાય નહિં, આ લાલ દરવાજાની બહાર લારી-ગલ્લાના દબાણો પણ વધ્યા છે. આ બાબતે પાલિકા દ્વારા કોઈ કડક કાર્યવાહી થતી નથી. લોકોને અકસ્માતનો ભય જણાય છે.

જ્યારે રાજકાવાડા રોડ પર કાયમી ટ્રાફિક જોવા મળે છે. અમુક વેપારીઓ રસ્તાની સાઈડ પર પોતાના વાહનો પાર્ક કર્યા પછી છેક મોડી સાંજે તે વાહનો લઈ જાય છે. સાંકડા રોડના કારણે અન્ય વાહન ચાલકોને પરેશાન થવું પડે છે, આજ વિસ્તારમાંથી ધનસીપીર જવાના રસ્તે પણ દબાણની સમસ્યા જોવા મળે છે. કાયદાનો જાણે ડર જ ન હોય તે રીતે દબાણો કરવામાં આવે છે ત્યારે ધનસીપીરથી ગોલવાડના નાકે જવાનો રસ્તો પણ દબાણોથી પેક હોય છે. આ સંદર્ભે પાલિકાના સત્તાવાળાઓ દ્વારા તપાસ ચલાવી બિનઅધિકૃત દબાણો દૂર કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# હારિજમાં અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં રાહદારી વૃદ્ધ ઘાયલ

હારિજ

હારિજમાં ચોકીદારી કરવા જઇ રહેલા ૭૦ વર્ષિય વૃદ્ધને અજાણ્યા વાહને ટક્કર મારતા તેઓને શરીરના ભાગે નાની મોટી ઇજાઓ અને ફ્રેકચર થયુ હતું. આ અંગે હારિજ પોલીસ મથકે વૃદ્ધે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

હારિજના ભરવાડવાસમાં રહેતા ૭૦ વર્ષિય રઘુભાઇ લેબાભાઇ ભરવાડ તેઓ ગુરૂવારે સાંજે હારિજ-રાધનપુર હાઇવે ઉપર ગેસના ગોડાઉન ચોકીદાર તરીકે કામ કરે છે. ત્યાં તેઓ ચોકી કરવા નીકળ્યા હતા. તેઓ હાઇવે પર ચાલતા જઇ રહ્યા હતા દરમિયાન હારિજ સરકારી જીન સામે રોડ ઉપર કોઇ અજાણ્યા વાહન ચાલકે તેમને પાછળથી તેઓને ટક્કર મારતા તેઓ નીચે પડી જતાં તેઓને માથાના ભાગે, બંને આંખ તેમજ મોઢાના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી. જ્યારે ઢીંચણ નીચે ફ્રેક્ચર થયુ હતુ.

અકસ્માત સ્થળ પર લોકોએ દોડી આવી તેમના ભત્રીજા પોપટભાઇ ભરવાડને જાણ કરતા તેઓ આવીને ૧૦૮માં સરકારી દવાખાને હારિજ ખાતે લઇ જઇ સારવાર સારૂ દાખલ કરી પ્રાથમિક સારવાર કરીને વધુ સારવાર માટે પાટણમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ અંગે વૃદ્ધે પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

# રાધનપુર નગરપાલિકાની કારોબારીની પ્રથમ બેઠકમાં પીવાના પાણીના પ્રશ્ને સઘન આયોજન

### ઝોન વાઈજ પાણીની ઊંચી ટાંકીઓ અને સંપ બનાવશે

રાધનપુર




રાધનપુર નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા આવ્યા બાદ કારોબારી કમિટીની પ્રથમ બેઠકમાં પીવાના પાણીના પ્રશ્ને સઘન આયોજન કરવામાં આવ્યું હતું,અને શહેરના અલગ-અલગ ઝોન પાડીને ઝોનવાઈજ પાણીની ઊંચી ટાં-કીઓ અને સંપ બનાવી પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા આયોજન કરાયું હતું.આ ઉપરાંત જ્યાં નવી પાણીની ટાંકીઓ અને સંપ બન્યા છે ત્યાં પાઈપલાઈનથી જોડાણ આપવા ઉપરાંત ચારેબાજુ વરંડા બનાવવાના ઠરાવો પણ કરવામાં આવ્યા હતા.

પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી. પરમારના અધ્યક્ષસ્થાને અને પાલિકાના સદસ્યો હરદાસ ભાઇ આયર, સવિતા બેન શ્રીમાળી, ગણેશભાઈ ઠાકોર, લાસુબેન મકવાણા, કલીબેન ઠાકોર, મંજુલાબેન ઠક્કર, રસુલભાઈ તેમજ ચીફ ઓફીસર રૂડાભાઈ રબારી, પાણીપુરવઠા સુપર વાઈઝર વિક્રમભાઈ ભોજક, આર.સી. ગજ્જર સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં ઝોનવાઈજ પાણીની ટાંકીઓ અને સંપ બનાવવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. જેમાં રામનગર, ગોઠવાડ, ભરવાડ વાસ-ઠાકોરવાસ-રવિધામને આવરી લે તે રીતે એમ ઝોનવાઈજ ટ્યુબવેલ, પાણીની ઊંચી ટાંકીઓ અને સંપ બનાવવાના ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિઠ્ઠલનગરમાં સંપ બનાવવામાં આવશે. અન્ય કામોમાં પાલિકાના મકાનના બીજા માળે હોલ બનાવવો,જે વિસ્તારોમાં પાકા રસ્તાની જરૂરિયાત છે, ત્યાં સી.સી.રોડ બનાવવા, પાણીની પાઈપ લાઈનો બદલવી, ડી.આઈ. પાઈપો નાખવી, નગરપાલિકા ના કન્સલ્ટન્ટની કામગીરીની સમીક્ષા કરાવી,૧૪માં નાણાપંચ અંતર્ગત બહાર પાડવામાં આવેલા ટેન્ડરો બાબતે નિર્ણય કરવો, શહેરમાં જ્યાં સ્ટ્રીટલાઈટો નથી ત્યાં થાંભલા નાખીને સ્ટ્રીટલાઈટો નાખવી જેવા મહત્વના મુદ્દાઓ બાબતે ઠરાવો કરવામાં આવ્યા હતા.

# બાકરપુરાના યુવક પર સગીરાને ભગાડી જવાની બાબતે હુમલો

મહેસાણા

વિસનગર તાલુકાના બાકરપુરાના યુવકને પુદગામ નજીક લઈ જઈ સગીરાને ભગાડી જવાની તકરારમાં ઢોર માર મારતા ચકચાર મચી જવા પામી છે, આ અંગે દસ વ્યક્તિ સામે વિસનગર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે

જાણવા મળતી વિગતો અનુસાર બાકરપુરાના ઈશ્વર ભાઈ મણીલાલ ચૌધરીએ ગામના દશરથભાઈ બાબુલાલ પટેલ સહિત ૧૦ વ્યક્તિ તેમજ અન્ય ઈસમો સામે વિસનગર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી ગામની સગીરાને ભગાડી ગયો હતો અને પોલીસ સ્ટેશનમાં સગીરાને સોંપાતા યુવક તેની માસીના ઘરે ગોકળગઢ ગયો હતો. જેથી આરોપીઓ ગોકળગઢ ગયેલ અને યુવકને કહેલ કે તારે પોલીસ સ્ટેશને હાજર થવાનું છે જેથી યુવક તેમની સાથે ગયેલ ત્યારે આરોપીઓએ પુદગામ નજીક આરોપીઓએ યુવકને ધોકાથી માર મારેલ આ બાબતે વિસનગર તાલુકા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ ચલાવેલ છે.

# મહેસાણા જિલ્લામાં વિદેશી દારૂના ૪૧૮૧ કેસમાં ૬૪ પો.કર્મી વિરૂધ્ધ તપાસ

મહેસાણા

મહેસાણા જિલ્લાની સંકલન સમિતિની ગત માર્ચ દરમિયાન મળેલી બેઠકમાં પુછાયેલા પ્રશ્નમાં વિદેશી દારૂનું કટીંગ મોટા પ્રમાણમાં થતું હોવાનું સામે આવેલ. છેલ્લા ૧૪ મહિના દરમ્યાન ૪ હજારથી વધુ દારૂના કેસોમાં ૬૪ પોલીસ કર્મચારીની ભૂમિકા શંકાસ્પદ હોવાનું માની તેઓના વિરૂધ્ધ તપાસ શરૂ કરેલ છે. જેમાં કેટલાક કર્મીને રૂા. ૫ હજારથી ૧૦ હજારની એસ.સી.એન. અપાઈ છે.

મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનું ઉત્પાદન સહિતની વિગતો સંદર્ભે સંકલન સમિતિની બેઠકમાં પ્રશ્ન પુછાયો હતો. જેના જવાબમાં તંત્રએ ગેરકાયદેસર દારૂ- બિયરના ઉત્પાદનનો છેદ ઉડાવી વર્ષ ૨૦૧૭ થી ફેબ્રુઆરી ૨૦૧૮ દરમ્યાન પકડાયેલા કેસોની વિગતો આપી હતી. જેમાં વિદેશી દારૂના કુલ ૪૧૮૧ કેસો શોધી લેવામાં આવ્યા હતા.

મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તેવા કિસ્સામાં ૬૪ પોલીસ કર્મચારીઓ ફરજમાં બેદરકાર રહ્યા હતા. જેથી તેમની વિરૂધ્ધ પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક તપાસના અને એક પીએસઆઈ વિરૂધ્ધ ખાતાકીય જયારે ૧ પીએસઆઈને ૫ હજારની એસ.સી.એન. આપવામાં આવી છે. આ સાથે અન્ય ૧૩ કર્મચારીઓને પણ દંડકીય રકમ ભરાવી શિક્ષાત્મક પગલા લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

# પાટણમાં બગવાડા પોલીસ ચોકી આગળ ટ્રાફિક સમસ્યા ગંભીર બની

પાટણ

પાટણમાં બગવાડા દરવાજા પાસે બગવાડા પોલીસ ચોકી આવેલ છે. તેની આગળ જ પરચૂરણ સામાન વેચતી લારીઓની કતાર લાગેલી હોય સવારે શાકભાજીની લારીઓથી રસ્તા પર શાકભાજીનો કચરો ફેંકવામાં આવે છે. આ પોલીસ ચોકી નજીક વાદી સોસાયટી સહિત અસંખ્ય ધંધાર્થીઓની દુકાનો આવેલી છે. પરંતુ સ્વચ્છતા અભિયાન બરાબર ન થવાના કારણે જયાં ત્યાં કચરાના ઢગલા જોવા મળે છે. બગવાડા ચોકી પાસે જ ટ્રાફિક થતાં અકસ્માતનો ભય રહ્યા કરે છે. આમ શહેરના મુખ્ય રોડ પર લારી ગલ્લા ખડકાતા ક્યારેક અહીંથી ચાલીને નિકળવું મુશ્કેલ બને છે અને તેમાંય રિક્ષાવાળાઓની ઝડપી દોડાદોડીથી કોઈને અડફેટે લેવાની તેમની આદત રોજીંદી બની ચુકી છે. આમ બગવાડા પોલીસ ચોકી પાસે જ ટ્રાફિકની સમસ્યાને કેમ નિવારી શકાતી નહિં હોય ?

# પોલીસ સહિત સુરક્ષા વ્યવસ્થામાં જોડાવવા નિવાસી તાલીમ વર્ગ શરૂ થશે

મહેસાણા

વિવિધ લશ્કરી દળો સહિત સુરક્ષા વ્યવસ્થામાં જોડાવવા માટે નિવાસી તાલીમ વર્ગ શરૂ થનાર છે. જે બી.એસ.એફ.ના ચાર મથકો ભુજ, ગાંધીધામ, દાંતીવાડા અને ગાંધીનગર ખાતે ૩૦ દિવસની તાલીમ આપવાનું આયોજન કરાયું છે.

સદર તાલીમ વર્ગમાં જોડાવવા માગતા અરજદારોએ ૭ દિવસમાં જિલ્લા રોજગાર કચેરી, મહેસાણાનો જરૂરી પ્રમાણપત્રો સાથે સંપર્ક કરવો.

વધુ માહિતી માટે જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.